
# વિદાયની વેળા

रतनचन्द भारिल्ल



# ૧

સૂર્ય અસ્તાચલ ભણી ઢળી રહ્યો હતો અને પોતાના સિંદૂરી કિરણોથી ગગનમંડલમાં લાલિમા વિખેરતો પશ્ચિમ દિશાના પહાડી સૌંદર્યની શોભામાં અભિવૃદ્ધિ કરી રહ્યો હતો. આમેય પહાડી પ્રદેશ પોતાની રીતે કંઈ ઓછો સુંદર ન હતો પણ સૂર્યના કિરણોથી તે વધારે ને વધારે આકર્ષક લાગવા માંડ્યો હતો.

સૂર્ય ઢળી જતા તેના તાપથી લોકોને મુક્તિ મળી હતી, તેઓનો શારીરિક સંતાપ તો ઓછો થયો હતો પણ માનસિક પીડાથી તેઓ હજુપણ પરેશાન હતા. કારણ વિષય કષાય અને રાગ-દ્વેષમાં રચી-પચી વિભિન્ન રૂચિઓવાળી વ્યક્તિઓના ઉઠવા બેસવાથી, એકસાથે રહેવાથી પારિવારીક પરિવેશમાં ઉત્પન્ન થતાં કષાયોને કારણે મનસંતાપ થયા વગર રહેતો નથી.

જેમ બે પથ્થરોના આપસમાં ટકરાવાથી તણખાનું ઝરવું સ્વાભાવિક છે તેમજ બે વ્યક્તિઓના સ્વાર્થ અને કષાયોની અથડામણથી રાગ-દ્વેષના તણખાનું ઝરવું પણ સ્વાભાવિક જ છે, કે જે મનસંતાપની જન્મદાત્રી છે.

આખરે પરિવાર વચ્ચે કોણ મોઢા પર પટ્ટી બાંધી મોઢું બંધ રાખી મૌન પાળી બેસી રહી શકે છે ? જો કોઈ ચુપ રહેવાનો

પ્રયત્ન પણ કરે તો પણ તે તેની નારાજીનું પ્રતીક બની રહે. માટે પારિવારિકજનો વચ્ચે વ્યક્તિઓનું બોલવું આવશ્યક છે અને મજબુરી પણ છે.

જ્યારે એક સ્થાને રાખેલા અચેતન વાસણો પણ ટકરાવાથી ખખડ્યા વગર રહેતા નથી ત્યારે સચેતન પ્રાણી પણ બોલ્યા વગર કેમ રહી શકે? માટે વાતો કરવી પણ સ્વાભાવિક છે અને વાતવાતમાં વાતનું વતેસર થવું પણ અસ્વાભાવિક તો નથી જ.

કયારેક કયારેક તો વાત એટલે સુધી વધી જાય છે કે લોકો હુંસા-તુસી પર ઉતરી પડે છે અને એક બીજાના બાપ-દાદા સુધી પહોંચી જાય છે. પછી કષાયનું ચક્ર એટલું તીવ્ર ગતીએ ઘુમવા માડે છે કે નાના મોટાનું ભાન પણ રહેતું નથી કે નથી રહેતી કોઈની માનમર્યાદાની દરકાર. બસ, ભલું માનો કે તેઓ મારામારી પર ઉતરી પડતાં નથી, નહી તો તે પણ અસંભવ નથી!

આવા પ્રસંગો દિવસમાં એકવાર નહી પણ ઘણીવાર બનતા રહે છે, કારણ પરિસ્થિતીઓનું પરાધીનપણું, વિષયોનો અનુરાગ અને મોહની ઝાપટ તેમને વારંવાર સમજુતી કરવા ફરજ પાડે છે, માટે સમજુતી પણ થતી રહે છે અને બોલચાલ પણ ચાલુ રહે છે.

આ તથ્યથી એટલું તો નિશ્ચિત થયું કે ઝઘડા લાંબા સમય ચાલતાં નથી પણ આવી પળોજણથી પણ લોકો છુટકો મેળવવા માગે છે, ભલે ને થોડો સમય માટે કેમ ન હોય? માટે સાંજ પડતાંની સાથે જ બધી સેવાનિવૃત વ્યક્તિઓ પોત પોતાની મિત્ર મંડળી સાથે અને પ્રૌઢો તથા યુવકો પોતપોતાના પરિવારો સાથે ફરવા બાગ-બગીચા તરફ નીકળી પડે છે.

તે દિવસે પણ 'એક પંથ દો કાજ' ની કહેવતને સાર્થ કરતાં બધા લોકો પહાડી સૌંદર્ય છટા જોવાં નીકળી પડ્યાં હતાં. મારા માટે એ સ્થાન સાવ નવું જ હતું, માટે હું તે પહાડી સૌંદર્યની અનુપમ છટા જોવાનો લોભ રોકી નહી શક્યો તેથી કોઈ સાથી ન હોવા છતાં હું એકલો તે ઉપવનમાં જઈ પહોંચ્યો, જ્યાંથી તે દૃશ્ય સ્પષ્ટ દેખાતું હતું. પાંચ સાત મીનીટોમાં તે સુરમ્ય ઉપવનમાં ચિંતન-મનન અને ધ્યાન કરવા યોગ્ય શાંત અને એકાન્ત સ્થળ જોઈ એક સ્થાનપર બેસી ગયો.

થોડા સમય બાદ ત્યાં બે વૃદ્ધ વ્યક્તિઓ આવી પહોંચી અને મારાથી માત્ર દસ પગલાં દૂર લીલોતરીવાળી જગ્યા શોધી પગ ફેલાવી બેસી ગઈ અને જમાનાને દોષ દેવા લાગી ગઈ. તેઓ કોઈ વાર મોંઘવારીનું ગાણું ગાતા તો ક્યારેક વર્તમાન શિક્ષણ પદ્ધતીના દોષ શોધી દુઃખ વ્યક્ત કરતા. તો વળી કોઈવાર નેતાઓના શિથિલાચાર પર ચર્ચા કરતા તો ક્યારેક નોકરશાહીના ભ્રષ્ટાચાર પર ગુસ્સામાં તેઓની મા-બહેન અને દીકરીને સંબોધી પોતાની જબાન ગંદી કરતા. વળી ક્યારે પોતાના ઘરની રામકહાણી સંભળાવતા તો ક્યારે ઘર-ઘરની વાતો લઈ બેસતા. આમ તેઓ સમય પસાર કરતા હતા. આ પ્રમાણે ઘરની-બહારની, રાજ-કાજની, આડોસી-પાડોસીના ગુણદોષ જ તેઓની વાતચીત અને શોધ-ખોળના વિષયો બન્યા હતા. માનો કે તેની પાસે આ શિવાય કરવા જોગું બીજું કોઈ કામ જ ન હતું.

જેમના પગ કબરમાં લટકે છે (જેમના લાકડાં સ્મશાને પહોંચી ગયા હોય) જેમને જમરાજનું કહેણ મળી ચુક્યું હોય, જેમના માથાના સફેદ વાળ મૃત્યુનો સંદેશો લઈ આવી ચૂક્યા હોય,

જેમના અંગેઅંગ શિથીલ થઈ ગયા હોય અને જેઓ માત્ર થોડાજ દિવસના મહેમાન હોય, સગા-વહાલા પણ જેઓની ચીર વિદાયની માનસિક તૈયારી કરી ચુક્યા હોય તેઓને પોતાની અન્તિમ વિદાયની મહત્વપૂર્ણ ક્ષણોમાં પણ શું પોતાના પરલોક વિષયે વિચાર કરવાને બદલે આવી વ્યર્થ વાતો માટે સમય છે? આવું વિચારીને મારૂં મન પણ વિષાદ પામવા માડ્યું. મારો આત્મા-પરમાત્મા તત્વ-ચિંતન અને ધ્યાન ધરવાનો વિચાર તો એક બાજુએ રહી ગયો અને મારા મનમાં વિકલ્પો ઉઠવા માંડ્યા. "આખરે શી રીતે સમજાવવા આ વૃદ્ધ લોકોને કે તમે તમારો અમૂલ્ય સમય આવી વ્યર્થ વાતોમાં શા માટે વેડફી રહ્યા છો? શા માટે પથ્થર પર માથું પછાડો છો? આવી વાતોથી દુનિયામાં કોઈ પરિવર્તન લાવી શકાશે નહી. તમારો જ મનુષ્યભવ બગડી જશે. શું તમારા આ બધા વિકલ્પો વ્યર્થ નથી? અહીં બેસી આ વાતોથી શો સાર નિકળશે? આ તો એવું અરણ્ય રૂદન છે કે જેને પશુ-પંખી અને જંગલી જાનવરો વગર બીજું કોઈ નહી સાંભળે.

આ તો માત્ર સમયની બરબાદી જ નથી બલકે આવી વાતોથી આર્ત-રૌદ્ર રૂપી ખોટું ધ્યાન થવાથી તે દુર્ગતીનું કારણ પણ બને છે.

આમ તો બધાનું કર્તવ્ય છે કે પોતે જ્ઞાતા-દ્દષ્ટા બની રહે, કારણ કે બધાજ શાંત અને સુખી થવા માગે છે. આનંદથી રહેવા માગે છે. પરંતુ વૃદ્ધ લોકોનું માત્ર એકજ મુખ્ય કર્તવ્ય છે કે જે કંઈ થઈ રહ્યું છે તેના તેઓ એક માત્ર જ્ઞાતા દ્દષ્ટા જ બની રહે તેમાં રૂચિ ન લે, રાગ-દ્વેષ ન કરે. કારણ કે તેઓ હજી પણ સાચા સુખનો ઉપાય નહી અપનાવે તો ક્યારે અપનાવશે? પછી તેઓને

આ સુવર્ણ અવસર ક્યારે પ્રાપ્ત થશે? તેઓનો તો પોતાના આગલા જન્મ-જન્માંતરો વિષે વિચાર કરવાનો સમય આવ્યો છે. તેઓ તેના વિષે કેમ નથી વિચારતા ?

આ જીવનને સુખી કરવા તેમજ જગતને સુધારવા તેઓએ આજ સુધી શું નથી કર્યું ? બાળપણ, યુવાની, અને વૃદ્ધત્વ ત્રણે અવસ્થા એની જ ઘડ-ભાંગમાં પસાર કરી. પણ થયું શું? તે બધા રેતીના ઘરોજ સાબીત થયાં કે જે બનાવતા-બનાવતા જ ઢળી પડ્યાં અને આપણે બધા હાથ ઘસતા જ રહી ગયા. છતાં આ બધાથી વૈરાગ્ય શા માટે ન આવ્યો ?

આવા વિચારો કરતા મારો પૂરો એક કલાક વીતી ગયો. એ લોકો ક્યારે ઉઠીને ચાલ્યાં ગયા તેની કશીજ ખબર ન પડી. હું તેઓને કંઈ કહેવા માગતો હતો પણ કશુજ કહી ન શક્યો. મનની વાત મનમાં ધરબી હું પોતાના સ્થાને જતો રહ્યો.

## ૨

બીજે દિવસે હું તે જ બેંચ પર બેસી વિચારોના વમળમાં કોઈ કલ્પનાલોકમાં ભ્રમણ કરતો હતો કે ન જાણે તેઓ બન્ને ક્યારે આવી મારી સામેની બેંચપર બેસી પોતાના વિતેલા જીવનની ચોપડીના પાના ફેરવવા લાગ્યા.

પણ જ્યારે તેઓનો અવાજ મોટો થયો કે મારૂં ધ્યાન ભગ્ન થયું. જાણે કે તેઓને મારી ઉપસ્થિતીની કંઈ દરકાર ન હતી કે ન કોઈ સંબંધ-પણ મને તેઓની વાતોમાં ઉંડો રસ હતો. કારણ ભોગવ્યા વગર જ તેઓના જીવનના ખાટાં-મીઠાં અને કડવા અનુભવોનો લાભ મને મળી રહ્યો હતો.

મને મારી જગ્યાએજ બેઠાંબેઠાં તેઓની વાતો સ્પષ્ટ સંભળાતી હતી. આજે તેઓની વાતોનો વિષય રોચક તેમજ મનોરંજક હતો. તેઓ બન્ને પોતપોતાની નિંદા કરતાં હતાં. પોતાના દોષોની સમીક્ષા કરતાં હતાં. માટે હું તેઓની વાતો એકધ્યાને સાંભળવા લાગ્યો.

પહેલાં વૃદ્ધ બોલ્યો 'ભાઈ! ભલે મારૂં નામ સદાસુખી હોય પણ જીવનમાં મેં દુઃખો જ ભોગવ્યાં છે. શી ખબર જ્યોતિષીએ મારૂં નામ સદાસુખી શું વિચારી પાડ્યું હશે?

બીજા મિત્રે સદાસુખીની હા માં હા ભણતા કહ્યું 'તમે બરાબર કહો છો, આ જ્યોતિષી કઈ બલાનું નામ છે ? જુઓને કોઈ જ્યોતિષીએ મારૂં નામ 'વિવેકી' પાડ્યું છે, જ્યારે મારા જીવનમાં મારાથી એકેય કામ વિવેકથી નથી થયું. મારૂં દરેક પગલું અવિવેકી હતું. પહેલી ભૂલ તો એ છે કે મેં પરિવાર નિયોજન પર જરાએ ધ્યાન નથી આપ્યું અને એક પછી એક લગાતાર સાત સંતાનો થયા. તેથી એકનું પણ સરખું લાલન પાલન થઈ ન શક્યું કે ન કોઈ દેખરેખ. ભલા! કોઈ સાત સાત સંતાનોને કેવી રીતે સાચવી શકે? ધંધો-પાણી જુએ કે તેઓની સાર-સંભાળ રાખે ? અને ઘરવાળી તો બચારી ઘરકામમાંથી જ ઉંચી નથી આવતી. રસોઈ-પાણીમાં અટવાઈ રહેતી.

બીજું, હું પોતે પણ વધારે ભણી ન શક્યો અને પોતાના સંતાનોને પણ કાંઈ વિશેષ ભણાવી ન શક્યો. ધંધો પણ એવો પસંદ કર્યો કે જીવનભર મરવાની પણ ફુરસદ ન મળે. કંદોઈ અને હોટલનો ધંધો પણ કાંઈ ધંધો છે? જાણે કે આ ધંધામાં એક ના બે થાય છે પણ આવી કમાણી પણ શા કામની કે જેમાં હિંસા ને હિંસા જ હોય, અને લોકોના સ્વાસ્થ્ય સાથે રમત રમવી પડે?

સદાસુખી એ પુછ્યું 'સ્વાસ્થ્ય સાથે રમત વળી કેવી ?''

વિવેકીએ જવાબ આપ્યો 'અરે ભાઈ! આ ધંધો જ ખોટો છે. જ્યારે મિઠાઈ વાસી થાય તો અમે લોકો ફરીથી તે મિઠાઈમાં કંઈ નવું ભેળવી તાજી મિઠાઈનું સ્વરૂપ આપીએ છીએ અને થાળીઓમાં સજાવી ગોઠવી દઈએ અને તાજી મિઠાઈને નામે તેને વેચીએ છીએ. મહીનાના વાસી મેંદા ને બેસન અને સસ્તા અને હલકાં ઘી-તેલ વિગેરેથી કામ ચલાવવું પડે છે. કોમ્પીટીશનનો

જમાનો છે ને ? તેથી પાપી પેટ માટે બધા ઉંધા-ચત્તા કામ કરીએ છીએ. સાચું પૂછો તો ભલા માણસો માટે આ મિઠાઈ ચાખવા યોગ્ય હોતીજ નથી. પણ શું કરીએ ? બીજો કોઈ ઉપાય જ નથી. સવારે પાંચથી તો રાત્રે બાર વાગ્યાં સુધી એવી સખત ડ્યુટી ભરવી પડે છે કે ન સવારે પુજા-પાઠ માટે સમય મળે કે ન સાંજે સ્વાધ્યાય અને મનન ચિંતનની ફુરસદ. આખી જીંદગી આવી રીતે ઘાંચીના બળદની જેમ કામમાં જોતરાઈ પસાર કરી નાખી.''

* ❖ *

ભલે તમે એને માનવી મનોવિજ્ઞાન કહો કે માનવી નબળાઈ ખરી વાત તો એજ છે કે મોટાભાગના લોકો બીજાઓની ઘટનાઓ સાંભળી પોતે પોતાના જીવનની ઘટનાઓ સંભળાવવા ઉત્સુક જ નહી પણ આતુર પણ થઈ જાય છે. અને કોઈ કોઈ વાર તો ભાવવશ થઈ ન કહેવા જેવી વાતો પણ કહી નાખે છે. જેનાથી વાદ-વિવાદ વધે એવી વાતો પણ કહેવી પોતાને રોકી નથી શકતા.

સદાસુખીની પણ આવીજ સ્થિતી હતી. તે પણ વિવેકીની વાતો સાંભળી પોતાના જીવનની એક દુઃખદ ઘટના સંભળાવવાથી પોતાને રોકી ન શક્યો.

ઘટનાની ભૂમિકા બનાવતા તેણે કહ્યું, ''એમાં કોઈ શંકા નથી કે રાષ્ટ્રહિત, પરિવાર કલ્યાણ અને આત્મોદ્ધારની દ્દષ્ટિએ પરિવાર વધારી અને આજીવિકાની પસંદગી કરવામાં તમે ભૂલ કરી છે. પણ પારિવારીક અને આર્થિક પરિસ્થિતિઓને વશ થઈ આવી ભૂલો કરવી એ અસ્વાભાવિક તો નથી જ આથી તમને પશ્ચાતાપ અને દુઃખ તો થઈ શકે છે પણ આ બાબત લોકનિંદા અને દંડને પાત્ર અપરાધોની કક્ષામાં નથી આવતી.

ભાઈ! મારાથી તો જીવનમાં એક એવો અક્ષમ્ય અપરાધ થયો કે જેને હું પોતે પણ યુગો-યુગો સુધી ભૂલી શકીશ નહી અને આ અપરાધ માટે મારા દીકરાઓ મને જેટલું પણ કષ્ટ આપે તો પણ હું તેને પોતાના અપરાધનું પ્રાયશ્ચિત માની ખુશીથી સહન કરીશ. બસ, આજ કારણથી મારા ઉપર થઈ રહેલ મારા દીકરાઓના દુર્વ્યવહારથી મને કશુંજ દુઃખ નથી.

હું વિચારૂ છું "સારૂ થયું! મારા અપરાધની સજા મને આ જીવનમાં જ મળી રહી છે. જે લોકોએ મારા માતાપિતાની તેમજ મારી પેઢી જોઈ છે તેઓએ મારી આ ઘટનાથી અવશ્ય કોઈ બોધપાઠ લીધો હશે.

હું મારા એ અપરાધને ગાઈ-વગાડી સંભળાવવા માગું છું કે જેથી ભવિષ્યની પેઢીઓ પણ તેમાંથી કંઈ બોધપાઠ લઈ શકે અને પછી કોઈ પણ પોતાના માતા-પિતા સાથે મેં કર્યો તેવો જઘન્ય અપરાધ નહી કરે."

વિવેકી બોલ્યો, "કંઈ કહેશો કે પછી આવી જ ગોળ-ગોળ વાતો કરતા રહેશો. ગાણું તો ઘણું ગાયું હવે કંઈ કહો તો ખરા."

સદાસુખી બોલ્યો, "હા હા કહીશ, ચોક્કસ કહીશ અને જોર જોરથી કહીશ જેથી આખી દુનિયા સાંભળે અને બોધપાઠ લે. પણ વિવેકી સમજી ગયો કે જ્યાં સુધી આના મનનો ઉભરો પૂરે પૂરો ખાલી નહી થાય ત્યાં સુધી તેનું મન મોકળાશ નહી અનુભવે અને ત્યાં સુધી તે પેલી ઘટના નહી કહી સંભળાવે માટે તે તેણે ચુપચાપ સાંભળી લીધી.

સદાસુખીએ પોતાની વાત આગળ વધારતા કહ્યું, "ભાઈ! માત્ર નામ સદાસુખી પાડવાથી થોડું કોઈ સુખી થવાય છે? સુખ શાંતી પામવા આપણે કામ પણ એવા જ કરવા જોઈએ કે જેનાથી સુખની પ્રાપ્તિ થાય. મેં મારા જીવનમાં એવું કોઈ જ કામ કર્યું નથી. હું તો રાતદિવસ માત્ર પૈસા કમાવા પાછળ જ પડ્યો હતો. ખરી રીતે હું એમજ માની બેઠો હતો કે પૈસો જ સુખનું સાધન છે. પૈસાથી બધા સુખો મેળવી શકાય છે. પણ હવે મારો એ ભ્રમ ભાંગ્યો છે. પૈસો ઘણું બધું કરે છે પણ બધુંજ નહી. હવે હું પોતે પ્રત્યક્ષ જોઈ રહ્યો છું કે આજે મારી પાસે શું નથી? કરોડોની અસ્થાવર-સ્થાવર સંપત્તિ છે, અતૂટ આવકનો શ્રોત છે પણ પાપનો ઉદય થવાની સાથે જ એ બધી સંપત્તિ જોતજોતામાં આપત્તિ બની ગઈ. કોઈ એક વાત હોય તો કહું, શું શું કહું ? જ્યારે શાંતીથી બેસીશું ત્યારે બધું સંભળાવીશ. અત્યારે મારા મનમાં અજંપો છે અશાંતિ છે.

આજે આપણે આપણા પુત્રો પાસેથી સેવા અને સદ્‌વ્યવહારની આશા રાખીયે છીએ પણ આપણે એ પણ વિચારવું જોઈએ કે કયારેક આપણે પણ કોઈના પુત્ર હતા. શું આપણા માતા પિતાએ પણ આપણી પાસેથી એવી આશા-અપેક્ષા રાખી નહી હોય?

હૃદય પર હાથ રાખી આપણા અંતરાત્માને પૂછો કે આપણે તેઓની સાથે કેવું વર્તન રાખ્યું હતું. કેટલી સેવા કરી હતી. આપણે તેઓના કેટલાં આજ્ઞાકારી પુત્રો હતા? જો જવાબ નકારાત્મક હોય તો આપણે પણ આપણાં દીકરાઓ પાસેથી એવી કોઈ આશા-અપેક્ષા રાખવી ન જોઈએ.

પુત્રો સામાન્ય રીતે માતા પિતાનું અનુકરણ કરતાં હોય છે ને ? તેઓ બાલપણમાં જેવું જુએ તેવું જ વિચારે, કારણ બાળકોનો સ્વભાવ અનુકરણશીલ હોય છે.

સદાસુખીના લાંબા ભાષણથી વિવેકીની જીજ્ઞાસા વધું જાગી. તેણે અધીરા થઈને કહ્યું "ભાઈ સદાસુખી આ બધું તો જાણે સમજ્યાં. તમારી એકએક વાત લાખ-લાખની છે પણ તે મૂળ વાત તો કરો જેની તમે આટલી લાંબી ભૂમિકા તૈયાર કરી રહ્યા છો. આખરે એવો તે કેવો અનર્થ થયો જેનો તમને આટલો પશ્ચાતાપ થાય છે?"

સદાસુખીએ કહ્યું "ભાઈ! આ વાત તો પશ્ચાતાપ જેવીજ છે. પણ બીજું દુઃખ એ વાતનું છે કે તેઓના જીવતાં મને મારી આટલી મોટી ભૂલ ન સમજાઈ નહી તો તે જ સમયે પશ્ચાતાપના આસુંઓથી તેમના ચરણો ધોઈ મારા અપરાધો કંઈક અંશે ઓછા કર્યાં હોત. આમ કહેતા સદાસુખી બૈરાની જેમ જોર જોરથી રડી પડ્યો.

સદાસુખીને વધારે પડતો લાગણીશીલ જોઈને વિવેકીએ કહ્યું "ભાઈ! વીતી વાતોને યાદ કરીને હવે આમ આંસૂ વહાવવામાં કોઈ ફાયદો નથી. હવે તો તે વીતી વાતોને ભૂલવામાંજ સાર છે.

કોઈએ યોગ્ય જ કહ્યું છે કે

**"જે વીત્યું તે વિસારી દે, આગળનું કંઈ સોચ"**

ભૂલનું પુનરાવર્તન ન થવા દેવામાંજ સૌથી મોટું પ્રાયશ્ચિત છે. માટે ભૂલ ને ભૂલી જાઓ, વર્તમાન ને સાચવી લ્યો, ભવિષ્ય એની મેળે સચવાઈ જશે.

સદાસુખીએ આંસૂ લૂછતાં કહ્યું, "પુનરાવર્તનનો તો હવે પ્રશ્ન જ નથી રહેતો પણ....

"પણ શું" વિવેકીએ પુછ્યું.

સદાસુખીએ કહ્યું, "એજ કે હવે તેઓ આ દુનિયામાં રહ્યાં નથી"

"અહીં ન સહી તો જ્યાં પણ હોય ત્યાં સુખી હશે. કારણ જેમનું મૃત્યુ સમાધિપૂર્વક હોય છે, સમતાપૂર્વક હોય છે. તેઓ તો હંમેશ સુખીજ હોય છે." વિવેકીએ આગળ ચલાવ્યું. "તમારા જ કહ્યાં મુજબ તમારા માતા-પિતાનું મૃત્યુ પણ સમાધિપૂર્વક થયું હતુ માટે તેઓને તો નિશ્ચિત જ ઉત્તમ ગતિ પ્રાપ્ત થઈ હશે."

હું તો તમારી તે ઘટના જાણવા માગું છું જેને કારણે તમે આટલા દુઃખી છો, જો તમને વાંધો ન હોય તો જણાવો, કહેવાથી તમારૂં મન પણ હળવું થશે."

સદાસુખીએ દુઃખી મનથી પોતાની કહાણી સંભળાવવાનો પ્રારંભ કર્યો. "હું મારા માતા પિતાને એકનો એક દીકરો હતો, તે તેમના ભવિષ્યની આશા હું એકમાત્ર જ હતો. તેઓએ મારી પાસેથી ભવિષ્યની ઘણી અપેક્ષાઓ રાખી હતી. અનેક પ્રકારના સોનેરી સપના મનમાં ધરબી રાખ્યાં હતાં. તે કારણે તેઓ મારી બધીજ આકાંક્ષાઓ પૂરી કરવા સદૈવ તત્પર રહેતા. ત્યારે પણ ઘરમાં પૈસાની અછત ન હતી માટે જ્યારે જે માગું તે મને મળતું. પણ આનું પરિણામ સારૂં ન નિવડ્યું. એક મોટા બાપના એકના એક દીકરામાં જે દુર્ગણો આવવાની શકયતા હોય છે તે બધા દુર્ગુણો મારામાં આવી ગયાં.

જેમ જેમ વખત વીતતો ગયો તેમ તેમ તેઓ વૃદ્ધ થતા ગયાં અને હું જુવાન બનતો ગયો. તેઓ પોતાની ખરાબ ટેવોથી વિરક્ત થવા માંડ્યા અને હું ખરાબ ટેવોમાં સંડોવાતો-ગુંથાતો ગયો. તેઓની રહેણી-કરણી ગ્રામીણ હતી, મને નવા જમાનાની હવા લાગી ચૂકી હતી. છતાં પિતાજીએ કારખાનાઓની પૂરેપૂરી જવાબદારી મને સોંપી દીધી હતી અને માતાએ ઘરની બધી ચાવીઓ મારી ધર્મપત્નીને પકડાવી દીધી હતી. ત્યાર બાદ તો તેઓ માતાપિતાને નાતે અમને ખરી સલાહ આપવાની પવિત્ર ભાવનાથી જ અમારી સાથે વાતચીત કરતા. પિતાજી મને એક સલાહ આપવાની સદ્ભાવનાથી જીવનનો અમૂલ્ય સમય ઓફીસમાં આવી પોતાના જીવનના અમુલ્ય અનુભવોનો મને લાભ આપતા ત્યારે ત્યારે મારા માતાજી મારી ધર્મપત્નીને પોતાના અનુભવોનો લાભ આપવા માંદગીની હાલતમાં પણ રસોડામાં પહોચી જઈ જુદી જુદી વાનગીઓ બનાવી ખવડાવવા માગતાં હતાં. પણ તે સમયે અમારી બુદ્ધિ એવી બહેર મારી ગઈ હતી કે અમોએ તેઓની ભાવનાઓની કંઈ કદર કરી નહીં અને તેઓની પવિત્ર ભાવનાઓનો અનાદર કર્યો.

એક વખત તો અમારાથી એવો અક્ષમ્ય અપરાધ થયો કે તેને તેઓ જીવ્યાં ત્યાં સુધી ભૂલી ન શક્યા કે નહી અમે જીંદગીભર ભૂલી શકીશું

વિવેકીએ પુછ્યું, ''એવો તો કેવો અપરાધ થયો કે તમે કદિ ભૂલી નહી શકો ?''

સદાસુખીએ પશ્ચાતાપનાં આંસુઓથી પોતાના અપરાધોનું પ્રક્ષાલન કરતાં કહ્યું, ''વાત જાણે એમ બની કે મારા પિતાજી

ગામડિયા પહેરવેષમાં-ધોતિયું, પહેરણ અને માથે સાફો બાંધી ખુરશીપર પગ રાખી બેસતાં હતાં. મારા મિત્રો આવતાં અને મને પૂછતાં કે આ ગમાર બૂઢ્ઢાને અમે ઘણાં દિવસોથી અહીં આવી રીતે બેસતાં જોયો છે, તે કોણ છે?

પહેલાં એક બે દિવસ તો મેં વાત ઉડાવી દીધી, અને તેમની ગામડિયા જેવી રહેણી-કરણીથી તો મારા મનમાં હીન ભાવના જાગૃત થઈ હતી જ. માટે મેં કહેવાની શરૂઆત કરી કે આ અમારા પિતાજીના સમયનો જૂનો નોકર છે. ઘરડો થયો છે તો હવે તે ક્યાં જાય ? તેથી તે બે વખત ઘરે જમે છે અને અહીં આરામથી બેસી રહે છે. તેણે અમારી જીવનભર સેવા કરી છે માટે અમારી પણ કંઈ ફરજ તો છે જ ને ?

આ વાત જ્યારે પિતાજીએ સાંભળી ત્યારે તેઓ મનમાં ને મનમાં ઘણાં દુઃખી થયાં. ત્યારબાદ તેઓએ ઓફીસમાં આવવાનું સદંતર બંધ કરી દીધું.

આ બાજુ ઘરના કામમાં માતાજી પણ માથું મારતાં તેથી મારી પત્ની પણ પરેશાન હતી. એક દિવસ મારો સારો મૂડ જોઈ તેણે કહ્યું. જુઓને ! આપણે માતાજી તથા પિતાજીની સુવા-બેસવાની ગોઠવણ ઉપરવાળી ઓરડીમાં કરીએ તો કેવું? તેમની રોજની ટક્-ટક્ તો મટી જાય-પછી ન રહે વાંસ કે ન વાગે વાંસળી હું તો તેમની નક્કામી વાતોથી કંટાળી ગઈ છું. આખો દિવસ કંઈ ને કંઈ કહ્યાં જ કરે છે.''

અને હાં, સાંભળો ! મેં કુમારને કહી દીધું છે કે તે રોજ માટીના બે વાસણ આપી જાય જેમાં પપ્પૂ મારફત તેઓનું જમવાનું મોકલી આપીશ. તેમના એઠાં વાસણો રોજ રોજ કોણ સાફ કરે?

પપ્પૂ ને કહી દઈશું કે તે તેઓના એઠા વાસણો ફેંકી દે.''

સદાસુખીએ કહ્યું, ''મારી પ્રશ્નસૂચક ગંભીર મુદ્રા જોઈ મારી પત્નીએ પોતાની વાત આગળ આગળ ચલાવતા જણાવ્યું કે 'મારી બીજી મુશ્કેલી એ છે કે અહીં બેઠકમાં તેઓને કારણે પૂરતાં પ્રમાણમાં ચોખ્ખાઈ રહેતી નથી. બીજું, જે કોઈ મળવા આવે તે પુછે છે કે પેલી ગામડીયણ ડોસી કોણ છે? તમેજ કહો-હું રોજ રોજ શું જવાબ આપું? હું તો કહીને થાકી ગઈ, અમારી સાસૂજીના વખતની એક નોકરાણી છે. આખી જીંદગી અહીં રહી હવે કયાં જાય ? જાણે કે હવે તેનાથી કામ થતું નથી છતાં તે આખો દિવસ કંઈ ને કંઈ કર્યા જ કરે છે. ચાર રોટલી, ચાર કપડાં અને ચાર હાથ જગ્યા જ તેને જોઈએ છે. એમ કહી તેમનાથી છુટકારો મેળવું છે.

સદાસુખીએ પોતાની આપવીતી સંભળાવતા આગળ જણાવ્યું કે, તેની વાત તે સમયે મને પણ ગળે ઉતરી અને અમે બન્નેએ મળી તેઓની ગોઠવણ કરી દીધી.

આવા ઘોર અપમાનનો આઘાત તેઓ સહન ન કરી શક્યાં અને તેઓને ગંભીર હાર્ટ એટેક આવ્યો. અમે અમારા સ્વાર્થ ખાતર તેઓને પૂરેપૂરો આરામ આપવાના બહાને એક ઓરડામાં કેદ કરવાની યોજના બનાવી ચૂક્યાં હતાં. કુદરતે પણ તેઓને કાયમી પૂર્ણ આરામ કરાવી દીધો. તેઓએ આ વાતને પોતાના કર્મોનો ઉદય માની સ્વસ્થ થવાનો ઘણો પ્રયત્ન કર્યો પણ તેઓ સ્વસ્થ ન થઈ શકયાં કારણ તેને માટે જીવનભરનો તત્ત્વ અભ્યાસ જરૂરી હતો જે તેઓને ન હતો.

જ્યારે પેટેજણ્યા દીકરા વહુને મળવા આવવાવાળા લોકો સામે પોતાની ખોટી શાન રાખવા અને પોતાનો મિથ્યા અહંકાર પોષવા પોતાના ગામડિયાં માતા-પિતાને, માતા-પિતા માનવાથી નકાર આપ્યો અને તેઓની હાજરીમાંજ તેઓને ખાનદાની નોકર-નોકરાણી કહી તેઓના હૃદયપર વજ્રપાત જેવો પ્રહાર કર્યો ત્યારે સ્વાભિમાની માતા-પિતાના મન-મગજ પર વિપરીત પરિણામ થાય તે તો સ્વાભાવિક જ છે. પણ તેઓથી અસહ્ય હાર્દિક વેદના સહેવી સંભવ ન હતી. તેઓની વેદના તો કોઈ સહૃદયી મુક્તભોગી માતા-પિતા જ સમજી શકે. અમારા જેવાં હૃદયહીન દીકરો-વહુ તેઓની પ્રસવપીડા ભલા કેમ જાણે?

અમારા આવા વ્યવહારથી દુઃખી થઈ તેઓ અર્ધનિદ્રામાં બબડતાં રહેતાં કે, "હે ભગવાન! આ ધરતી કેમ ફાટી નથી જતી, કે જેમાં અમો સમાઈ જઈએ ? આ બધું જોતા સાંભળતાં પહેલાં આ આંખો આંધળી અને કાન બહેરા કેમ થઈ જતા નથી ? આ અપમાન સહન કરવા કરતાં તો અમારો શ્વાસ હંમેશા માટે કેમ થંભી જતો નથી?

શું આ દિવસ જોવા માટે અમે અનેક મુશ્કેલીઓ વેઠી આ નાલાયકને નવ મહિના પેટમાં, અઢાર મહિના ખોળામાં અને અઢાર વર્ષ ઘરમાં હૃદય સરસો ચાંપી રાખી દિવસ રાત તેની ચીંતાઓની ચિતામાં બળી શરીર સુકવી નાખ્યું? પોતે સુકૂં ખાધું અને એને મેવા મિઠાઈ ખવડાવ્યા, કેસરિયા દૂધ પાયા. આમ કરી શું અમે ખરેખર સાપને જ દૂધ પાયું છે?

શું આ દિવસ જોવા દેવું કરી, દિનરાત મહેનત મજુરી કરી, પરસેવો વહાવી અને ભણાવી ગણાવી યોગ્ય બનાવ્યો ? શું આવા

અપમાનના ઘૂંટડા પીવા માટે તેને રંગે ચંગે ઠાઠમાઠથી પરણાવ્યો?

અરે ભગવાન! માનવી શું આવા પ્રકારના સંતાન માટે તલસે છે? પોતાનો જીવ જોખમમાં નાખી પોતાનો પરભવ બગડવાની પરવા કર્યા વગર જેમ બને તે નીતિ-અનીતિથી સંતાનના સુખ માટે દિવસ રાત એક કરે છે ? અને તેનો બદલો સંતાન વાળે છે કેવળ અપમાન, ઉપેક્ષા અને વગર મોતે મરવાની મજબૂરીથી''

તે ઘરડાં મા-બાપની આ બબડાટ વ્યક્ત થઈ રહેલ વચનાતીત પીડા વ્યક્ત કરવી તો કલ્પનાથી દૂરી હતી પણ કલ્પનાંકિત કરવી પણ અસંભવ હતી. જ્યારે તે પોતે પોતાના ઘરડા માતા પિતાની અવસ્થામાંથી પસાર થશે અને તેમના વહૂ-દીકરા તેઓની સાથે એવોજ અપમાનજનક વ્યવહાર કરશે, સંભવ છે કે ત્યારેજ તેમની અક્કલ ઠેકાણે આવશે. પણ ત્યારે તો ઘણો સમય વીતી ચુક્યો હશે. અને ત્યારે પસ્તાવા વગર બીજું રહેશે પણ શું?

સમય આમ વીતી રહ્યો હતો અને થોડા દિવસો બાદ તેઓ આ જીવન સાથેના બંધનો તોડી સદા-સદાને માટે મુક્ત થઈ ગયાં.

✻ ❖ ✻

દિવાળીની સાફસફાઈ ચાલતી હતી ત્યારે અમે એક દિવસ જ્યારે ઉપરના ઓરડામાં ગયાં ત્યારે એક ખૂણામાં માટીના વાસણોનો ઢગલો જોઈ નવાઈ પામ્યા, કે જેમાં અમારા માતા પિતાને ખાવાનું આપતાં હતાં.

મને ગુસ્સો આવ્યો અને ક્રોધાવેશમાં મેં મારા દિકરાને ખખડાવતા પૂછ્યું, ''કેમ રે પપ્પૂ ! તૂં આ વાસણોને રોજ કેમ ફેંકી દેતો ન હોતો? હવે આટલો મોટો ખડકલો થયો છે તે તેને ફેકવા ભંગીને ઓછા માં ઓછા પાંચ રૂપિયા આપવા પડશે ને?''

અત્યંત ભોળપણમાં પપ્પૂ બોલ્યો, ''પપ્પા! આને ફેંકવાની શી જરૂર છે ? આ તો ઘણા કામના છે.''

''કેમ! શા કામમાં આવશે?''

''જ્યારે તમે અને મમ્મી ઘરડા થશો ત્યારે આજ વાસણ કામમાં આવશે ને ?''

''તું અમને આમાં ખવડાવીશ ?''

''પપ્પા, હું રોજ રોજ નવા શકોરા ક્યાંથી લાવીશ ? તમે તો મોટા માણસ છો, દરરોજ નવા નવા વાસણો મંગાવી લેતા. જો હું મંગાવી શકીશ નહીં તો....?''

તેની વાત પૂરી ન થઈ કે મેં તેને પાછો ઠપકારતા કહ્યું- કેમ રે નાલાયક તો શું તું અમને આવા શકોરામાં ખવડાવીશ?''

તેણે તેવા જ ભોળપણમાં જવાબ આપ્યો, ''આમાં નાલાયકીની ક્યાં વાત આવી? આ તો આપણા કુળની રીત જ છે.'' કુળની પરમ્પરા મારે પણ ચલાવવી તો પડશેજ ને?''

તેની આ વાત સાંભળી હું અવાક્ બની ગયો. થોડી જ ક્ષણોમાં માતાજી અને પિતાજીનું સમ્પૂર્ણ જીવન મારા સ્મૃતિ પટલ પર ઉતરવા લાગ્યું. અને જેમ મેં પોતાને તેમના સ્થાને અને મારા દિકરાને મારે સ્થાને પ્રસ્થાપીત કર્યો ત્યારે મારા પગ તળેની જમીન ખસવા માંડી.

''જેવા પ્રકારનું જીવન જીવવાની કલ્પના માત્ર આટલી ભયાનક હોય તેવા પ્રકારનું જીવન જીવવામાં કેવી મજબુરી હશે.....?'' આ વિચાર માત્રથી હું ભય, આશંકા અને આત્મગ્લાનિ અનુભવતા કંપી ઉઠ્યો.

સદાસુખીની આવી આત્મનિંદામાં વિવેકીને પણ પોતાના જીવનનું પ્રતિબીંબ દેખાવા માંડ્યું. એને સમજાઈ ગયું કે તેની વર્તમાન વિપરીત પરિસ્થિતિના મૂળ ક્યાં છે?

અચાનક તે બન્ને ઉઠ્યાં અને પોતપોતાની ધૂનમાં આત્મગ્લાનિનાં ભાવો સાથે ભારે મનથી અને ભારે પગલાં ભરતાં પોત પોતાને ઘરે જવા માટે નિકળી પડ્યાં.

આજે તેઓની વિદાયમાં 'ચાલો ફરી પાછા મળશું' નો ઉલ્લાસ જણાતો ન હતો.

## ૩

ત્રીજે દિવસે હું તે જ બાગમાં તે વૃદ્ધોનાં આવતાં પહેલા જ પહોંચી ગયો. પાછલા બે દિવસ દરમિયાન તેઓની વાતો સાંભળતા-સાંભળતા તેઓના જીવન, વ્યક્તિત્વ તેમજ વિચારોથી કંઈક અંશે પરિચિત થયો હતો; પણ તેઓ મારે વિષે કશુંજ જાણતા ન હતા.

હાં, તેઓ મને એકલો એકાન્તમાં બેઠેલો જોઈ સહજ જિજ્ઞાશાવશ કોઈ કોઈ વાર મારી સામે જોઈ લેતાં તેથી મારો ચહેરો તેમને માટે અપરિચિત ન હતો.

જો કે મેં મારા તરફથી ગયાં ત્રણ દિવસોમાં એવો કોઈ હાવભાવ વ્યક્ત થવા દીધો ન હતો જેને કારણે તેઓનું ધ્યાન મારી તરફ આકર્ષિત થાય, પણ ન જાણે તે દિવસે અનાયાસ તેમના મનમાં મારી સાથે પરિચય કરવાની ભાવના બલવત્તર થઈ ગઈ.

હું મારી આંખો બંધ કરી પોતાની ધુનમાં બેઠો બેઠો વિચારોના તાણા-વાણા ગુંથી રહ્યો હતો કે બન્ને વૃદ્ધો અનાયાસે મારી પાસે આવી ઉભા થઈ ગયાં અને મારૂં ધ્યાન આકર્ષિત કરી બોલ્યા, "નમસ્તે ભાઈ"

તેઓને અચાનક સામે ઉભા જોઈ પહેલાં તો હું સંકોચાયો પછી પોતાને સાવધ કરતાં તેઓના અભિવાદનના જવાબમાં કહ્યું. "જય જીનેન્દ્ર" પછી તેઓને આવકારતા મેં કહ્યું, "આવો ! પધારો !! હું પણ આપને મળવાનો વિચાર કરતો હતો, પણ તમારી વાતોનો કદી અન્ત જ આવતો ન હતો, અને છેડો જ દેખાતો ન હતો. વાતો પૂરી થવાની પ્રતીક્ષામાં જ અહી સમય પૂરો થઈ જતો હતો.

છેલ્લા બે દિવસોથી હું રોજ આપને અહીં બેસતાં જોઈ રહ્યો છું અને અજાણ્યે તમારી દિલચસ્પ વાતો સાંભળી રહ્યો છું. તમે લોકો બહુ મોટે મોટેથી નિઃસંકોચ હૃદય ખોલી પોતપોતાના દુઃખ દર્દની તેમજ દુનિયાદારીની વાતો કરી રહ્યાં હતાં.

દરમિયાન મને ઘણી વાર એવો વિકલ્પ આવ્યો કે હું આ લોકોને મળું અને આપને વિષે મારા મનમાં સાગરના તરંગોની જેમ હિલ્લોળાં લેતા પોતાના વિચારો આપને જણાવું. પણ તમારાથી રોજ કોઈને કોઈ પ્રસંગ છેડાઈ જતો અને તેમાંજ સમય પૂરો થઈ જતો. તેમજ તમારી વાતો એવી તો ચિત્તાકર્ષક હતી કે તે સાંભળવાના લોભને હું રોકી શકયો નહી.

તદુપરાંત એવો પણ વિચાર આવ્યો કે મહાકવિ કાલિદાસની નીતિ-અનુસાર 'બે જણની વાતમાં ત્રીજાએ બોલવું પણ યોગ્ય ન કહેવાય ! બસ, આ પ્રમાણે વિચાર કરી હું આપની પાસે આવ્યો નહી.

મેં આગળ કહ્યું, "આપની વાતો પરથી મને એવો આભાસ થાય છે કે તમે તમારા કૌટુંબિક વાતાવરણથી ત્રાસી ગયાં છો, હેરાન થયા છો, ઘડપણને લીધે પોતાને અસહાય હોવાની લાગણી

અનુભવી રહ્યાં છો. તમે તમારા જીવનથી નિરાશ થયા છો, કંટાળી ગયાં છો તે કારણે મારા મનમાં આશંકા જાગી કે ક્યાંક એવું ન બને કે આ બધા કારણોથી તમે કઈ અનર્થ કરી બેસો, આત્મહત્યા ન કરી બેસો.

બસ, આ સંદર્ભમા જ હું તમને કંઈ કહેવા માગતો હતો. પણ એક તો તક ન મળી, બીજું હું એ વિમાસણમાં હતો કે કોઈને વણમાગી સલાહ આપવી કે નહી, કારણ કે લોકાલોકમાં તો તે નરી મૂર્ખાઈ જ ગણાય.

અને અપરિચિતોને સલાહ આપવી જરાય યોગ્ય નથી, નીતિ-વિરૂદ્ધ છે. માટે કોઈ પણ સલાહ આપતાં પહેલાં ઓછામાં ઓછું આપનો એક વાર પરિચય તો કરી લઉં. હું એનીજ શોધમાં હતો. ચાલો, સારૂં થયું કે તમે લોકો જાતેજ આવી ગયાં.

મને ખાદીના ઝબ્બો-ધોતિયુંને ટોપીના વેશમાં જોઈ કદાચ વિદ્વાન સમજી સન્માનસૂચક શબ્દોમાં સદાસુખીએ કહ્યું, "ભાઈશ્રી, આપના વિચારો તો ઘણા ઉત્તમ છે. આપ બધાના શુભચિંતક તો છો જ, ન્યાય નીતિનું પણ પુરેપુરૂં ધ્યાન રાખો છો.

સદાસુખીની વાત પૂરી થતાં જ વિવેકીએ કહ્યું, "હું તો આપને માટે કશું જાુદું જ વિચારી રહ્યો હતો."

મે પુછ્યું "શું હું જાણી શકું કે તમે અહીં બેઠાં બેઠાં મારા વિષે શું વિચારતાં હતાં? તમે લોકોએ મારી સામે ઘણી વાર જોયું હતું, ચોક્કસ તમે લોકોએ મારે વિષે કોઈ તો અભિપ્રાય બાંધ્યો હશે જ."

વિવેકીએ કહ્યું, 'હાં, હું તો એવો વિચાર કરતો હતો કે કદાચ આપ પણ અમારા જેવા જ ઘર-કુટુંબથી ઉપેક્ષા પામેલ, વખાંના માર્યા ઘરમાંથી કાઢી મૂકેલ ઘરડા બળદની જેમ પોતાને અસહાય માની મોતની પ્રતીક્ષા કરી રહેલા કોઈ દુઃખી પ્રાણી છો. નહીં તો અહીં પરદેશમાં આવી રોજ એકાન્તમાં એકલા ઉદાસ-ઉદાસ કોઈ પહોંચેલા વૈરાગી-સંતની માફક આંખો બંધ કરી કલાકો સુધી બેસી ન રહો.''

સદાસુખીએ વિવેકીની હાં માં હાં ભણતા કહ્યું. ''મને તો વારેઘડિએ એ વિચાર આવતો હતો કે આ માણસ દેખાય છે તો કોઈ વિદ્વાન, વિચારક કે રાજનેતા પણ ચોક્કસ કોઈ મુશ્કેલીથી હેરાન થયો છે. એકલો બેઠો બેઠો બોર તો થતો જ હશે. ક્યાં એવું તો નથી કે આ પણ મુસીબતથી બચવા અમારી માફક કોઈ કૂવો-બાવડીની શોધમાં તો નથી ને? ક્યારેક મુસિબતો સારા સારા વિદ્વાનોને અને બુદ્ધિમાનોને પણ વિચલિત કરી મૂકે છે. ચાલો, જઈને જાણી લઈએ, કોણ છે? ક્યાંથી આવ્યા છે? ક્યાં ઉતર્યા છે? અને અહીં આખો દિવસ શું કરે છે ? બચારો કોઈ મુસીબતનો માર્યો લાગે છે.

અમને તમારા પહેરવેશ પરથી એવું લાગ્યું-માણસ તો ભલો લાગે છે, આપણી સાથે થઈ તે પણ આપણી ગપ્પા-ગોષ્ટીમાં પોતાનું દુઃખ ભુલાવશે. અને જો તે વગર મોતે મરવાનો વિચાર કરતો હશે તો તે વિચાર પણ છોડી દેશે. વગર મોતે મરવાથી કોઈ ફાયદો નથી. એમ એક ચોપડીમાં વાચ્યું છે કે 'જે કર્મો કર્યા છે તેમને તો ભોગવવા પડશે જ, ભલે જીવતાં કે મર્યા પછી ત્યારથી અમે પણ આ વિચાર છોડી દીધો. નહીં તો મુસીબતોમાં એવા વિચારો તો ઘણીવાર આવ્યા!

આ તો એક મનોવૈજ્ઞાનિક તથ્ય છે કે 'સામાજિક અને કૌટુંબિક એકલપણું કરડવા દોડે છે.' માટે તમને આવા એકલા બેસેલા જોઈ અમે એકબીજાએ વિચાર કર્યો કે તમને પણ અમારા સાથી બનાવી લઈએ તો કેવું ? જેથી તમારો સમય પણ ગપ્પા-ટપ્પામાં વીતી જાય.

તેઓ બન્નેની વાતો સાંભળી મેં કહ્યું, "ભલા, વગર મોતે મરવું પણ કંઈ મરવું છે ? હું પણ પહેલા ઘણીવાર મરવાનો વિચાર કરી ચુકયો છું. એક બે વખત તો હું મરવાની અણીપર હતો પણ બચી ગયો. મને સદ્ભાગ્યે એક સત્પુરૂષનો ભેટો થઈ ગયો.

એ સત્પુરૂષે મને કહ્યું કે ભાઈ! એવી ભૂલ કદી ન કરશો કેમ કે જે દુઃખના ભયથી તમે વગર મોતે મરવા ચાહો છો તે દુઃખથી તમને વગર મોતે મરવાથી છૂટકો નહી મળે.

જે પાપ-પુણ્ય આપણે કર્યા છે તેનું ફળ ભોગવવું જ પડશે. આ જન્મમાં નહી ભોગવો તો આવતાં જન્મમાં ફરીથી એવીજ પરિસ્થિતીઓ નિર્માણ થશે અને ત્યાં પાછા એજ દુઃખો ભોગવવા પડશે.

તે સત્પુરૂષે એમ પણ જણાવ્યું કે 'આવા પ્રકારનું મોત સંકલેશ પરિણામો વગર નથી આવતું. તેમજ સંકલેશ પરિણામોના મોતથી નિયમ અનુસાર કુગતિ-દુર્ગતિ મળે છે. નરક, નિગોદ કે તિર્યંચ ગતિમાં જવું પડે છે. માટે આવી ભૂલ કદાપિ ન કરશો. ત્યારથી મેં વગર મોતે મરવાનો ઈરાદો છોડી જ દીધો. હું તમારી પાસે એજ ઈરાદાથી આવવા માગતો હતો, સારૂં થયું કે તમે પહેલેથીજ ચેતી ગયા, સચેત થયા છો. ભવિષ્યમાં કદાચ આવો વિકલ્પ આવે તો પણ તમે એવી ભૂલ કદાપિ કરશો નહી."

તેમને આગળ જણાવ્યું, 'ભાઈ! હું પણ સંઘર્ષોમાં પેદા થયો. સંઘર્ષોમાં જ ફૂલ્યો-ફલ્યો અને મોટો થયો. ભણ્યો ગણ્યો છું, મેં જીવનમાં ઘણા ઉતાર-ચઢાવ જોયાં છે. બધા પ્રકારના સંઘર્ષો ઝીલ્યા છે. માટે હું નાના-મોટાં સંઘર્ષોથી ગભરાતો નથી. આ બધાં તો પુણ્ય-પાપના ખેલ છે. આવતી-જતી ક્ષણિક અવસ્થાઓ છે તેનાથી શું ગભરાવું?

એક કવિએ સંઘર્ષોનું સ્વાગત કરતાં લખ્યું છે કે:

**જેટલા કષ્ટ કંટકોમાં છે, જેમનું જીવન સુમન ખિલ્યું, ।**
**ગૌરવ-ગંધ એટલું તેમને, અહીં-વહી સર્વત્ર મળ્યું. ॥**

પણ મારા સૌભાગ્યથી વર્તમાનમાં મારી બધી કૌટુંબિક પરિસ્થિતિઓ અનુકૂળ છે. મને વર્તમાનકાળમાં મારા કુટુંબીજનોને કારણે કોઈ વિશેષ કષ્ટ નથી. ક્ષણિક મોહ રાગ-દ્વેષથી બીજાઓ સાથે જે નાની-મોટી ઘટનાઓ કે કલહ થાય છે તેને દુનિયાનું સ્વરૂપ માની અથવા અપરાધીનો ક્ષણિક મનોવિકાર માની તત્વજ્ઞાનને સહારે ગૌણ ગણું છું-જાત પર કાબુ મેળવી હું કોઈ ને કોઈ પ્રકારે ટાળું છું, અને પછી જ્યારે અપરાધીનો ગુસ્સો ઉતરી જાય અને તેનામાં વિવેક જાગે ત્યારે તે પોતાની ભૂલનો સ્વીકાર કરી પોતેજ મારી પાસે ક્ષમા યાચનાની મુદ્રા બનાવી આવીને ઉભો રહે છે.

મારો એ પ્રયોગ ઘણોજ સફળ સિદ્ધ થયો છે. જો તમે લોકો પણ આ પ્રયોગ કરો તો હું માનું છું કે તમારી કૌટુંબિક મુશ્કેલીઓ ઓછી થઈ શકે છે. અરે ! તમે જ વિચાર કરો ને! મોહરાજાના સામ્રાજ્યમાં આ કષાયચક્ર નહી ફરે તો બીજે ક્યાં ફરે? પણ આ બધું સ્થાયી નથી. નિયમાનુસાર તેનો અંત આવે જ છે.

ક્ષણમાં નિકળી જનાર મનોવિકારોના ચક્કરમાં ફસાઈ પોતાના આત્માનો ઘાત શા માટે કરવો ?

મેં આગળ કહ્યું, "તમારે જાણવું જોઈએ કે આ મનુષ્ય પર્યાય, ઉત્તમ કુળ અને જિનવાણીનું શ્રવણ ઉત્તરોત્તર દુર્લભ છે.

અનંતાનંત જીવો અનાદિથી નિગોદમાં પડ્યા છે તેમાંથી કેટલાંક ઉજ્વલ ભવિતવ્ય ધરાવતા જીવ, ભઠ્ઠીમાં ફુલેલા વાલ-ચણાની જેમ નિગોદમાંથી એકેંદ્રિય વિગેરે સ્થાયી પર્યાયમાં આવે છે ત્યાં પણ તેઓનો લાંબા કાળ સુધી પૃથ્વિ-જળ-અગ્નિ-વાયુ તેમજ વનસ્પતિકાયોમાં જન્મ-મરણ થતાં હોય છે. તેમાંથી પણ કેટલાક વિરલાં જીવો જ ઘણીજ દુર્લભતાથી બે-ઈંદ્રિય, ત્રણ-ઈંદ્રિય ચાર-ઈંદ્રિ તેમજ પંચેદ્રિય પર્યાયોમાં પરિવર્તે છે. અહીં સુધી તો ઠીક, પણ ત્યારબાદ મનુષ્ય પર્યાય, ઉત્તમ દેશ, સુસંગતિ, શ્રાવક કુળ, સમ્યક્ દર્શન, સંયમ, રત્નત્રયની આરાધના વિગેરે તો ઉત્તરોત્તર વધુ ને વધુ મહાદુર્લભ છે. માટે આવી રીતે વર્તમાન દુઃખોથી વગર મોતે મરવાની ભૂલ તો કયારેય કરવી નહી. નહી તો આપઘાત કરવાનું ફળ એટલે પાછું નિગોદ-નરકમાં જવાનું છે તેનાથી કોઈજ બચાવી શકશે નહી.

મારી આ પ્રેરણાદાઈ વાતોથી તે બન્ને મિત્રો ગદ્-ગદ્ થઈ ગયા.

અશ્રુભરી આંખે વિવેકીએ કહ્યું, "તમે ધન્ય છો અમે તમારા વિષે શું વિચાર્યું હતું અને તમે કેવા નિકળ્યાં !

આપ તો વાસ્તવમાં ઘણાંજ વિચારવાન પુરૂષ છો. આપે તો અમારી આંખો ઉઘાડી દીધી. બોલો અહીં આપ ક્યાં ઉતર્યાં

છો? ત્યાં આપને કોઈ અગવડ તો નથી ને, બધું ક્ષેમ કુશળ તો છે ને ?''

મેં તેમને મારો સામાન્ય પરિચય આપતાં જણાવ્યું. ''ભાઈ! જો હું રહિમ કવિની નીતિ પ્રમાણે ચાલું, જો તેમની પ્રામાણિક સલાહ માનું તો મારે એમજ કહેવું જોઈએ કે, ''નહી-નહી કોઈ અગવડ નથી. તમારા લોકોના આશિર્વાદથી હું બધી રીતે ક્ષેમ કુશળ છું.

વાસ્તવમાં દરેક સામે પોતાના દિલનું દર્દ કે મનની વ્યથા કહેવાથી કોઈ લાભ થતો નથી. આ યાંત્રિક યુગમાં કોઈને પણ ન તો કોઈનું સાંભળવાની ફુરસદ છે કે ન સહાનુભૂતિ દર્શાવવાનો સમય છે, માટે કોઈને કંઈ પણ કહેવું એટલે 'ભેંસ આગળ ભાગવત' સમાન છે.

આજે ક્ષેમ-કુશળ પુછવું માત્ર એક ઔપચારિકતા બની ગઈ છે. એક રિવાજ જેવું થઈ ગયું છે. કોઈને કોઈના વાસ્તવિક ક્ષેમ-કુશળ સાથે કંઈજ સંબંધ હોતો નથી. માટે ઔપચારિક લોકો માટે તો એ જ ઉત્તમ અને સાચો જવાબ છે, કે જેને આપણે ભૂધર કવિની નીચે જણાવેલ કવિતામાં જોઈ શકિયે છીએઃ

**जोई दिन कटे, सोई आयु से अवश्य घटे;**
**बूंद-बूंद वीते, जैसे अंजुलि को जल है ।**
**देह नित छीन होत, नैन तेज हीन होत ॥**
**जीवन मलीन होत, छीन होत बल है**
**आवै जरा नेरी, तके अन्तक अहेरी :**

**आवे परभाव नजदीक, जात नर भव निकल है ।**
**मिलके मिलापी जन, पूछत कुशल मेरी;**
**ऐसी दशामांहि मित्र, काहे की कुशल है ? ॥**

જો આ દુનિયામાં પુણ્યાત્મા જેવા પુણ્યાત્મા જીવ ક્ષેમ-કુશળ હોત, સંપૂર્ણ સુખી હોત તો મોક્ષ માટે કોઈ પ્રયત્ન પણ શા માટે કરતા ?

આ વાત સાંભળી તેઓના મોંમાંથી 'વાહ ! વાહ ! ના શબ્દો નિકળી પડ્યાં.

આ પ્રમાણે આપણે પ્રત્યક્ષ અનુભવ કરીએ છીએ કે તત્ત્વજ્ઞાન વગર દુનિયામાં કોઈ સુખી નથી. તેથી આપણે દરેક હાલતમાં માત્ર તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરવાનો જ પ્રયત્ન કરવો જોઈએ.

મારા વિચારો સાંભળી વિવેકી અને સદાસુખી ઘણા પ્રભાવિત થયા અને તેઓએ મને અનુરોધ કર્યો કે જ્યાં સુધી આપ અહીં રહેશો ત્યાં સુધી આપના સત્સમાગમનો લાભ ચોક્કસ આપશો.

## ૪

જ્યારે મેં પોતે તે બાગમાં વિવેકી અને સદાસુખીને મોઢે તેઓના વ્યક્તિગત જીવનની સમાલોચન સાંભળી અને પોતાની ભૂલો પર પશ્ચાતાપ કરતાં જોયાં, ત્યારે મારા હૃદયમાં તેઓ અને તેઓ જેવા બીજા લોકોને સમજાવવાની ભાવના જાગી. એટલે મેં કહ્યું, ''પુરૂષોની ૭૨ કલાઓમાંથી ફક્ત ૨ કલાઓને જ સહુથી વધુ મહત્વની માની છે. એક છે આજીવિકા અને બીજી છે જીવોદ્ધાર

કલા બોંતેર પુરૂષની, તેમાં બે સરદાર ।
એક જીવની જીવિકા, બીજી જીવોદ્ધાર ॥

જ્યારે આ લોકોક્તિ પર દષ્ટિપાત્ કરૂં છું, વિચાર કરૂં છું, ત્યારે જોઉં છું કે મોટાભાગના લોકો પહેલી કલા આજીવિકાનું ઉપાજર્ન કરવામાંજ પોતાની સંપૂર્ણ તાકાત લગાવી દે છે. અને તેમાં સફળ થવામાં જ પોતાના કર્તવ્યની ઈતિશ્રી માને છે. બીજી જીવોદ્ધારની જે મહત્વની કલા છે તેના ઉપર તો તે જીંદગીના અંત સુધી પણ ધ્યાન આપતા નથી. પણ, જ્યાં આજીવિકાની કલા આપણા વર્તમાન આર્થિક બાબતોનું સમાધાન કરે છે ત્યાં જીવોદ્ધારની કલા આપણા જન્મ-જન્માંતરોના દુ:ખો દૂર કરી સાચું સુખ આપે છે. માટે આજીવિકા કરતા વધુ મહત્વ જીવોદ્ધારની

કલાને આપવું જોઈએ.

મારી વાત પૂરી થઈ ન હતી ત્યાં વિવેકી બોલ્યાં, ''ભાઈશ્રી! તમારૂં કહેવું સાચું છે, પણ જ્યાં સુધી આજીવિકા સ્થિર નથી થતી ત્યાં સુધી જીવોદ્ધારની વાત સૂઝે જ ક્યાંથી ? જેને જીવોદ્ધારની વાત કરો તો કહે છે, 'ભૂખે ભજન ન ગોપાલા-આ લ્યો તમારી કંઠ માળા.'

વિવેકીની આ વાતને નજર સમક્ષ રાખી મેં કહ્યું, ''જોકે સ્થિર જીવિકા વગર જીવોદ્ધારની વાત સંભવ નથી આજીવિકાની માનવ જીવનમાં મહત્વની ભૂમિકા છે. ઓછામાં ઓછુ રોટી, કપડા અને મકાન - (અન્ન, વસ્ત્ર ને રહેઠાણ) પ્રાથમિક જરૂરિયાતોની પૂર્તિ થવી જોઈએ પણ તે આપણાં હાથમાં ક્યાં છે ? તે તો પોતાના પ્રારબ્ધ અનુસાર મળે છે. કીડીને કણ અને હાથીને મણ, સવારથી સાંજ સુધી પોત-પોતાના ભાગ્યાનુસાર મળે છે. તેમાં માણસની બુદ્ધિ વધારે કામ નથી આવતી.

રાજા નોકર પર ગમે તેટલો ખુશ થાય તો પણ તે તેને તેનાં ભાગ્યથી વધુ ધન આપી નથી શકતો. દિન રાત વરસાદ વરસે તો પણ પળસની ડાળી પર ત્રણથી વધુ પાંદડા આવતાં નથી. કહ્યું છે કેઃ

**तुष्टो हि राजा यदि सेवकेभ्यः**
**भाग्यात् परं नैष ददाति किंचित् ।**
**अहिर्निशां वर्षति वारिवाहा,**
**तथापि पत्र त्रितयः पलाशः ॥**

જોકે ઉદ્યોગમાં ઉદ્યમનું પ્રાધાન્ય છે તો પણ ઉદ્યમ પણ ભાગ્યનું અનુસરણ કરે છે. નહીં તો બધાં જ ઉદ્યમ કરવાવાળા

આજે કરોડપતિ થઈ બેઠાં હોત. આજે એવો કોણ છે જે મોટો થવા માટે, કરોડપતિ બનવા માટે ઉદ્યમ નથી કરતો ? પણ તેમાંથી કેટલાં કરોડપતિ બન્યા છે? જ્યારે ભાગ્ય સાથ નથી આપતું ત્યારે સારા સારા બુદ્ધિમાનોની બુદ્ધિ પણ કંઈજ કામમાં આવતી નથી.

આમ પણ 'દાને દાને પર લિખા હૈ ખાને વાલે કા નામ' આ કહેવત મુજબ બધાની આજીવિકા તો પહેલેથી જ ભાગ્યાનુસાર નિશ્ચિત થઈ છે. આ માત્ર કહેવત જ નથી પણ ગોમ્મટસાર અને સમયસાર જેવા આગમો તથા અધ્યાત્મ ગ્રંથો પણ તેનું સમર્થન કરે છે. માટે આજીવિકાના ઉપાર્જન માટે પૂરી શક્તિ વેડફી નાખવી અને જીવના ઉધ્ધાર માટે સમય ન કાઢવો એ સારી વાત નથી.

આ તો સિધ્ધાંતની વાત થઈ, કોઈ માને કે ન માને તેમની મરજી. આપણે તેનાથી શા લેવા દેવા ?

પણ સદાસુખી અને વિવેકી વચ્ચે થયેલી વાતો પરથી એક વાત તો સ્પષ્ટ હતી કે તેઓની સામે આજીવિકાનો કોઈ પ્રશ્નજ ઉભો થતો નથી. ભલે પછી તેઓને આજીવિકા માટે ડુંગરાળ પ્રદેશમાં જઈ વસવું પડ્યું હોય. પણ તેઓ ત્યાં આજીવિકાની બાબતમાં તો પૂરેપૂરા નિશ્ચિત છે. પર્યટકોની મુલાકાતોથી તેઓનો ધંધો સારા પ્રમાણમાં ખીલ્યો છે.

જો કે તેઓએ આ વ્યવસાયમાં વધુ અક્કલ વાપરી ન હતી કે નહોતો કર્યો કોઈ ભારે ઉદ્યમ. સહેલાઈથી દાળ રોટલો મળે તે માટે તેઓએ નાની નાની દુકાનો ખોલી હતી. ભાગ્યનો ઉદ' થયો અને તેજ દુકાનોમાંથી તેઓ માલમાલ થઈ ગયા ર કારખાના પણ શરૂ કર્યા કહ્યું છે કે,

**तादृशी हृ जायते बुद्धि व्यवसायोडपि तादृशः ।**
**सहायः तादृशः सन्ति यादृशी भवितव्यता ॥**

જેમ થવાનું હોય છે તેમજ બુદ્ધિ કામ કરે છે. ઉદ્યમપણ તે જ દિશામાં થવા લાગે છે અને સહાયકો, પણ તેવાજ મળે છે.

આવા વિચારથી બુદ્ધિમાન લોકો આજીવિકાની વધુ ચિંતા કરતાં નથી પણ એવી બુદ્ધિનો તેમનામાં અભાવ હતો.

* ❖ *

'પહેલું સુખ તે જાતે નર્યા, બીજુ સુખ તે સુખી નાર' આ કહેવત મુજબ સદાસુખી બહારથી તો સુખી દેખાતા હતાં પણ વાસ્તવમાં તો અન્દરથી ઘણાંજ હેરાન હતા.

સદાસુખી જે સંજોગોમાં હતો તેમાં જો કોઈ સુખ શોધે તો તેને નિરાશ થવું પડે, કેમ કે સંજોગોમાં સુખ ક્યાં છે કે જે તેને મળે ? સંયોગોમાં ન તો સુખ છે અને ન દુઃખ. સાંસારિક સુખ અને દુઃખ તો સંયોગી ભાવોથી થાય છે, સંજોગોની ઈષ્ટ-અનિષ્ટ કલ્પનાઓ કરવાથી થાય છે. વાસ્તવમાં સુખ છે તે તો સુખનો આભાસ માત્ર છે. દુઃખનુંજ બદલાયેલું રૂપ છે.

સાચું સુખ શોધિએ તો સાચા સુખનો સાગર આપણો ભગવાન આત્મા છે. જેની સદાસુખીને ઓળખ ન હતી.

વિવેકી બાબા તો જીવનભર ઠોકરો ખાઈ-ખાઈ વાતો વિવેકિઓ જેવી કરવા લાગ્યા હતાં. પણ હજુ તેમને વાસ્તવિક વિવેક (તત્વજ્ઞાન)ની પ્રાપ્તિ થઈ ન હતી. તે કારણથી તેઓ પણ ધન સંપન્ન હોવા છતાં સુખી નહોતા જ.

જીવનભર પાડોસી હોવાને નાતે તેઓમાં પરસ્પર મૈત્રી થઈ ૯ તેઓ બન્ને વૃદ્ધ પણ થઈ ચુક્યાં હતાં. અને તેમના વ્યાપાર

ધંધા અને કારખાના તો તેઓના દીકરાઓએ સંભાળી લીધાં હતાં. તેઆનું શરીર પણ એવું યોગ્ય ન હતું કે તેઓ વ્યાપારમાં પોતાના દીકરાઓને કંઈ પણ મદદ કરી શકે.

એક દૃષ્ટિથી તો આ સારૂંજ થયું હતું કે તેઓને આત્મોદ્ધાર માટે પૂરેપરો અવસર પ્રાપ્ત થયો હતો. પણ કોઈ શેષ જીવનનો પણ આત્મોદ્ધાર માટે ઉપયોગ કરે તો ને ! મોટે ભાગે તો આજીવિકામાં જ અટવાયેલાં રહેતાં.

તેઓને કોઈ રાજરોગ ન હતો એ વાત પણ પુણ્યનો ઉદય માની શકાય. પણ ઘડપણ પોતે પણ એક બીમારી જ છે, જેનાથી કોઈ બચી શક્તું નથી. જન્મ, જરા અને મૃત્યુ એ ત્રણ એવા સત્ય છે કે જેને કોઈ નકારી શકતું નથી. તેઓનો સામનો તો બધાને સમય-સમય પર કરવો પડે છે. બસ આપણને તો એજ જોવાનું રહે છે કે આ ત્રણે કેવા સુખદ અને સાર્થક બની શકે ? ઘડપણની બીમારીથી બન્ને ગ્રસીત થઈ ગયાં હતાં. શરીર ક્ષીણ થતાં તેઓનું પુણ્ય ક્ષીણ થતું હતું. જેમ સરોવર સુકાય ત્યારે તે બધી બાજુએથી સુકાય છે, તેમજ પુણ્ય ક્ષીણ થાય છે ત્યારે ચારે બાજાઓથી ક્ષીણ થાય છે.

સદાસુખી અને વિવેકી આવીજ કોઈ સ્થિતીમાં આવી પડ્યાં હતાં. હવે તેઓને માટે ઘર શું કે દુકાન શું? બન્ને ઠેકાણેથી ગૌરવભેર બેસવા બે હાથ જમીન પણ નસીબમાં ન હતી. દુકાનપર જતાં તો દીકરાઓ તેમને ઘરે આરામ અને સ્વાધ્યાય કરવાનો ઉપદેશ આપતાં અને ઘરે રહેતા ત્યારે માત્ર વહુ-દીકરીઓજ નહી પણ પૌત્ર-પૌત્રીઓ તેમને મંદીર જઈ ભગવાનનું ભજન પૂજન અને પ્રવચન સાંભળવા તેમજ સત્સંગ કરવાની સલાહ આપતા.

ખરી રીતે તો તેઓના કુટુંબના કોઈને તેમના આરામ કલ્યાણની જરાય પરવા ન હતી કે ન તેમનાં સગાવહાલાઓને ભગવાનના ભજન પૂજન કે સ્વાધ્યાય સાથે કોઈ મતલબ. તેઓને માત્ર તે બુઢ્ઢાઓની ઘર કે દુકાન પરની હાજરી સાલતી હતી. કેમકે, એક તો કોઈ પણ કામમાં તેઓની ટકટક પસંદ ન હતી અને બીજું, દુકાનમાં જગ્યા પણ ઓછી હતી. માટે કામ વગર કોઈ દુકાનમાં થોડી જગ્યા પણ શા માટે રોકે ? ત્રીજી-મુખ્ય વાત એ હતી કે વહુ-દિકરીઓ અને પૌત્ર-પૌત્રીઓ પોતાના સ્વચ્છંદ વર્તનમાં તેઓને અડખીલીરૂપ માનતાં હતાં. તેઓ તેમને આંખના કણની જેમ ખૂંચતા હતા.

આ પ્રમાણે ઘર અને દુકાન બન્ને જગ્યાએથી ઉપેક્ષિત થઈ તેઓ બન્ને પોતપોતાની ઓસરીમાં બેઠાં બેઠાં કંટાળી ગયાં હતાં. સાંજ થતાંજ બહાર ફરવા જવાનું સ્વાભાવિક રીતેજ તેઓને મન થતું. મન બહેલાવવા અને મન હળવું કરવા તે બાગમાં આવી પહોંચતાં.

* ❖ *

સદાસુખી અને વિવેકીને રહિમ કવિનો આ દોહો સારી રીતે યાદ હતોઃ

**रहिमन निज मन की व्यथा मन ही राखो गोय ।**
**सुन इहिलैहे लोग सब बांट न लैहेंकोय ॥**

વિવેકિએ પોતાના મનની વ્યથા પોતાના મનમાંજ રાખવી જોઈએ. કોઈને કહેવી ન જોઈએ; કારણ બીજાને કહેવાથી કોઈ લાભ થતો નથી. પોતાની વ્યથાને કોઈ સમજી શક્તું નથી કે કોઈ ઓછી પણ કરી શક્તું નથી જેને પણ આપણે આપણું દુઃખદર્દ સંભળાવશું

તે દરેક જાણ રાગદ્વેષ અને અજ્ઞાનવશ આપણને જ દોષી ઠરાવી વધુ દુઃખી કરશે. કાં તો આપને દીન-હીન દુઃખી માની, વખાનો માર્યો સમજી દયા દ્રષ્ટિથી જોશે. આપણી અને આપણા કુટુંબીઓની નબળાઈ જ્યાં ત્યાં સંભળાવી બદનામ પણ કરી શકે છે. અને આપણી નબળાઈઓનો ગેરફાયદો પણ લઈ શકે છે.

આ બધી નુકસાનીઓની જાણ છતાં તેઓથી રહેવાતું નથી; કારણ કે કુટુંબીજનોથી ઉપેક્ષિત થઈ તેઓનું મન એટલું ભારે થઈ જાય છે કે એકબીજાને પોતાના સુખ દુઃખ જણાવ્યા વગર રહી નથી શકતાં. એમને થાય છે કે જો તેઓના મનનો ઉભરો ઠલવાશે નહી તો તેઓ પાગલ થઈ જશે. માટે સાંજે ફરવા જતા પોતપોતાના મનની વાતો એકબીજાને સંભળાવી મન હળવું કરી લેતા. તેઓના દીકરા-વહુઓમાંથી કોઈ પણ સમજદાર હોત તો તેઓની આ દશા ન થઈ હોત, કે ઘરની વાત બહાર કોઈને કહેવાનો વારો ન આવ્યો હોત.

તેઓ ભલે ભણેલા ન હતાં, વિદ્વાન ન હતાં, પણ નર્યા મૂર્ખ પણ ન હતા, બલકે તેઓ બુદ્ધિમાન હતા, સમજદાર હતાં. જીવનમાં ઘણી લીલી સુકી જોઈ હતી, અને લોકોની દષ્ટિથી તેઓ અનુભવી તો હતા જ.

માણસ વિદ્વાન ન હોય તો પણ બુદ્ધિમાન તો હોઈ શકે છે, કારણ પ્રાપ્ત કરેલ જ્ઞાનને વિદ્યા કહેવાય છે અને બુદ્ધિ જન્મજાત પ્રતિભાને કહેવાય છે, જે તેઓમાં હતી. નહીતો તેઓ જીવનમાં આટલી પ્રગતી શી રીતે કરત. આ કારણથી તેઓની બધી વાતો ગપ્પા-ટપ્પાના સ્વરૂપની ન હતી. ઘણી વાતો બીજાઓ માટે ઘણી ઉપયોગી, શીખવા જેવી અને પ્રેરણાદાયક હતી. તેઓ ક્યારેક

ક્યારેક ધાર્મિક ચર્ચા પણ કરતાં. પણ તેઓની ધાર્મિક ચર્ચા તત્ત્વજ્ઞાન વગરની હોવાથી અધૂરી જણાતી.

આ કારણથી હું જ્યાં સુધી એ સ્થાને રહ્યો ત્યાં સુધી તેઓના ખાટાંમીઠાં અનુભવો સાંભળી તેઓના જીવનમાં આધ્યાત્મિક પરિવર્તન લાવવાના ઉદ્દેશથી ત્યાં નિયમીત જતો જ્યાં બેસી તેઓ વાતો કરતા.

## ૫

તે પહાડી પ્રદેશ પ્રાકૃતિક સૌંદર્યની દૃષ્ટિથી શ્રેષ્ઠ તો હતોજ પણ અધ્યયન-મનન અને ચિન્તનની દૃષ્ટિએ ઘણો જ ઉપયોગી હતો. ઘણુંજ શાન્ત અને એકાંત સ્થાન હોવાથી મારૂં મન ત્યાં થોડા વધુ દિવસ રોકાવા માગતું તો હતુંજ અને સંજોગવશાત્ વિવેકી અને સદાસુખી જેવી જીજ્ઞાસુ અને વિરકત વ્યક્તિઓનો સંપર્ક સધાવાથી તો જાણે તેમના નિમીત્તે પણ બાકીના સમયનો સદુપયોગ કરવાનો સારો અવસર પ્રાપ્ત થયો હતો.

સદાસુખી અને વિવેકી બુદ્ધિમાન્ હતા એ કારણથી થોડાંજ દિવસોમાં તેઓ ઉંચા-ઉંચા અધ્યાત્મની ચર્ચા કરવા લાગ્યા. તેઓ માત્ર ઉંડી તત્ત્વચર્ચા કરતાં ન હતા પણ સંન્યાસ લેવાની વાતો પણ કરવા લાગ્યા હતાં. સન્યાસ લેવાની વાતો છે તો સારી પણ તેને યથાર્થ સ્વરૂપમાં ગ્રહણ કરી શકાય તો જ. અધિકાંશ લોકો માટે તો તે સ્મશાન વૈરાગ્ય જ હોય છે. માટે મેં તેઓને વધુ ફંફોળવાનો પ્રયત્ન કર્યો.

મેં વિચાર્યું "ક્યાંક એમ તો નથીને કે સાચા વૈરાગ્યને બદલે આ લોકો કૌટુંબિક પરિસ્થિતીથી હેરાન થઈ કોઈનો દ્વેષ કે ઘૃણા તો નથી કરતાં ને ? અને પોતે આ વાતને જ ભ્રમથી વૈરાગ્ય માની બેઠાં હોય."

આવી પરિસ્થિતીમાં પણ લોકો સભ્ય ભાષામાં આમ બોલે છે. માત્ર બોલતાજ નથી પણ તેઓને એમ લાગવા માંડે છે કે તેઓ વિરાગી થઈ ગયા છે. જ્યારે કે તેમને વૈરાગ્ય નહી પણ ખરેખર તો દ્વેષ પેદા થાય છે. રાગ પોતાનું સ્વરૂપ બદલે છે અને એજ રાગ દ્વેષમાં પરિણમીત થાય છે, જેને તેઓ વૈરાગ્ય કે સન્યાસ માની લે છે.

જ્યારે મેં તેમના અન્તર્મનને વધુ ઉંડાણથી ઢંઢોળ્યું ત્યારે ખબર પડી કે તેઓ સંઘર્ષોનિ સામે થવાને બદલે તેનાથી ગભરાઈને ભાગી રહ્યા છે. તત્ત્વજ્ઞાનના અભાવથી કોઈ સન્યાસ તરફ કેવી રીતે અગ્રેસર થઈ શકે.

મારા આત્મીય વર્તનથી તેમને એમ લાગ્યું કે હું એમનાથી ઘણા સમયથી પરિચિત હોઉં માટે તેઓએ આત્મીયતા દર્શાવતા કહ્યું. "ભાઈ! ક્ષમા કરજો, અમને યાદ નથી કે અમે આપને આ પહેલા ક્યારે અને ક્યાં મળ્યા છીએ, પણ મળ્યા છીએ આ વાત ચોક્કસ છે."

મેં તેમને કહ્યું, "હું તમારી વાતો છેલ્લા ચાર દિવસથી સાંભળતો આવ્યો છું. બસ, એ વાતો પરથી હું તમારા નામ, વ્યક્તિત્વ તેમજ વિચારોથી પરિચિત થયો છું. મારા મતે તો મારો આપની સાથે ઘણું કરીને આ પહેલોજ પરિચય છે. પણ મને તમે લોકો પણ ચિરપરિચિત લાગો છો.

જો કે લોકનીતિ મુજબ મારે પ્રથમ પરિચયમાં તમને ઉપદેશની ભાષામાં કોઈ વાત ન કરવી જોઈએ પણ તમારા પ્રત્યે મને ધર્મસ્નેહ બંધાઈ ગયો; માટે હું તમને કંઈ કહું તો તમે મને ક્ષમા કરશો."

મેં કહ્યું, તમે લોકો તમારા જીવનમાં કરેલ ભૂલો માટે પશ્ચાતાપ કરી રહ્યા છો અને દોષોને દૂર કરી પાપોનું પ્રક્ષાલન કરો છો તે સારી વાત છે. પણ આજ સુધી તમારા કૌટુંબિક જીવનની સમીક્ષાજ માત્ર કરી છે. તમારી પરલોકની દૃષ્ટિથી તમારી સમ્યક્ સમાલોચના કરો તે વગર સંન્યાસ અને સમાધિની પ્રાપ્તિ કેમ સંભવે?

ઉપરાંત મેં તેમને મારો સામાન્ય પરિચય કરાવ્યો તો વિવેકીએ કહ્યું, ''ઓ ! આપ તો લેખક પણ છો ને ? મેં તમારી કેટલીક ચોપડીઓ વાંચી છે. ત્યારે તો હું મનમાં વિચાર કરતો હતો કે મેં આપને પ્રત્યક્ષ નહી પણ પરોક્ષ રૂપે પુસ્તકોમાં જોયા છે.

''ભાઈ! હવે તો આપ અમારા પરોક્ષ ગુરૂ પણ છો. અમે તો આપના પુસ્તકોમાંથી ઘણું બધું શીખ્યા પણ પ્રત્યક્ષ ગુરૂ વગર જ્ઞાન થતું નથી. ભલે કોઈ ગમે તેટલી ચોપડીઓ વાંચે પણ સ્પષ્ટીકરણ તો ચર્ચાથીજ થાય છે, ફક્ત ચોપડીઓ વાંચવાથી નહી. એક વાત ચોક્કસ છે કે ગુરૂ તો કોઈ કોઈ વાર મળે છે અને જિનવાણી તો સદાય બોધક છે, હંમેશ આપણી સાથે છે, જ્યારે મન થાય ત્યારે વાંચો. હું ગુરૂનું મહત્ત્વ બતાવી, જિનવાણીની ઉપયોગીતાનો ઈન્કાર નથી કરતો. પણ વાંચવાનું મહત્વ જુદૂં અને સાંભળવાનું જુદૂં હોય છે. બન્ને એક બીજાના પૂરક છે. વિરોધી નથી.

જ્યારે તમારી સાથે પ્રત્યક્ષ પરિચય થઈ જ ગયો છે તો તમે અમને સમજાવો કે અમારે પોતાનું શેષ જીવન શી રીતે જીવવું જોઈએ ?

અમે અમારા જીવનમાં દુનિયાને સારી પેઠે જોઈ-પારખી

લીધી છે. હવે અમારો જીવ આ દુનિયાથી ધરાઈ ગયો છે. આ દુનિયામાંથી અમારો જીવ ઉઠી ગયો છે. આખું જગત સ્વાર્થી છે; ચાહે તે જીવનભર સાથ નિભાવવાના કસમ ખાવાવાળી પત્ની કેમ ન હોય? કે, ભાઈ ભત્રીજા કેમ ન હોય? પત્ની શું? કે પુત્ર-પૌત્રો, બધાંજ પોતપોતાનાં સુખના સાથી છે, શાસ્ત્રોમાં પણ ઠેકઠેકાણે એમજ કહ્યું છે. જુઓ વૈરાગ્ય ભાવનાની કેટલીક પંક્તિઓ.

**कमला चलत न पैंड़ जाय मरघट तक परिवारा ।**
**अपने अपने सुख को रोवें पिता-पुत्र दारा ॥**

જીવનનો અન્ત થતાં કમલા (ધન-દોલત) જીવ સાથે એક ડગલું પણ નથી આવતી જ્યાં ને ત્યાંજ પડી રહે છે. સગા વહાલા પણ માત્ર સ્મશાન સુધી આવીને પાછા ફરે છે. પુત્ર-પૌત્રાદિ કુટુંબીજનો ત્રણ દિવસ પછી કામે ચઢી જાય છે. અને તેર દિવસ પછી તો સમજો કે તેઓના સોનાના દિવસો પાછા આવી જાય છે. બધાં પોતપોતાના રાગ-રંગમાં મસ્ત બની જાય છે; પછી કોણ કોને યાદ કરે છે ?

જે લોકો પછીથી પણ રડતાં દેખાય તે બધા પોતપોતાના સ્વાર્થનેજ યાદ કરી રડતાં હોય છે. આ સ્વાર્થી જગતની ગાથાઓ ક્યાં સુધી ગાઈયે ?

આ કારણથી અમે સંન્યાસ લઈ આત્મસાધના વડે સમ્યક્-સમાધિથી જીવનને સુખમય બનાવવા માંગીએ છીએ-આ જીવન તે કાંઈ જીવન છે ? જેમાં સંઘર્ષ ને સંઘર્ષ જ હોય, એક ઘડીની પણ શાંતી ન મળે. આવી કષાયાગ્નિમાં બળવું હવે અમને એક ક્ષણ પણ ગમતું નથી. માટે આપ અમને સંન્યાસ તથા સમાધિનું

સ્વરૂપ સમજાવો.

તેમની સન્યાસ અને સમાધિ લેવાની તીવ્ર ભાવનાઓ જોઈ તેઓના પરિણામોની સાચી સ્થિતિ જાણવા મેં કહ્યું, "જુઓ ! ધર્મ આપણને જીવન સંઘર્ષથી દૂર ભાગી જવાનું શિખવતો નથી. બલકે, તે પર્યાયનું સત્ય સમજાવી તેઓની સાચી સમાયોજન કરે છે; સમજુતિ કરતાં શિખવાડે છે. કોઈ કવિએ આવા પલાયનવાદિઓને ધબડાવતા ત્યાં સુધી કહ્યું છે કે;

जिनसे घर मांहि कछु ना बन्यो, वे वन जाहि कहा करि है?

જે ઘરમાં કષાયોને કારણે નિર્માણ થયેલ કૌટુંબિક જીવનની નાની નાની પ્રતિકૂલતાઓનો ધીરજથી સામનો કરી શકતાં નથી તે મુનિ જીવનની કઠોર સાધના શી રીતે કરશે? તથા કુદરતની આપત્તિઓ અને અન્યોએ કરેલા ઉપસર્ગોનિ કેમ સહેશે?

જીવન તો સંઘર્ષોનું બીજું નામ છે. અને સંઘર્ષોનો જન્મ બહાર નહી પણ અન્તરમાંજ થાય છે. તત્ત્વજ્ઞાનના અભ્યાસથી જેમ જેમ કષાયો મંદ થશે, રાગ-દ્વેષને કારણે ઉત્પન્ન થયેલ સારી નરસી કલ્પનાઓ મર્યાદિત બનશે. સંઘર્ષો પણ મર્યાદિત થતાં રહેશે. કષાયોનું શમન જીવનથી ભાગી જવાથી નહી, સત્યને સમજીને અને તેને સ્વિકારી લેવાથી થશે. માટે સૌ પ્રથમ પૂરી તાકાતથી સત્યને સમજવામાં લાગી રહેવું પડશે.

તે પહેલા આપણે શાસ્ત્રાભ્યાસથી તત્ત્વનિર્ણય કરવો પડશે, જ્ઞાન સ્વભાવી આત્માને નિશ્ચયથી જાણવો પડશે. સાચા દેવ-શાસ્ત્ર-ગુરૂના યથાર્થ સ્વરૂપને સમજવું પડશે. પછી જે પરની પ્રસિદ્ધિમાં જ નિમિત્ત બને છે એવી પાંચે ઈન્દ્રિયો, મન અને મનના વિષયો પરથી પોતાની રૂચિને દૂર કરી આત્મ સમ્મુખ થવું પડશે, ત્યારેજ

સન્યાસ તેમજ સમાધિની પાત્રતા પ્રાપ્ત થશે. સન્યાસ અને સમાધિનો શુભારંભ અહીંથી જ થાય છે.

તમારે આજથીજ સ્વાધ્યાય કરવાનો સંકલ્પ કરવો પડશે. જ્ઞાન સર્વ સમાધાનકારક છે, જે માત્ર સ્વાધ્યાયથી જ પ્રાપ્ત થઈ શકે છે. જેને સમતાથી, નિષ્કષાયભાવથી જીવતાં આવડતું નથી તેનું મરણ સમાધિપૂર્વક કેમ થઈ શકે? નથી થઈ શકતું કારણ કે નિષ્કષાયભાવ કે શાંત પરિણામ થવાનું બીજું નામ સમાધિ છે.

માટે, જેને પોતાનું મરણ સમાધિપૂર્વક સંપન્ન કરવું હોય તેણે પોતાના શાંત સ્વસ્થ જીવનકાળ દરમિયાન સમાધિ કરવી પડશે. સમાધિ એવી કોઈ સંજીવની જડીબુટ્ટી નથી કે જેને કેવળ મૃત્યુ સમયે પીવાથી કામ ચાલી જાય. આ તો આત્માની સાધના છે. જીવન જીવવાની કલા છે. આરાધના છે, જેની જીવનભર સાધના કરાય છે.

આ પવિત્ર ભાવનાથી જ્યારે મેં એકવાર સમાધિ પાઠ સાંભળવાની ભાવના વ્યક્ત કરી ત્યારે આ અજ્ઞાની જગતે તે ઘટનાને કેવું સ્વરૂપ આપ્યું તે પણ એક સાંભળવા જેવી કથા બની ગઈ છે.

સદાસુખી અને વિવેકી બન્ને મારી એ કથા સાંભળવાનો આગ્રહ કરવા લાગ્યા, પણ ઘણું મોડુ થવાને કારણે તે દિવસે હું તે વાર્તા તેઓને ન સંભળાવી શક્યો. પણ બીજે દિવસે સંભળાવવાનું આશ્વાસન આપી તે દિવસે મેં તેમની વિદાય લીધી. તેઓ પોતાના મનમાં તે (કથા) સાંભળવાની અભિલાષા સાથે તે દિવસે પોતપોતાને ઘેર જતાં રહ્યાં.

## ૬

અષાઢ માસનો શુક્લ પક્ષ હતો. દરિયાપરથી ચોમાસું આગળ ધપી રહ્યું હતું, વાદળા ઘેરાતા હતાં, વીજળી ચમકતી હતી, બે દિવસથી સૂર્યના દર્શન પણ થયાં ન હતાં. મારા પ્રવાસના છઠ્ઠે દિવસે સવારથી જ વાદળાં છવાઈ ગયાં હતાં. બપોર સુધી તો છવાતાં રહ્યાં પણ બપોર બાદ મૂસળધાર વરસાદ વરસવાનો પ્રારંભ થઈ ગયો, જે સાંજ સુધી થોભ્યોજ નહી. બધે પાણી જ પાણી ફેલાઈ ગયા હતા. નાના મોટા નદી નાળા પણ ઉભરાવા માંડ્યા હતા. રસ્તાપર ઘુંટણસમા પાણી ભરાયાં હતાં. આવી પરિસ્થિતીમાં તે દિવસે હરવા ફરવા નિકળવાનો કોઈ વિચાર પણ કરી શકતું ન હતું અને શક્ય પણ ન હતું.

આબાલ વૃદ્ધ બધાજ પોતપોતાના ઘરોના છજ્જામાંથી બારી બારણાઓમાંથી ડોકાઈ ડોકાઈ વરસાદનો આનંદ માણી રહ્યાં હતાં. પણ સદાસુખી અને વિવેકી બેચેન હતાં. વરસાદ થોડો પણ થંભી જાય તેની તેઓ વાટ જોતાં હતાં જેથી તેઓ મારા રહેઠાણ પર આવી શકે. કારણ તેઓને મારી પાસેથી તે કથા સાંભળવાની ઉત્સુકતા હતી, જે હું આગલે દિવસે સમયના અભાવે સંભળાવી શક્યો ન હતો. તેને માટે એક કલાકમાં તેઓના ત્રણ ત્રણ ફોન આવ્યા હતાં, જે તેઓની આતુરતાનો પરિચય આપતાં હતાં.

વરસાદ થોડો ધીમો પડ્યો કે તરતજ તેઓ મારે ઘરે આવી ચઢ્યાં; અને આવતાની સાથે જ વિવેકી બોલ્યો, "અમે માત્ર તમારો એ કિસ્સો સાંભળવા આવા વરસાદમાં ભીંજાતા આવ્યા છીએ, જે ગઈ કાલે સાંભળવાનો રહી ગયો હતો. માટે આપ કોઈ પ્રકારની પરોણાગત કર્યા વગર સૌ પહેલાં તે કિસ્સો સંભળાવો."

તેઓની ઉત્સુકતા જોઈ મે કહ્યું, "હાં, હાં, સંભળાવું છું, પહેલાં જરા ગરમ તો થાઓ, વરસાદમાં ભિંજાતા આવ્યા છો તે. બીજું કંઈ નહી તો પહેલા એક કપ ગરમ ચાય તો પિઓ, પછી શાંતીથી પેલો પ્રસંગ સંભળાવીશ."

સદાસુખી બોલ્યો, "ભાઈ શ્રી! અત્યારે અમારે કોઈ ચીજની જરૂર નથી તમે તો...." "તમારે જરૂર નથી તે ઠીક છે પણ અમારૂં પણ કંઈ કર્તવ્ય છે કે નહી? અરે ભાઈ ! ઘરે આવેલા મહેમાનોનું કંઈ પણ આતિથ્ય થવું જોઈયે કે નહી ?", મેં કહ્યું. સદાસુખી બોલ્યો, "અમે અત્યારે ચા-પાણી કંઈજ લઈશું નહી, આપ બીજો કોઈ વિચાર પણ ન કરશો. આમ પણ તમે પોતે પ્રવાસી છો, પરદેશી છો, જ્યારે અમે તમારા ઘરે આવશું ત્યારે પેટભરી આપની મહેમાનગતી માણીશું. હમણાં તો આપ અમારા મહેમાન છો માટે જો અમારૂં આમંત્રણ સ્વીકારી કાલે અમારે ઘરે આવો તો કૃપા થશે. તમારા સાનિધ્યમાં અમને ચોક્કસ લાભ મળશે. અમારે આપની સાથે ઘણી વાતો કરવી છે. ઘણી શંકાઓનું સમાધાન કરવું છે.

મેં કહ્યું, "અરે ભાઈ! આ તો આપણી ભારતીય સંસ્કૃતિ છે. તેને તો ટકાવવી જ જોઈયે ને ?

અને તમે ઘરની વાત કરો છો તે ભાઈ ! જ્યાં ઉતર્યાં તે

જ ઘર. અલ્પાહાર માટે શું ઘર ? શું પરદેશ ? શું હું પરદેશમાં ભોજન કરતો નથી ? કે નાસ્તો કરતો નથી ?

ભલે ફૂલ નહી તો ફૂલની પાંખડી, પણ ઘર પર આવેલ મહેમાનોનો સત્કાર તો થવો જોઈએ.

આતિથ્ય સત્કારની ઔપચારિકતા બાદ મેં પોતાની વાતનો પ્રારંભ કરતા કહ્યું, "વાત વીસ વર્ષ જુની છે. ત્યારે મારી ઉંમર સાડત્રીસ-આડત્રીસની હશે. તે સમયે મને એવો તાવ આવ્યો કે જેને કારણે મારા શરીરમાં અસહ્ય વેદના થવા માંડી. ત્યારે મારી પત્નીને બોલાવી મે કહ્યું, "તું મને એવું આધ્યાત્મિક ભજન સંભળાવ જેમાં શાંતીદાયક સ્રોત્ર હોય, વૈરાગ્ય પ્રેરક કાવ્ય સંભળાવ જેથી મારૂં ધ્યાન ફરે અને મારી પીડાનું ભાન ન રહે. એ બિચારી બધું કામ છોડી મારી પાસે આવીને બેસી ગઈ અને જિનવાણીમાંથી સારા સારા સ્રોત્રો અને ભજનો સંભળાવવા લાગી.

સંભળાવતા સંભળાવતા તેની દૃષ્ટિ સમાધિમરણ પાઠ પર પડી. સૂરચંદકૃત સમાધિમરણ પાઠ વૈરાગ્ય પ્રેરક તો છે જ, કર્ણપ્રિય પણ છે. ભાવથી તે સહેલાઈથી સમાધિમરણ પાઠ વાંચવા માંડી. હું પણ તે વૈરાગ્ય પ્રેરક પ્રસંગોથી ભાવનાવશ થઈ મનોભાવોને એકાગ્ર કરી તેમાં તન્મય બની પોતાની શારિરિક પીડાને ભૂલવાનો પ્રયત્ન કરવા લાગ્યો. આમ તે દિવસે તે આધ્યાત્મિક ભજન અને સ્રોત્રાદિના પાઠો મારી ઉપર અચૂક રામબાણ ઔષધિ જેવા સાબિત થયા. ખરેખર મારૂં ધ્યાન ફેરવાયું અને પીડાની અનુભૂતિ ઓછી થતાં મારા ઉંહકારા ઓછા થયા. મારા ઉંહકારા ઓછાં થતાં જાણી મારી પત્ની વધુ ઉત્સાહથી અને મધુર અવાજે મોટેમોટેથી પાઠ ગાવા માંડી.

પાડોસીઓએ પણ તે અવાજ સાંભળ્યો, તેઓને નવાઈ લાગી. અરે! આ કેવા સ્વરો સંભળાય છે ? કોનો મૃત્યુ મહોત્સવ શરૂ થયો છે ? અરે ! આ તો બેનશ્રીનો અવાજ છે. ગઈ કાલે તો ભાઈશ્રી સાજાં સારા હતાં, હસી-હસી વાતો કરતાં હતાં, એક રાતમાં આ શું નું શું થઈ ગયું ? એક એક કરીને બધા આડોશી-પાડોશીઓ મારો અન્તસમય નિકટ આવેલો સમજીને સહાનુભૂતિ પ્રકટ કરવા આવવા લાગ્યા.

'અરે ! હજુ ઉંમર પણ શું છે, પણ મોત ઉંમર કયા જુએ છે? હમણાં સુખના દિવસો આવ્યાં છે, આજ સુધી તો બિચારાઓએ દુઃખ જ જોયું છે. બીજો બોલ્યો, "માણસ ભલો હતો, પણ કાળ પર કોનો કાબુ છે. જે જેટલું આયુષ્ય લઈ આવ્યો હોય તેટલું જ જીવે." આ પ્રકારે જાતજાતની વાતો થવા માંડી. પણ એવું કશુંજ બન્યું ન હતું. ન તો કોઈ મર્યું હતું કે ન કોઈ મરણાસન્ન હતું. હું માત્ર તાવથી પીડાતો હતો, અને પોતાનું ધ્યાન બીજે દોરવા પોતાના દુઃખને ભૂલાવવા, આર્તધ્યાનથી બચવા તેમજ સમતાભાવથી સમય વિતાવવા શાન્તિપૂર્વક સમાધિમરણ પાઠ સાંભળતો હતો.

જેમ અરહંત કે રામનું નામ સત્ય, શિવ અને સુંદર છે અને તે નામ લેવાથી સદ્દગતિ મળે છે, પરન્તુ "અરહંત નામ સત્ય છે, રામ નામ સત્ય છે, સત્ય બોલો ગત્ય છે" આ વાક્ય શબયાત્રા સાથે જોડાયું છે, મોતનું પ્રતીક બની ગયું છે. માટે તેને મૃત્યુના અવસર વગર બીજે ક્યાંય બોલવું અશુભ અપશુકનિયાળ મનાય છે.

જેમ લગ્ન પ્રસંગે 'અરહંત નામ સત્ય હૈ' 'રામનામ સત્ય હૈ' બોલાતું નથી તેમજ દુનિયાની સ્થિતિ એવી છે કે સમાધિમરણનો પાઠ કોઈપણ વાંચી-સાંભળી શકાતો નથી. અને મંદવાડમાં પણ

જે લોકો વયોવૃદ્ધ અને મરણસમીપ આવી પહોંચ્યા હોય તેઓનેજ સમાધિમરણનો પાઠ સાંભળવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય છે અને તે પણ જ્યારે તેઓની બધી ઈન્દ્રિઓ શિથીલ થઈ હોય, ડૉક્ટરે છેલ્લો જવાબ આપ્યો હોય વ્યક્તિ બેભાન થઈ જાય, તેનામાં સાંભળવાની શક્તિ રહી ન હોય કે ન વિચાર કરવાની કે સમજવાની ક્ષમતા હોય. એવી હાલતમાં સંભળાવવાથી શો લાભ થવાનો છે? કોરા કાનમાં મંત્ર આપવાથી તો મુક્તિ નથી મળતી. અમારી તો એજ શુભકામના છે કે કોઈ યુવાન કે પ્રોઢનો મરણ પ્રસંગ જ ન આવે પણ મોતપર કોનો કાબુ છે. કદાચ કોઈ યુવાનનું આયુષ્ય પુરૂં થયુ હોય અને તેને મરવું પડે તો તેને સમાધિ સાંભળ્યા વગર મરવું પડે, કારણ યુવાનોનું મોત કોઈને ગમતું નથી.

સાચી રીતે સમાધિ મૃત્યુમહોત્સવ નથી પણ જીવન જીવવાની કલા છે. તેને તેવી જ દૃષ્ટિથી જોવાય. પણ એમ થતું નથી.

સમાધિપાઠ ફક્ત મૃત્યુ પ્રસંગે જ વાંચવા યોગ્ય છે એમજ માનવું ન જોઈયે; કે ન તેને મૃત્યુ પ્રસંગ સાથે જોડવો જોઈએ. એતો જીવનભર ચિંતવન કરવાનો વિષય છે; જેથી મૃત્યૃ સમયે સાધકના જ્ઞાનવૈરાગ્ય જાગૃત રહે અને તેને મોહનો ભાર મૂર્છિત ન કરી શકે.

મેં કહ્યું, ''સંજોગવશાત્ જેમ જેમ હું દર્દ ભૂલતો ગયો તેમ તેમ ઉંઘ ઘેરાવા લાગી અને થોડી વારમાં ઉંડી નિદ્રામાં સરી પડ્યો. દર્દ ને કારણે આખી રાત તો સુઈ નહોતો શક્યો તેથી ઉંઘ આવવાની હતી તે આવીજ ગઈ. અને આડોશ-પાડોશમાં પ્રસંગ હાસ્યાસ્પદ બની ગયો. લોકોને લાગ્યું કે કોઈ મડદું ઉઠીને બેઠું થયું છે.

ઉપર જણાવેલ પ્રસંગ સાંભળી સદાસુખી અને વિવેકીના હૃદયમાં સમાધિનું ખરૂં સ્વરૂપ જાણવાની તેમજ જીવનમાં અપનાવવાની જીજ્ઞાસા જાગી ઉઠી.

તેઓએ સંન્યાસ અને સમાધિ લેવાનો સંકલ્પ તો કરીજ લીધો હતો કેમકે તેઓ પોતાના લૌકિક જીવનથી કંટાળી ગયા હતા; અને પરલોકનું જીવન સુધારવાની ભાવના ભાવતા હતા. માટે મારા સ્વરૂપે તેઓને વિના પ્રયત્ને તે નિમિત્ત મળી ગયું, જે કદાચ દિવો લઈને શોધતાં પણ ન જડે. તેઓ કોઈ પણ ભોગે મારૂં સાંનિધ્ય છોડવા માંગતાં ન હતા. પણ રાત પડી જવાથી અને મોડું થવાથી તે દિવસે વધુ ચર્ચા ન થઈ શકી. બીજે દિવસે પાછા મળવાની આશા સાથે તેઓ પોતપોતાને ઘરે ચાલ્યા ગયા.

૭

તે જ પહાડી પ્રદેશ, તે જ લીલી વાડી, તેવું જ સુરમ્ય વાતાવરણ, પણ સદાસુખીને હવે બધુંજ બદલાયેલું લાગતું હતું, તેનું મન જ બદલાઈ ગયું હતું.

કોઈએ ઠીક કહ્યું છે, 'મનથી જીતેલો જીતે, મનનો હાર્યો હારે, સદાસુખીનું મન હવે પહેલાની માફક કથાઓમાં લાગતું ન હતું. તેની ભાવના અને અપેક્ષામાં હવે પહેલાં કરતાં જમીન આસમાનનો ફરક આવી ગયો હતો.

તેના વતી પોતાની ભૂલોનો સહજભાવથી સ્વીકાર કરવો અને હંમેશા પોતાના ગુણદોષોનું અવલોકન કરતાં રહેવું તે એક પ્રબળ પુરાવો છે.

જયાં પહેલાં તેની વાતો મહદ્અંશે રાજનીતિ અને બીજાઓની ટીકા-ટીપ્પણી પર જ કેન્દ્રિત રહેતી ત્યાં તેની ચર્ચાના મુખ્ય વિષયો ધર્મકથાઓ અને તાત્વિક વિષય બની ગયા હતા.

મને આ પહાડી પ્રદેશના પ્રવાસમાં વધુ સમય થયો ન હતો. લગભગ બે અઠવાડિયા થયાં હશે. તેમાં પણ પહેલું અઠવાડિયું સીધો પરિચય કરવામાં વીત્યું હતું. સદાસુખીના ગાઢ સંપર્કમાં આવતાં તો હજુ સાત દિવસ માત્ર વીત્યાં હતાં. દરમ્યાન તેના જીવનમાં

આવેલું ચમત્કારિક પરિવર્તન જોઈ હું પોતે ચકિત થયો હતો.

કોણ જાણે કયા જીવની કાળલબ્ધિ ક્યારે આવે ? કોની પરિણતિમાં ક્યારે ને ક્યાં પરિવર્તન આવે ? કોનો ક્યારે કેવો ભાગ્યોદય થાય? એ જ વાત મોતના સંદર્ભમાં પણ લાગુ પડે છે.

દુકાનદારોને મોઢે એમ કહેતા ક્યારેક સાંભળ્યું છે કે 'મોતનો અને ઘરાકનો કાંઈ ભરોસો નથી, ક્યારે આવી પડે' પણ કમાલ છે તે દુકાનદારોની જે તેની વ્યવસ્થા કર્યા વગર ઘરાકની પ્રતિક્ષા કરતાં હોય છે. જે કહેવત મોતથી સાવધાન રહેવા માટે બોલાય છે તેને ઘરાકો પર લાગુ કરીને દુકાન ન છોડવાની પ્રેરણા આપે, કોઈ ચતુર વેપારી બાપનુંજ કામ હોઈ શકે; જે પોતાના દીકરાઓને આ પ્રકારે પ્રેરણા આપે છે.

પણ હવે સદાસુખી આવા દુકાનદારોની શ્રેણી કરતાં ઘણી ઉંચી શ્રેણીમાં આવ્યો હતો. હવે તેની વિચારવાની રીત સાવ બદલાઈ ગઈ હતી. તે મોતનો અર્થ સારી રીતે જાણી ગયો હતો. હવે તે દુકાનદારીને તિલાંજલિ આપી મોતના મોઢામાં જતાં પહેલાં મોતનેજ વગર મોતે મારવાની ગોઠવણમાં લાગી ગયો હતો. અમર થવાના સમ્યક્ પુરૂષાર્થમાં લાગી ગયો હતો. ગયે અઠવાડિયેથી નિયમિત ચાલતી આવતી તત્ત્વ ગોષ્ટીમાં ગઈકાલે કોઈ કારણવશાત્ વિવેકી હાજર રહી ન શક્યો તો સદાસુખીને લાગ્યું કે વિવેક ઘણો મોટો ખજાનો ખોઈ બેઠો છે. તે ઘણી મોટી ભૂલ કરી બેઠો છે. તેનું માનવું હતું કે વિવેકને કોઈ પણ ભોગે તત્ત્વગોષ્ટિ જેવો સુવર્ણ અવસર ખોવો ન જોઈયે. આવા મંગલમય પ્રસંગો ક્યાં મળે છે? કોણ જાણે કયા જન્મનું પુણ્ય ફળ્યું હશે જે ઘેર બેઠાં જ્ઞાનગંગામાં ડુબકીઓ મારવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે.

બીજે દિવસે વિવેકી આવતાંની સાથે તેણે તેને ધૂળથી ભૂંડો કર્યો અને ઉંચા અવાજે બોલ્યો, "વિવેકી તમે ગઈ કાલે તત્ત્વગોષ્ટિમાં કેમ ન આવ્યા? એના કરતાં વધારે મહત્વનું તે વળી કયું કામ હોઈ શકે? તમને ખબર છે કે ભાઈશ્રી માત્ર મારા અને તમારા માટે જ અહીં રોકાયેલા છે.

સદાસુખીનો આક્રમક પેતરો જોઈ વિવેકી શિયાંવિયાં થઈ ગયો. તે સ્વબચાવમાં કંઈ કહેવા માગતો હતો ત્યાંજ ફરીથી ઘણાજ અસંતોષ સાથે કહ્યું, "હવે તમારૂં ઘર ગૃહસ્થીનું કોઈપણ બહાનું હું સાંભળવા માગતો નથી; જેનાં મોહમાં તમે આટલાં પાગલ થઈ રહ્યાં છો તેઓ દુઃખના દિવસોમાં કોઈ કામ નહી આવે? અને હવે તેઓને તમારા કામ કે સલાહની જરૂર પણ ક્યાં છે? તમે તમારી કમજોરીને કારણે પોતાનો અમુલ્ય સમય બગાડો છો તેઓ જો તમને ન છોડે તો પણ તમારે તેમનાથી એકત્વ-મમત્વ ઓછું કરવું પડશે.

સદાસુખીનું નાખુશ થવું અયોગ્ય ન હતું, બરાબર હતું. કેમકે તેનેજ મિત્ર કહેવાય જે પોતાના મિત્રના હિતમાં તેને કાર્યરત રાખે - કલ્યાણ માર્ગે દોરે.

સદાસુખીએ કંઈક નમ્ર થઈ ફરીથી કહ્યું, "જુઓ ભાઈ! હવે આપણે દુનિયાદારીમાં ગુંથાવાનો સમય રહ્યો નથી. ગઈ કાલે ભાઈશ્રીએ વ્યાખ્યાનમાં એક માર્મિક વાત કહી ત્યારે મને તમે બહુ યાદ આવ્યા. મેં તમને અહીં-તહીં બધે જોયાં પણ તમે ક્યાંય દેખાયાં નહી. તમારી ગઈકાલની ગેરહાજરીથી મારૂં ધ્યાન બગડતું હતું.

વિવેકીએ દિલગીરી દર્શાવતા જીજ્ઞાસા પ્રગટ કરી, "ભાઈશ્રીએ શું કહ્યું હતું ? કંઈ કહી શકશો ?"

"હાં, હાં કેમ નહી ? તમે મને શું સમજો છો ? એમ પણ હું ભાઈશ્રીની વાત ઘણા ધ્યાનથી સાંભળું છું અને ગઈ કાલે તમારા ન આવવાથી મારી જવાબદારી ઓર વધી ગઈ હતી. મેં એકએક વાત એકધ્યાને સાંભળી અને મનમાં ઉતારી દીધી"

સદાસુખીએ ભાઈશ્રીના વ્યાખ્યાનનો એક-એક અક્ષર દોહરાવતાં કહ્યું, "અરે ભાઈ ! સ્ત્રી-પુરૂષાદિ બધા કુટુંબીઓ અને સગાવહાલાં સ્વાર્થનાજ સાથી હોય છે કોઈ ભલે ગમે તેટલી મીઠી મીઠી વાતો કરે, ગમે તેટલા આશ્વાસન આપે પણ ખરા સમયે કોઈ કામ નથી આવતું. કોઈપણ દુઃખના દિવસોમાં દુઃખનાં સહભાગી થતાં નથી. કદાચ કોઈ થવા માગે તો પણ વસ્તુવ્યવસ્થાને કોઈનો હસ્તક્ષેપ સ્વીકૃત નથી. વસ્તુવ્યવસ્થામાં એવી કોઈ ગોઠવણ નથી કે કોઈ કોઈનાં સુખદુઃખમાં ભાગીદાર થઈ શકે.

શાસ્ત્રોનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું, "જુઓ ને ! ચોખ્ખું લખ્યું છે, "સુતદારા હોય ન સીરી .....

શાસ્ત્રોની વાતો ખોટી થોડીજ હોય છે

તેઓએ એક અન્ય ભજનની કંઈ લીટીઓ કહી હતી. જેના પદો નીચે મુજબ છે.

**तन कोई छूता नही चेतन निकल जाने के बाद ।**
**फेक देते फुल को खुशबू निकल जाने के बाद ॥**
**छोड देता माँ को बछडा पय निकल जाने के बाद ॥**

કદાચ આની આગળની પંક્તી ભાઈશ્રી ભૂલી રહ્યા હતા. જ્યાં તેઓ વિચાર કરવા રોકાયા ત્યાં મારે મોઢેથી નીકળી ગયું. કહી દો ભાઈશ્રી કે;

"बेटे माँ बाप को भी छोड देते स्वार्थ सध जाने के बाद ॥"

મેં આટલું જ કહ્યું કે બધા શ્રોતાઓની આંખો મારી તરફ વળી પોતાની અને બધાની દષ્ટિ જોઈ, પહેલાં તો હું છોભીલો પડ્યો, કારણ મેં મારો કોઈ અધિકાર ન હોવા છતાં પ્રયત્ન કર્યો હતો, મારે વ્યાખ્યાન વચ્ચે બોલવાની ધૃષ્ટતા કરવી નહોતી જોતી, જે મેં કરી, અને આ અપરાધ કરી બેઠો. પણ મેં જ્યારે બધાને મલકતા અને વખાણ કરતા સાંભળ્યાં ત્યારે મને લાગ્યું. કે, "જાણે મેં કોઈ મોટી ડહાપણની વાત કહી હોય, નહી તો તેઓ વ્યાખ્યાન વચ્ચે" વાહ ! વાહ! શા માટે કરે ? ખરૂં તો એ પીઢ લોકોના દિલનું દર્દ હતું જે મારે મોઢે અનાયાસે નિકળી પડ્યું હતું. તેથી બધાનું ખુશ થવું તો સ્વાભાવિક જ હતું. ભાઈશ્રીએ પણ મારી વાતને સમર્થન આપતા મારી એજ પંક્તિઓ ફરી ફરી કહી સંભળાવી.

"બેટા મા-બાપને પણ છોડી દે છે સ્વાર્થ સધાયા બાદ"

સદાસુખીને મુખેથી આ વાત સાંભળી વિવેકી પણ ઉછળી પડ્યો અને તેપણ વાહ-વાહ કરતો બોલ્યો, "વાહ, સદાસુખી તમે તો કમાલ કરી નાખી"

શું ધૂળ કમાલ કરી! તમે તો એવી રીતે દાદ આપો છો કે હું કોઈ મોટો કવિ કે શાયર હોવું. અરે ભાઈ ! મારે મોઢેથી તો તૂટ્યાં ફૂટ્યાં શબ્દોમાં મારૂં જનતાના દિલનું દર્દ નિકળ્યું હતું.

વિવેકીએ કહ્યું 'કવિ પણ આવીજ રીતે બને છે. આપને ખબર નથી કે વાલ્મીકિ મહાકવિ કેવી રીતે બન્યા?

તેમને લક્ષ્ય બનાવી કવિ સુમિત્રાનંદન પંતે આમ કહ્યું છેઃ

**वियागी होगा पहला कवि आह से उपजा होगा गान ।**
**उमड़ कर आंखो से चुपचाप, वही होगी कविता अनजान।।**

સદાસુખીએ આગળ કહ્યું, "ભાઈશ્રીએ પોતાના વ્યાખ્યાનમાં એક કહાનીના માધ્યમથી આ સ્વાર્થી જગતનું જે શબ્દચિત્ર પ્રસ્તુત કર્યું હતું તે મોહનીદ્રામાં પોઢેલ અમારા તમારા જેવા બધાં જીવોની આંખો ઉઘાડવા પૂરતું હતું.

વિવેકીએ પોતાની ભૂલનો અહેસાસ થતાં ફરી કહ્યું, "ભાઈ! મારાથી ખરેખર ભૂલ થઈ ગઈ મેં આવો સોના જેવો અવસર ખોયો. જો તે કહાની તમે સંભળાવી શકો તો ચોક્કસ સંભળાવો. હું ભવિષ્યમાં વેળાસર હાજર રહેવાની પૂરેપૂરી કોશીશ કરીશ.

વિવેકીના આગ્રહપર સદાસુખીએ ભાઈશ્રીના વ્યાખ્યાનમાં સાંભળેલી કહાણી સંભળાવતા કહ્યું, "એક શેઠ હતો. સાંઠ વર્ષનો થયાં છતાં સંપૂર્ણ નિરોગી હતો. અઢળક સંપત્તી, કારખાનાની અમર્યાદિત આવક, પાંચ પાંચ પુત્રો, તેઓની એક એકથી ચઢિયાતી એવી સુંદર અને સુશીલ વહુઓ, આનંદની ચિચિયારીઓથી ખુણે ખુણા ગજાવતા પૌત્ર-પૌત્રી, કુલવંતી પત્નિ, આજ્ઞાકારી પુત્રો અનુકૂળ આડોસી-પાડોસી, સેવાભાવી નોકર-ચાકર જે સદૈવ તેમની સેવામાં તત્પર રહેતા, વિલાયતી ગાડીઓ, મોટા-મોટા બંગલા, શું ન હતું તેમની પાસે? એક તત્ત્વજ્ઞાન વગર બધું જ હતું.

સદ્ભાગ્યે જ્ઞાનિઓના જીવનમાં આવી સ્થિતિ આવી જાય તો તેઓ આ જાહો-જલાલીની ક્ષણ-ભંગુરતા સારી રીતે જાણે અને આવી જાહો-જલાલીમાં તન્મય ન થાય કે તેનાથી વધુ પ્રભાવિત પણ ન થાય. પણ જો આવા બધા અનુકૂળ સંજોગો અજ્ઞાનિઓને

મળે તો તેમને અપચો થયા વગર ન રહે. તેઓને અભિમાન નો કેફ ચઢે.

શેઠ ખુશીરામને પણ આ બધું પચ્યું ન હતું. તે કારણે તે હવે આકાશમાં ઉડી રહ્યો હતા. તેનો પગ ધરતી પર ટકતો ન હતો. તે પોતાની સામે કોઈને ગણકારતો જ ન હતો. બધાને તુચ્છ ગણતો હતો. કોઈની સાથે સરખી રીતે વાત કરવાનું તો તે ભૂલીજ ગયો હતો, અને નીચે તરફ જોવાની તો તેને ટેવ જ ન હતી. પણ હંમેશ બધાજ દિવસો એક સરખાં નથી રહેતા. તે પણ તેઓમાંથી એક હતો, થોડાજ વખતમાં જમીનપર આવી પડ્યો.

એકવાર એવો માંદો પડ્યો કે લાખ પ્રયત્ન કરવા છતાં સાજો ન થયો. જ્યારે તે ચારેબાજુઓથી નિરાશ થયો ત્યારે તેને ભગવાન યાદ આવ્યા. અનાયાસે એક દિવસ તેને ઘરે એક મહાત્માજી આવી પહોંચ્યા

મહાત્માજીએ શેઠને સાંઠી વટાવેલા અને ઘણાંજ માંદા જોઈ બાકીનું જીવન ધર્મની આરાધનામાં વિતાવવાની સલાહ આપી.

તેમણે કહ્યું, "જુઓ શેઠ! હું મારા નિમિત્તજ્ઞાનથી તમારૂં ભૂત અને ભવિષ્ય સારી રીતે જાણું છું. પણ તમારૂં વર્તમાન પરિવર્તન જોઈ તમારૂં ભવિષ્ય સુખી જણાતું નથી. હવે તમારૂં પુણ્ય ક્ષીણ થવા માંડ્યું છે. તેને લઈને તમારા ઘડપણમાં સુખ શાંતિ દેખાતાં નથી. આગલો (હવે પછીનો) જન્મ પણ અંધકારમય દેખાય છે. માટે મારી સલાહ માનો તો શેષ જીવન જ્ઞાન વૈરાગ્ય સાથે સમતાપૂર્વક વિતાવો. જેથી વર્તમાન કાળમાં તમારી વ્યાકુળતા ઓછી થાય અને દુઃખની અનુભૂતિ ન થાય અને આવતો ભવ પણ સુધરે.

શેઠે કહ્યું, "મહાત્માજી! અમે જ્ઞાન વૈરાગ્ય શું જાણિયે? અમને તો તમે કંઈ ધન-પુણ્ય કરવા કહો તો. હું લાખ બે લાખ રૂપિયા ખર્ચી નાખું, પૂજાપાઠ કરાવી શકું-પણ ઘડપણમાં વાંચવાં-લખવાં અને સ્વાધ્યાય કરવાની શક્તી મારામાં ક્યાંથી હોય? હવે તો સંયમ-નિયમથી જીવવું પણ મારા હાથની વાત નથી"

સ્ત્રી-પુત્ર કુટુંબ-પરિવારના મોહચક્રમાં ફસાયેલાં શેઠની પાત્રતા પારખી સહુ પ્રથમ શેઠને સંસાર, શરીર અને ભોગોથી અરૂચિ પેદા થાય તે માટે મહાત્માજીએ શેઠને આ સ્વાર્થી જગતનું સ્વરૂપ સમજાવવાનો પ્રયત્ન કર્યો.

મહાત્માજીએ કહ્યું; "જુઓ શેઠ, તમે સ્ત્રી-પુત્ર, કુટુમ્બ-પરિવારની મોહ-જાળમાં ફસાઈ તમારૂં અમૂલ્ય માનવ-જીવન વેડફી રહ્યાં છો. પોતાના હિત અહિતને સાવ ભૂલી બેઠાં છો. પોતાના ભવિષ્યને અંધકારમય બનાવી રહ્યા છો. તેઓ કોઈજ તમને દુઃખના દિવસોમાં કામ નહી લાગે. આ દુનિયા ઘણીજ સ્વાર્થી છે. જેઓને તમે પોતાના માનો છો તે બધાં સ્વાર્થના જ સગાં છે. હવે તમે કુટુંબ-પરિવારના મોહમાં પડી વધુ પાપમાં ન પડો. પાપનું ફળ તો તમને એકલાને જ ભોગવવું પડશે.

"મહારાજ હું આપની સાથે જીભાજોડી કરવા માગતો નથી, કરી શકતો પણ નથી, તમે જે કહો તે આજ્ઞાનું પાલન કરવાની કોશીશ કરીશ. પણ આપે મારા કુટુંબ પરિવાર પર શંકા વ્યક્ત કરી તેઓને સ્વાર્થી કહ્યાં તે વાત પર મને વિશ્વાસ નથી. કારણ કે મને મારા કુટુંબ પર પૂરેપૂરો ભરોસો છે. તેઓ પોતાના પ્રાણ સમર્પિત કરવા હંમેશ તૈયાર રહે છે. આવા કુટુંબમાં મારૂં ઘડપણ દુઃખી શી રીતે બને?

તમને ખબર નથી કે મારા સ્ત્રી-પુત્ર મને એક ક્ષણ પણ દુઃખી જોઈ નથી શકતા અને એમતો આવતો જનમ કોણે જોયો છે? છતાંય મેં અવસર મળે દાન પૂણ્ય કર્યા છે, પૂજા પાઠ કરાવ્યા છે. તીર્થોના યાત્રાસંઘો કાઢી, મંદિરો બનાવી પોતાના આગલા ભવની પણ કંઈક ગોઠવણ કરી લીધી છે.

શેઠની વાતો સાંભળી મહાત્માજી મલકાયા. તેમણે કહ્યું; "શેઠ! તમે બહુ ભોળા છો. જ્યારે તમને પુનર્જન્મ-પાપ-પુણ્યમાં વિશ્વાસ નથી તો ધરમ-કરમ કરી આ રિઝર્વેશન ક્યાં કરી લીધું છે?

શેઠ ! આજ સુધી તમે પૂર્ણ પુણ્યોદયથી બધીબાજુએથી કુટુંબ-પરિવારની અનુકુળતા જોઈ. પ્રતિકુલ પરિસ્થિતી તો હવે ઉભી થઈ છે. હવે જુઓ કે કોણ કેટલું સમર્પણ કરે છે?"

શેઠે આત્મવિશ્વાસ બતાવી કહ્યું, "હું તમારી આ વાતથી સહમત નથી થતો. આમ કહી આપે મારા કુટુંબનું અપમાન કર્યું છે."

મહાત્માજીએ કહ્યું, "જુઓ શેઠ! આ તમે નહી તમારો મોહ બોલે છે. અહંકાર બોલે છે. ભલે તમને આજે મારી વાત પર વિશ્વાસ ન બેસે પણ ક્યારે તો તમને મારી વાત માનવી જ પડશે.

જો, તમને મારા નિમિત્તજ્ઞાન પર જરાપણ વિશ્વાસ હોય તો તદ્નુસાર તમને એટલું તો માનવું જ પડશે કે હવે તમારી જીંદગી માત્ર થોડા જ દિવસની રહી છે માટે તમારા જે અગત્યના કામો છે જે જલદીથી પૂરા કરો, નહીતો અહીનું બધુંજ અધુરૂં મુકી જવું પડશે. આવતાં ભવમાં પણ તમારો અતૃપ્ત આત્મ સુખ-શાંતિ પ્રાપ્ત

નહી કરી શકે. માટે તમારે આ બધાં વિકલ્પો તોડી પોતાનાં કલ્યાણને માર્ગે લાગી જવું જોઈયે.

મહાત્માજીને મોઢે પોતાના મોતની વાત સાંભળી શેઠની આંખે અંધારા આવ્યા. તે ઘણાં ગભરાઈ ગયાં.

પરિસ્થિતિનો ફાયદો લઈ મહાત્માજીએ શેઠના કાનમાં કંઈક વાત કહી. સાંભળવાની સાથે શેઠ મૂર્છિત બની મરણસમાં થઈ પડ્યાં રહ્યાં.

અચાનક શેઠની આવી સ્થિતિ જોઈ ઘરનાં બધાજ લોકો ગભરાઈ ગયાં. કોઈની સમજમાં કાંઈજ આવતું ન હતું કે જોતજોતામાં આ બધું શું થઈ ગયું? હમણાં તો સાજા સારાં મહાત્માજી સાથે ભલીભલી વાતો કરતાં હતાં અને તરતજ ગુજરી ગયાં.

પછી શું હતું? તરતજ બધા શેઠથી પ્રાપ્ત થતાં પોતપોતાના સુખોને યાદ કરી, સ્વાર્થોને યાદ કરી રડવાં લાગ્યાં.

રાતના દસ વાગ્યાં હતાં. તેથી આખી રાત તેઓને શેઠ પાસે બેસી પસાર કરવાની હતી. અર્ધા-પોણા કલાકમાં રડવાની ઔપચારિકતા પૂરી કરી બધાં ઘરની-બહારની વાતો કરવા માંડ્યા ભવિષ્યની રૂપરેખાઓ સ્વરૂપ લેવા માંડી તેમાં વળી મિલકતની માલીકી અને વહેંચણીની વાતો પણ થવા માંડી-દિકરા-દિકરીઓ અને ભાઈ-બંધુઓમાં એકજુદીજ પ્રકારની ગણગણ થવા માંડી. દિકરા-દિકરીઓ, ભાઈ-ભાંડુ ઘણી બેશર્મીથી સંપત્તીપર પોતાનો એકાધિકાર સ્થાપવાના ચક્કરમાં હતાં અને બધાંજ શેઠ પર પક્ષપાતનો આરોપ મૂકી તેમને સારાં-નરસાં શબ્દો બોલવા માંડ્યાં.

તે બિચારાઓને ક્યાં ખબર હતી કે શેઠજી મર્યા ન હતાં પણ મહાત્માજીની યોજના અનુસાર પોતાના પરિવારની પરીક્ષા લેવા તેમની ભાવનાઓને પરખવાં મહાત્માજી દ્વારા આપેલાં કાનમંત્ર અનુસાર મરવાનું નાટક કરી રહ્યાં હતાં. એવી સ્થિતિમાં ત્યાં જે કંઈ પણ વાતો થઈ હતી તે સાંભળી શેઠને મહાત્માજી પર કંઈક વિશ્વાસ બેઠો.

જો કે, શેઠજીને પોતાના કુટુંબીજનોની વાતોથી ક્રોધ આવતો હતો પણ તે લોકોની ભાવનાઓને હજુ ઉંડાણથી જાણવા માગતાં હતાં. માટે તેમજ મૃતવત્ આંખો બંધ કરી આખી રાત પડ્યાં રહ્યાં, અને તેમની વાતો સાંભળતાં રહ્યાં આથી તેમનું મન કુટુંબીજનો પ્રત્યે ગ્લાનિથી ભરાઈ ગયું. જેટલો તેમને તેઓ માટે પ્રેમ હતો તેથી પણ વધારે હવે દ્વેષ થવા માંડ્યો સવાર પડતાંની સાથે મહાત્માજી પાછાં શેઠને ઘરે સહાનુભૂતિ દર્શાવવાને બહાને આવી ચઢ્યાં. અને પોતાના આપેલ નિર્દેશ મુજબ શેઠના ઘરના બધાજ સભ્યોને બોલાવ્યા તથા એક વાટકામાં પાણીને મંત્રીત કરી એક એક કરીને બધાને કહ્યું કે જે આ મંત્રેલું જળ પી જશે તેના જીવનના વીસ-વીસ વર્ષ તેઓના પિતાને મળશે. પછી તમારા અંત સમય સુધી તમારા પિતા તમારી સાથે રહેશે. જો એકજણ પોતાના જીવનના વીસ વર્ષ આપવા માગતું ન હોય તો પતિ-પત્નિ બન્ને મળી અર્ધુ-અર્ધુ પાણી પીશે તો બન્નેના પોતપોતાનાં દશ-દશ વર્ષો પણ આપી શકે છે.

બધાં એક બીજાના મોઢાં સામે તાકતાં રહ્યાં, ઘણો સમય વીત્યો છતાં કોઈ પણ આગળ આવ્યું નહી ત્યારે મૃતવત્ પડેલ શેઠને ઘણો ગુસ્સો આવ્યો, ક્રોધથી તેમના હોઠ થરથર કાંપવા

માંડ્યા. તે જોરથી બરાડી ઉઠ્યાં-ખસી જાઓ બધા મારી સામેથી, હવે મને સમઝાયું કે તમે બધાં કેટલાં સ્વાર્થી છો આજે તમે મારો ભ્રમ ભાંગ્યો, મારી આંખો ઉઘાડી દીધી છે. હવે મને સમજાય છે કે મહાત્માજીનું કહેવું કેટલું સો એ સો ટકા સાચું હતું કે જેના પર મેં આજ સુધી વિશ્વાસ મુક્યો ન હોતો.

મહાત્માજીએ શેઠને શાંત પાંડતાં કહ્યું, "ભાઈ! એમાં એ લોકોનો દોષ નથી. તમે પોતેજ ભ્રમમાં હતાં. આ લોકો પોતાની ઉમર તમને આપવા ધારે તો પણ આપી નહીં શકે.

આ લોકાલોક સ્વસંચાલિત વસ્તુ વ્યવસ્થામાં એવું કઈ પણ બનવું સંભવ નથી. જેઓ એમ કહે છે તે દગો દે છે. (જુઠું બોલે છે) જે નિશ્ચિત છે તેને કોણ ફેરવી શકે?

મહાત્માજીએ શેઠને આગળ કહ્યું, "કોઈ કોઈને સુખી-દુ:ખી નથી કરી શકતું, જીવન-મરણ આપી શકતુ નથી; આયુષ્ય પણ આપી શકતું નથી

જુઓને સમયસારના બંધ અધિકારમાં આચાર્ય કુંદકુંદદેવે કેટલું સ્પષ્ટ લખ્યું છે:

*(૧૪ લીટીઓ સમયસારજીમાંથી)*

**मै मारता हूं अन्य को, या मुझे मारे अन्य जन ।**
**यह मान्यता अज्ञान है, जिनवर कहें हे भव्यजन ॥**
**निज आयुक्षय से मरण हो, यह बात जिनवरने कही ।**
**तुम मार कैसे सकोगे जब, आयु हर सकते नही? ।**
**निज आयुक्षय से मरण हो, यह बात जिनवर ने कही ।**
**वे मरण कैसे कहे तब, जब आयु हर सकते नही ? ॥**

मै हूँ बचाता अन्य को, मुझको बचाये अन्य जन ।
यह मान्यता अज्ञान है, जिनवर कहें हे भव्य जन ॥
सब आयु से जीवित रहे, यह बात जिनवर ने कही ।
जीवित रखोगे किस तरह, जब, आयु दे सकते नही? ।
सब आयु से जिवित रहे -यह बात जिनवर ने कही ।
कैसे बचावे वें मुझे जब आयु दे सकते नही ? ।
यह मान्यता अज्ञान है, क्यों ज्ञानियो को मान्य हो ? ॥

આ મુજબ બધાં જીવો પોતાનાં કરેલ પાપ પુણ્યના ફળ ભોગવે છે બીજું કોઈ કોઈને સુખી દુઃખી નથી કરી શકતું જો કોઈ બીજાને સુખી દુઃખી કરી શકતું હોય તો પોતે કરેલ પાપપુણ્યનું શું થશે? તેથી કોઈ એ કોઈ માટે રાગ દ્વેષ રાખવા વ્યર્થ છે.

જ્ઞાની આ શ્રદ્ધાનાં બળ વડે કષાયોને નબળા પાડી ને મોહ-રાગ-દ્વેષનું વમન કરી સમતાભાવ ધારણ કરે છે, તથા સંસાર, શરીર અને ભોગોની અસારતાને વારંવાર વિચાર કરી સાંસારિક સુખોથી સંન્યાસ લઈ લે છે. વિરાગી થઈ મુનિધર્મની સાધના વડે સ્વરૂપની પ્રાપ્તિ કરે છે. આ જ છે જીવન જીવવાની કલા; જેનાથી આપણે બધાં આજ સુધી અજાણ રહ્યાં છીએ. જો સાચું સુખ પ્રાપ્ત કરવું હોય તો આપણે આ બધાથી સન્યાસ લઈ પંચપરમેષ્ઠી અને શુદ્ધાત્માના શરણમાં જવું પડશે. આના અર્થમાં પંડિત જયચંદ છાબડાની નીચે જણાવેલ પંક્તિઓ વારંવાર સ્મરણ કરવા યોગ્ય છે:-

शुद्धातम अरू पंचगुरू, जगमे शरणा दोय ।
मोह उदय जिय के वृथा आन कल्पना होय ॥

મહાત્માજીનો આ સંદેશ સાંભળી શેઠની આંખો ખુલી ગઈ

અને તેણે દુનિયામાંથી સન્યાસ લેવાનો દ્રઢ સંકલ્પ કરી મહાત્માજીને સંન્યાસ વિષે વિસ્તારથી સમજાવવાની વિનંતી કરી.

મહાત્માજીએ કહ્યું, ''સંસાર, શરીર અને ભોગોને અસાર, ક્ષણિક તેમજ નાશવાન તથા દુઃખીદાયી અને દુઃખનું કારણ માની વિરક્ત થવું તેનું નામ સંન્યાસ છે તથા સમતાભાવને સમાધિ કહેવાય છે.

શાસ્ત્રીય શબ્દોમાં કહિયે તો, કષાય રહિત શાંત પરિણામોનું નામ સમાધિ છે.

તત્ત્વોનું મનન, મિથ્યાત્ત્વનું વમન, કષાયોનું શમન, ઈંદ્રિયોનું દમન-આત્મામાં રમણ આને જ તો સમાધિ કહેવાય; કે જે તમારે કરવાની છે.

સમાધિ માટે સૌ પ્રથમ સ્વરૂપની સમજણ વધુ આવશ્યક છે. તે સ્વરૂપની સમજણ પંચપરમેષ્ઠીની પહેચાનપૂર્વક થાય છે. અને સાચાં દેવ-શાસ્ત્ર-ગુરૂના શરણમાં આવવું પડશે. પંચપરમેષ્ઠિનું સ્વરૂપ સમજવું પડશે.

પુરૂષોની બોત્તેર કલાઓમાંથી બે કલા જ પ્રમુખ છે એક છે આજીવિકા અને બીજી જીવોદ્ધાર પહેલી કલામાં તો તમે સફળ થયા છો. બીજી કલાને પણ તમે પ્રાપ્ત કરો, સંન્યાસપૂર્વક સમાધિની સાધના કરી પોતાનું શેષ જીવન સાર્થક બનાવો.

આ પ્રમાણે મહાત્માજીની પ્રેરણા તેમજ પ્રયત્નોથી તથા શેઠના પોતાના ઉજ્જલ ભવિતવ્યથી શેઠને સન્માર્ગ મળી ગયો.

આ ધાર્મિક વાર્તા જ્યારે સદાસુખીને મોઢે વિવેકીએ સાંભળી ત્યારે તે ગદ્દગદ્દ થઈ ગયો તથા તેનો વિવેક પણ જાગૃત થયો.

વિવેકીને લાગ્યું કે તે તેના પોતાના જ જીવનની કહાણી છે. તેણે પણ તે દિશામાં સક્રિય થવાનો પ્રયત્ન કર્યો.

સદાસુખીને મુખેથી મારા વ્યાખ્યાનના અક્ષરે અક્ષર સાંભળી અને બેઉના જીવનને તે દિશામાં આ પ્રકારે પ્રભાવિત અને પરિવર્તિત થતાં જોઈ મને મારી આખી મહેનત સાર્થક થતી જણાઈ.

મને એ વાતનો પૂરેપૂરો સંતોષ તેમજ ભારે આનંદ હતો કે ભલેને જીવનનો ઉત્તરાર્ધ કેમ ન હોય પણ સદાસુખી અને વિવેકી બેઉ સન્માર્ગે લાગી ચુકયાં છે.

આ જ તો છે માનવ જીવનની સૌથી મોટી ઉપલબ્ધી જે તેમને આ પહાડી પ્રદેશમાં મારે કારણે મળી હતી. એટલે તો કહેવાય છે કે જ્યારે ભવિતવ્ય સુધરતું હોય ત્યારે વિપત્તિ પણ સંપત્તિમાં ફેરવાઈ જાય છે. અને નિમિત્તપણ આકાશમાંથી ઉતરી આવે છે.

જુઓને! હું પણ તે વન પ્રદેશમાં આકાશમાંથી જ ઉતરીને ગયો હતો ને? તેમાં મેં શું કર્યુ ? તેમની યોગ્યતાથી જ આ બનાવ બની ગયો હતો.

## ૮

જગતમાં સદાસુખી અને વિવેકી જેવા જિજ્ઞાસુ જીવ પણ વિરલ જોવા મળે છે, જે જગતના સ્વરૂપને જાણી સંસાર, શરીર અને ભોગોની અસારતાને ઓળખી પોતાના જીવનના ઉત્તરાર્ધમાં આત્મા-પરમાત્માના સ્વરૂપને, ધર્મના સ્વરૂપને જાણવાની જિજ્ઞાસા પ્રગટ કરે છે. પોતાનું શેષ જીવન નિષ્કષાયભાવથી સમાધિપૂર્વક જીવવા માગે છે.

મોટા ભાગના લોકો તો એવા હોય છે જે ખરાબ પરિસ્થિતિઓથી ગભરાઈ, જીવનથી નિરાશ થઈ જલદી ભગવાન પાસે પહોંચી જવાની ઈચ્છા રાખે છે. દુઃખદ વાતાવરણથી છુટવા સમય પહેલાં મરી જવા માગતા હોય છે. સદ્‌ભાગ્યે જો અનુકુલ પરિસ્થિતિ મળી હોય તો પોતાના આયુષ્યથી પણ વધુ જીવવાની નિષ્ફળ કામના કરી અતિ સંકલેશભાવથી મરી દુર્ગતીને પાત્ર થતાં હોય છે.

આવા લોકો બન્ને પ્રકારની પરિસ્થિતિઓમાં જીંદગીભર દુનિયાના જીવો સાથે અને પોતાની જાતસાથે સંઘર્ષ કરતાં કરતાં મરી જાય છે. તેઓ રાગદ્વેષથી પર થતાં નથી. કષાય-ચક્રની બહાર નિકળી શકતાં નથી. માટે મારે સદાસુખી અને વિવેકીની જિજ્ઞાસાને શાંત કરવી જ જોઈયે, તેઓની શંકાઓનું સમાધાન તો થવું જ

જોઈયે. નહીતો ક્યાંય પણ ભટકી શકે છે. આને માટે ભલે થોડો ત્યાગ કેમ ન કરવો પડે, હું અવશ્ય કરીશ અને જો કંઈ કરવું જ હોય તો આના કરતાં વધું સારૂં કામ ક્યું હોઈ શકે છે?

આ પ્રમાણે વિચાર કરતા કરતાં થોડો સમય હું વિમાસણમાં રહ્યો. અંતે, એક અઠવાડિયું વધુ રોકાવાનો મેં કાર્યક્રમ બનાવ્યો. મારે ઘરે જવાની ઉતાવળ પણ ન હતી. પણ નિર્ધારિત કાર્યક્રમ મુજબ મારા પ્રવાસનો સમય પૂરો થયો હતો માટે મારે સમયસર ઘરે પાછાં ફરવાની જરૂર જણાતી હતી જેથી મારે કારણે ઘરના લોકોને વ્યાકુળ ન થવું પડે પણ તે લોકોની વણસંતોષાયેલી જિજ્ઞાસાને અધવચ્ચે છોડી જવું મારા મનને સ્વીકાર્ય ન હતું.

છેલ્લા બે અઠવાડિયાં હું એકાન્તમાં ચિંતન મનનની દ્રષ્ટિથી કુટુંબીજનોને સ્પષ્ટ જણાવી અજ્ઞાતવાસમાં રહ્યો હતો. પણ હવે મારે વધુ રોકાવા આગળના કાર્યક્રમની સૂચના આપવાનું જરૂરી બની ગયું હતું, નહી તો બધા લોકોને ચિંતા થાય.

મારા સમાચાર ઘરે પહોંચતાની સાથેજ બીજે દિવસે મારી ધર્મપત્નિ ત્યાં આવી પહોંચી, એમ કહો કે તે મારા પત્રની વાટ જોતી જ હતી.

પત્નિને ત્યાં અચાનક આવેલી જોઈને મને ખૂબ નવાઈ લાગી.

મને વિચાર આવ્યો કે અજ્ઞાતવાસમાં જતે સમયે જેને હું સહધર્મી પતિના કર્તવ્યને નાતે ધર્મ લાભના હેતુથી કહી કહી થાકી ગયો હતો, તે જ આજે ઓચિંતી પોતાના પૌત્ર-પૌત્રિઓ અને વહુ-દિકરીઓના મોહને છોડી ઘર-બાર તેઓને ભરોસે મૂકી તેમજ વિષય-કષાયથી મોં ફેરવી અહીં સત્સંગ કરવા કેમ દોડી આવી?

ચાલો, કોઈ વાત નથી. 'જાગ્યા ત્યારથી સવાર' એમ વિચારી હું મનમાં ખુશ થયો.

મેં વિચાર્યું 'જે પત્નિઓ માત્ર વિષય-કષાય અને રાગ રંગમાંજ સહભાગી થાય છે, ધર્મસાધનામાં સંગાથ નથી આપતી તેઓને તો ધર્મપત્નિ કહેવડાવવાનો અધિકાર નથી. ઘણું ખરૂં મારી પત્ની હવે સાચા અર્થમાં ધર્મપત્ની બની જશે.

એમ જ બન્યું. તે ત્યાં મારી સાથે એક અઠવાડિયા સુધી ઘરના બધાં સંકલ્પ-વિકલ્પો છોડી સદાસુખી, વિવેકી તથા ત્યાંના સામાન્ય ભાવિક-ભાવિકાઓ સાથે ગોઠવાયેલી સામુહિક તત્ત્વગોષ્ટિઓમાં સક્રિય ભાગ લેતી રહી. તે કારણે તેના જીવનમાં તો આમૂલ પરિવર્તન આવ્યું જ પણ તેનાથી ઘણી સ્થાનીક મહિલાઓને પણ પ્રેરણા મળી.

વાતચીત વચ્ચે વિવેકીએ પૂછ્યું ''ભાઈશ્રી તે દિવસે આપે કહ્યું હતું કે, નિષ્કષાય ભાવ અથવા શાંત પરિણામોનું બીજું નામ જ સમાધિ છે અને તે નિષ્કષાય ભાવ કે કષાયોનું શમન વસ્તુ સ્વરૂપની યથાર્થ સમજણથી જ થાય છે. માટે હું જાણવા માગું છું કે વસ્તુસ્વરૂપની સમજણથી આપનું શું તાત્પર્ય છે?

વિવેકીની વસ્તુસ્વરૂપને સમજવાની જિજ્ઞાસા જોઈ હું પ્રસન્ન થયો અને મેં જિનાગમ અનુસાર વસ્તુસ્વરૂપની વ્યાખ્યા સમજાવતા કહ્યું: ''આ લોકાલોકના બધાં દ્રવ્યોને, પદાર્થોના વસ્તુત્વગુણોને કારણે વસ્તુ પણ કહે છે. આ બધી વસ્તુઓનું સ્વરૂપ પૂર્ણ સ્વતંત્ર અને સ્વાધીન છે. આત્મા પણ એક અખંડ, અવિનાશી અનાદિ-અનંત જ્ઞાનાનન્દસ્વભાવી પૂર્ણ સ્વતંત્ર વસ્તુ છે. તેનો સ્વભાવ

જ્ઞાતાદ્રષ્ટા રહેવાનો છે. ક્રોધ કરવો આત્માનો સ્વભાવ નથી, વિભાવ છે. સ્વભાવથી વિપરીત ભાવને વિભાવ કહેવાય છે. કામ, ક્રોધ, મદ, મોહ, લોભ વિગેરે ભાવો આત્માથી વિપરીત ભાવો છે. માટે તે બધા વિભાવ છે. જ્યાં સુધી આ જીવ વસ્તુ સ્વાતંત્ર્યના આ સિદ્ધાંતને સમજશે નહી અને ક્રોધાદિ વિભાવ ભાવોને સ્વભાવ માનતો રહેશે ત્યાં સુધી સમતા તેમજ સમાધિનું પ્રાપ્ત થવું શક્ય નથી.

એક જિજ્ઞાસુએ પ્રશ્ન કર્યો, "વસ્તુ સ્વાતંત્ર્યની સમજથી સમતા કેવી રીતે આવે ?"

મેં કહ્યું, "તમે બહુ સારો પ્રશ્ન કર્યો છે. એકધ્યાને સાંભળો આ બન્નેને ચોળી-દામન જેવો અત્યંત નિકટનો સંબંધ છે. પ્રત્યેક વસ્તુ અથવા લોકાલોકના બધાં પદાર્થો પૂરેપૂરા સ્વતંત્ર અને સ્વાવલમ્બી છે. કોઈ પણ દ્રવ્ય કોઈ પરદ્રવ્યને આધીન નથી, પરનો કર્તા-ભોક્તા પણ નથી. એવા શ્રદ્ધાન ને સમજથી જ સમતા આવે છે. કષાયો ઓછા થાય છે. રાગદ્વેષનો અભાવ થાય છે.

બસ, આ પ્રકારના શ્રદ્ધાન-જ્ઞાન અને આચરણથી આત્મા-નિષ્કષાય થઈ સમાધિમય જીવન જીવી શકે છે.

બીજો નવો જિજ્ઞાસુ બોલ્યો, "આ સમાધિની ચર્ચાનું હમણાં શું કામ છે? તે તો મરણ સમયે ધારણ કરવાની વસ્તુ છે ને?

મેં કહ્યું, "વાત એમ નથી. મૃત્યુ સમયે સમાધિરૂપ વૃક્ષના ફળો ખવાય છે. બી તો અત્યારે જ વાવવા જોઈયે ત્યારે તે સમયે ફળ મળશે.

સાંભળો ધ્યાનથી અનુભવીઓની વાતો સાંભળો શું કહે છે જ્ઞાનીજન-

**दर्शन ज्ञान-चरित्रको, प्रीतिसहित अपनाय ।**
**च्युत न होय स्वभाव से, वह समाधि को पाय ॥**
**सम्यग्दर्शन ज्ञान, चारित्र की समृद्धि-वृद्धि ही समाधि है ।**

મહાપુરાણના ૨૧ માં અધ્યાયમાં કહ્યું કે 'ઉત્તમ પરિણામોમાં ચિત્તને સ્થિર કરવાને યથાર્થ સમાધિ કહેવાય. અથવા પંચપરમેષ્ટિના સ્મરણને સમાધિ કહેવાય છે.

ભગવતી આરાધનામાં સમાધિ વિષે એવું લખ્યું છે કે 'સમ' શબ્દનો અર્થ છે એક રૂપ કરવું, મનને એકાગ્ર કરવું. શુભ ઉપયોગમાં મનને એકાગ્ર કરવું તે સમાધિનો અર્થ છે.

નિયમસાર ગાથા ૧૨૨માં સમાધિની ચર્ચા કરતાં કહ્યું છે કે 'વચનોચ્ચારણની ક્રિયાનો પરિત્યાગ કરી વીતરાગ-ભાવથી જે આત્માને ધ્યાવે છે તેને સમાધિ કહેવાય છે.

પરમાત્મ પ્રકાશની ૧૯૦મી ગાથામાં પરમ સમાધિની વ્યાખ્યા કરતાં કહ્યું છે કે 'સમસ્ત વિકલ્પોના નાશ થવાને પરમસમાધિ કહેવાય છે.

આ પ્રકારે સાધક શુભાશુભ વિકલ્પો છોડવાની ભાવના ભાવે છેં, તેમને હેય માને છે.

ત્રીજા જિજ્ઞાસુએ પૂછ્યું, "શું ધ્યાન, યોગ અને સમાધિમાં કોઈ ફેર છે?"

મેં કહ્યું ધ્યાનથી સાંભળો, "નવા નવા પ્રશ્નોના ચક્કરમાં પહેલો પ્રશ્ન અધૂરો રહી જશે. ધ્યાનના પ્રકરણમાં એમ કહેવાય છે કે 'ધ્યેય અને ધ્યાતાના એકીકરણ રૂપ સમરસીભાવ જ સમાધિ છે.

યોગ અને સમાધિમાં અંતર સ્પષ્ટ કરતાં સ્યાદ્વાદમંજરીની ટીકામાં એમ કહ્યું છે કે, 'બહારની વાતો અને અન્દરની વાતોના ત્યાગ સ્વરૂપને યોગ કહેવાય તથા સ્વરૂપમાં ચિત્તનો નિરોધ કરવાને સમાધિ કહેવાય છે.

તમારા પ્રશ્નનો જવાબ આમાંજ આવી જશે. આ પ્રમાણે જ્યાં પણ આગમોમાં સમાધિના સ્વરૂપની ચર્ચા આવી છે, તેને જીવનની સાધના, આત્માની આરાધના અને ધ્યાન વિગેરે નિર્વિકલ્પ ભાવો સાથે જોડ્યું છે, મરણ સાથે નહી. માટે સમાધિ પ્રાપ્ત કરવા મરણની પ્રતીક્ષા કરવાને બદલે જીવવાની કલા શીખવાની જરૂર છે. જે સર્વજ્ઞ સ્વભાવી આત્માની યથાર્થ સમજથી જ સંભવે છે.

તત્ત્વજ્ઞાનના અભ્યાસના બળથી જેમના જીવનમાં એવી સમાધિ હશે, તેમનું મરણ પણ નિયમ મુજબ સમાધિપૂર્વક જ થશે.

આ કારણથી આપણે પોતાના જીવનમાં જૈન દર્શના પ્રમુખ સિદ્ધાંતોનું અધ્યયન અને સતત અભ્યાસ ઘણોજ આવશ્યક છે. તેમની શ્રદ્ધાથી આપણા જીવનમાં આ સમાધિ દશા પ્રાપ્ત થઈ શકશે.

દુનિયામાં જેટલા જીવો જન્મે છે તે બધાજ મરે છે. આ પ્રકારે અસંખ્ય જીવો મૃત્યુ પામતાં હોય છે પણ બધા જીવોના મૃત્યુને મૃત્યુમહોત્સવનું નામ આપી શકાતું નથી. જેઓએ પોતાનું જીવન સમાધિપૂર્વક જીવ્યું હોય, મરણ પણ તેઓનું સમાધિપૂર્વક થાય છે.

વાસ્તવિક રીતે આધિ-વ્યાધિ અને ઉપાધિથી રહિત આત્માના નિર્મલ પરિણામોનું નામ સમાધિ છે. સમતાભાવ કે નિષ્કષાય ભાવનું નામ જ સમાધિ છે. તેની સાથે મૃત્યુનો શો સંબંધ ?''

આગમના આધાર પર કરેલી સમાધિની ચર્ચા સાંભળી જ્યાં વિવેકી તેમજ સદાસુખીએ સંતોષ પ્રકટ કર્યો ત્યાંજ તેમના મનમાં બીજા પણ અનેક પ્રશ્નો ઉભા થયાં. પણ સમય ઘણો વીતી ગયો હતો, અને ચર્ચા પણ ગંભીર હતી. માટે 'અતિ સર્વત્ર વર્જયેત્'ની નીતિમુજબ જરૂર કરતાં વધુ ચર્ચા કરવાનું મને ઠીક ન લાગ્યું. વાત ગમે તેટલી સુંદર કેમ ન હોય પણ અમુક હદ સુધી તેનો લાભ પ્રાપ્ત થાય છે. સીમાનું ઉલ્લંઘન થતાં અમૃતતુલ્ય છ રસોથી ભરપૂર વાનગી પણ ઝેર બની જાય છે. એવો વિચાર કરી વાતચીત બંધ કરી દીધી.

## ૯

સદાસુખી અને વિવેકી જે આજ સુધી જીવનથી નિરાશ થઈ પોતાના ઘડપણના દિવસો ગણતા હતાં, સમજો કે તેઓ મરવાની વાટ જોઈ રહયાં હતાં. તેમનું એકમાત્ર અંતિમ કાર્ય 'મરણ' બાકી હતું જેને તેઓ યેન-કેન-પ્રકારે જેમ સંભવ હોય તેમ સુધારી લેવા માગતા હતાં.

તેઓએ સાંભળ્યું હતું કે જેનું 'મરણ' સુધરે તેનો જ પરભવમાં સુખદ સંજોગોમાં જન્મ થાય છે. તેઓને જ સ્વર્ગની પ્રાપ્તિ થાય છે. અને જેમનું મરણ બગડે છે તેઓ નરક-નિગોદ વિગેરે ગતિઓમાં જઈ અનંતકાળ સુધી બહુજ દુ:ખ ભોગવે છે.

માટે તેઓ કહ્યાં કરતાં કે જીવન તો જેવું જીવ્યાં તેવું ખરૂં? હવે તેનું રોદણું રડવાથી શો પ્રયોજન? હવે તો વારે ઘડિએ એજ વિચાર આવે છે કે મરણ તો ન બગડે.

તે બિચારાઓને શું ખબર હતી કે 'જેને પોતાનું જીવન રડી રડીને પસાર કર્યું હોય જેને જીવનભર સંકલેશ ને સંકલેશ અને અશાંતિ ને અશાંતિ જ અનુભવી હોય, જેનું જીવન કેવળ વ્યાકુળતામાં જ વીત્યું હોય, જેને જીંદગીમાં સુખ-શાંતિ કોઈ દિવસ જોઈ ન હોય, નિરાકુલતાનો અનુભવ કર્યો જ ન હોય. જીવનમાં ઘણા માઠાં પરિણામો ભોગવ્યાં હોય. જીવનભર જેને આર્તધ્યાન

થયું હોય તેનું મરણ કદિ સુધરતું નથી કારણ જેવી મતી તેવી ગતિ.

આગમો મુજબ જેનો આયુષ્યબંધ જે પ્રકારના સંકલેશ કે વિશુદ્ધ પરિણામોમાં થાય છે તેનું મરણ પણ તે પ્રકારે જ સંકલેશ કે વિશુદ્ધ પરિણામોમાં થાય છે. માટે અહીં એમ કહેવાય કે જેવી ગતી તેવી મતી.

જ્યાં સુધી આયુબંધ નથી થયો ત્યાં સુધી મતી અનુસાર ગતિ બંધાતી જાય છે. આયુબંધ થતાં ગતિ અનુસાર મતિ થાય છે.

તે કારણે જો કુગતિમાં જવું પસંદ ન હોય તો મતિને વ્યવસ્થિત કરવી આવશ્યક છે.

જ્યારે મેં તેમને આ વાતથી અવગત કર્યાં ત્યારે તે ગભરાઈને બોલ્યાં, ''ભાઈશ્રી ! અમારૂં તો સંપૂર્ણ જીવન માઠાં પરિણામોમાં જ વીત્યું છે તો હવે અમારૂં શું થશે? અમારૂં કલ્યાણ શી રીતે થશે?

મેં કહ્યું, ''તમે લોકો ગભરાશો નહી, તમને સંન્યાસ અને સમાધિની જે ભાવના જાગી તે ઉપરથી એમ લાગે છે કે હજું તમને અશુભ આયુષ્ય અને ખોટી ગતિનો બંધ નથી થયો. જેને અશુભ આયુષ્ય અને ખોટી ગતિનો બંધ થાય છે તેની મતિ (બુદ્ધિ) પણ ગત્યાનુસાર કુમતિ હોય છે. કહ્યું છેઃ

**तादृशी जायते बुद्धि व्यवसायोपि तादृशः ।**
**सहाय तादृशः संति यादृशी भवितव्यता ॥**

બુદ્ધિ વ્યવસાય અને સહાયક વિગેરે કારણો એક ભવિતવ્યનું

જ અનુસરણ કરે છે. અર્થાત જેવું ભવિતવ્ય હોય તે અનુસાર બુદ્ધિ-વિચાર ઉત્પન્ન થાય છે. વ્યવસાય-ઉદ્યમ પણ તે પ્રકારે જ મળે છે. સહાયક, નિમિત્ત-કારણ પણ સહજરૂપે તેવા જ મળે છે.

એટલે એક વાત સ્પષ્ટ છે કે તમારૂં ભવિતવ્ય (હોનહાર) સારૂં છે. તમે ચોક્કસ ભવ્ય છો; નહિ તો તમારા આવા વિશુદ્ધ પરિણામ ન હોત. તમારા વર્તમાન્ વિશુદ્ધ પરિણામો પરથી મને તમારૂં ભવિષ્ય ઉજ્જ્વલ દેખાવા માંડ્યું છે.

આત્માનુશાસનમાં આચાર્ય ગુણભદ્રે સ્પષ્ટ કહ્યું છેઃ

**'तत्प्रति प्रीति चित्तेन येन वार्तापि श्रुतः ।**
**सः निश्चितं भवेत् भव्यः भावी निर्वाण भाजिन : ॥**

જેણે પ્રીતિ ચિત્તથી ભગવાન્ આત્માની વાત સાંભળી છે તે ચોક્કસ ભવ્ય છે.

માટે તમે મરણ સુધારવાની ચિંતા છોડી પોતાના શેષ જીવનને સાર્થક બનાવવા પોતાનો સમય અને શક્તિનો સદુપયોગ કરો. લૌકિક કાર્યોના વિકલ્પોમાં અને નકામી વાતોમાં દુરૂપયોગ ન કરો. પોતાનાં અમુલ્ય સમયનો એકક્ષણ પણ વિષય-કષાયમાં વેડફશો નહી.

વિવેકી અને સદાસુખી મારી વાતો સાંભળી ઉત્સાહિત તો થયાં પણ તેઓએ સાંભળ્યું હતું કે આયુષ્ય કર્મનો બંધ તો વર્તમાન આયુષ્યના ત્રીજાભાગમાં જ થઈ જાય છે. તેઓએ વિચાર્યું હતું કે, ''અમારી ઉમરનો ત્રીજો ભાગ તો કયારનોય વીતી ગયો છે. કારણ અમે બાસઠ-બાસઠ ચોમાસાં જોયાં છે.''

હું સમજી ગયો કે તેઓ આયુષ્યના ત્રિભાગનો નિયમ

બરાબર સમજ્યાં નથી. નિમિત્ત-નૈમિત્તિક સંબંધનું પણ તેઓને યથાર્થ જ્ઞાન નથી. માટે મેં તેમને વર્તમાન્ આયુકર્મના ત્રિભાગોમાં થતાં આગામી આયુકર્મના બંધની પ્રક્રિયા સમજાવતા કહ્યું કે, ''આગામી (વધ્યમાન) આયુકર્મના બંધ, જે વર્તમાન (ભુજ્યમાન) આયુષ્યના ત્રીજા ભાગમાં થાય છે, તે ત્રિભાગનો સમય વધુમાં વધુ આઠ વાર આવે છે. તો પણ આયુકર્મનો બંધ ન થાય તો જીવનના અન્તસમયે અર્થાત્ મરણના અન્તર્મુહુર્ત પહેલાં તો થઈ જ જાય છે.''

વિવેકીએ કહ્યું, ''વાત કંઈક અઘરી લાગે કંઈ સમજાતું નથી. આયુકર્મના વિભાગથી તમારૂં શું તાત્પર્ય છે? કોઈ દાખલો આપી સમજાઓ ને?''

મેં કહ્યું, ''હાં, સાંભળો, ધારો કે તમારી વર્તમાન (ભુજ્યમાન) ઉંમર ૮૧ વર્ષ. તો ૮૧ને ૩ વડે ભાંગી તેમાંથી એક (ત્રીજો) ભાગ બાદ કરતા અર્થાત્ બે તૃતિયાંશ ઉંમર વીત્યા પછી ૮૧ વર્ષનો પ્રથમ વિભાગ ૫૪ વર્ષ થશે ત્યારે આગામી (વધ્યમાન) આયુષ્યનો બંધ થશે. જો તેમાં આગામી (વધ્યમાન) આયુષ્યનો બંધ નહી થાય તો વર્તમાન આયુષ્યના ૨૭ વર્ષનો બીજો વિભાગ ૭૨ વર્ષની ઉંમરે આવશે; તેમાં આગામી આયુષ્યકર્મનો બંધ થશે. અને ત્યારે પણ ન થાય તો વર્તમાન આયુષ્યના ૯ વર્ષોનો ત્રીજો વિભાગ ૭૮ વર્ષની ઉંમરે આવશે; જેમાં આગામી આયુષ્યકર્મનો બંધ થાય છે.

તેના પછી ચોથો વિભાગ ૮૦ વર્ષે, પાંચમો ૮૦ વર્ષ ૮ માસમાં, છઠ્ઠો ૮૦ વર્ષ ૧૧ માસ અને ૧૬ દિવસ ને ૧૬ કલાકમાં, સાતમો વિભાગ ૮૧ વર્ષની ઉંમરે તથા આઠમો મરણ સમય પહેલાં એક અન્તર્મુહૂર્ત પહેલાં આવશે.

આ મુજબ વધ્યમાન આયુબંધના આઠ અવસર આવે છે. જો આ આઠે વખત પણ આગામી આયુકર્મનો બંધ ન થાય તો ભુજયમાન આયુષ્યનાં અંત સમય સુધી આગામી આયુષ્યનો બંધ અવશ્ય થાય જ છે.

સંભવ છે કે અત્યારે તમે ૬૮-૬૮ વર્ષથી વધારે નહી હો. આ દ્રષ્ટિએ વિચાર કરીએ તો હજી તમારા આયુષ્યના ત્રિભાગનો માત્ર એક જ અવસર એવો વીત્યો છે કે જેમાં આયુબંધની શક્યતા હોય, હજી સાત અવસર બાકી છે. તેથી હવે આપને સમ્યક્ પુરૂષાર્થ કરી આત્માનુભૂતિ પ્રાપ્ત કરવાનો અવસર છે, નિરાશ થવા જેવી કોઈ વાત નથી. પણ એટલું ચોક્કસ સમજી લો કે હવે 'શુભસ્ય શીઘ્રમ્'ની કહેવત અનુસાર શુભ કામમાં વિલંબ થવો જોઈએ નહિ.

યાદ રાખો કે આજના નિર્વ્યસની, ઉચ્ચવર્ગીય શાકાહારી મનુષ્યોની સરેરાશ ઉંમર ૭૦-૭૫ થી ૮૦-૮૫ વર્ષ હોય જ છે. જેનો પ્રથમ ત્રિભાગ લગભગ ૫૦ થી ૫૫ વર્ષની ઉંમરે આવે છે. બીજો ૭૨-૭૫ વર્ષની ઉંમરે, અને ત્યાર બાદ તો લગભગ ૭૮ થી ૮૦ વર્ષની ઉંમરે આગામી આયુષ્યનો આયુબંધ થઈ શકે છે.

કદાચ કોઈનો આયુબંધ થઈ ગયો હોય તો પણ નિરાશ થઈ બેસી રહેવાને બદલે જો તત્ત્વાભ્યાસ વડે પરિણામ વિશુદ્ધ રખાય તો આયુકર્મની સ્થિતિમાં ઉત્કર્ષણ-અપકર્ષણતો થઈ જ જાય તત્ત્વાભ્યાસ નિરર્થક નથી જતો.

આ કારણે તમારી આજ સુધી થયેલ ભૂલ કે બેદરકારીથી ગભરાવાની તો વાત નથી જ. પણ હવે દુનિયાદારીની ઝંઝટમાં એક મિનિટ પણ બગાડવી તમારા હિતમાં નથી.

મારી વાતથી પૂર્ણ સહમત થતાં સદાસુખીએ કહ્યું, હાં, તમે બરાબર કહો છો, મેં પણ એકવાર એક કહેવત સાંભળી હતી. કોઈએ કહ્યું હતું કે, **'श्रेयांसि बहुविघ्नानि'**/ **'શ્રેયાંસિ બહુવિઘ્નાનિ'** સારા કામમાં ઘણાં વિઘ્નોની શક્યતા હોય છે. આવા વિઘ્નસંતોષી લોકોની દુનિયામાં કમી નથી, જેઓને બીજાઓના સારા કામોમાં વિઘ્નો ઉભા કરવાથી સુખ મળે છે. માટે અમે તમારા નિર્દેશોનું પૂરી રીતે પાલન કરવાનો પ્રયત્ન કરીશું. પણ એ તો કહો કે અમારે સૌ પ્રથમ શું કરવું જોઈએ?''

તેઓને માર્ગદર્શન આપતા મેં કહ્યું ''જેમના જીવનમાં માનસિક શાંતિ રહેશે, જેમનું જીવન વિષય-કષાયોથી સંકલેશિત નહી હોય, જેમના જીવનમાં વિશુદ્ધ પરિણામ રહેશે, તેઓને અશુભ ગતિઓમાં જવાના કારણભૂત નરક-તિર્યંચ આયુબંધ થશે જ નહી. એવી સ્થિતિમાં તેમનું કુ-મરણ શી રીતે થઈ શકે છે? તેઓ તો જ્યારે પણ દેહ છોડશે સમતા અને સમાધિપૂર્વક જ છોડશે.

પણ યાદ રાખો જેમનું જીવન સુખ-શાંતિ તેમજ નિરાકુલતામાં વીત્યું હોય તેઓનું જ મરણ સમાધિપૂર્વક થાય છે. માટે આપણે મરણ સુધારવાને બદલે જીવનને સુધારવાનો જ પ્રયત્ન કરવો પડશે.

વિવેકીએ કહ્યું, ''આ જાણે કે બરાબર છે, પણ માનસિક શાંતિ શી રીતે મળશે? તેનો ઉપાય છે? અમારૂં જીવન વિષય-કષાયોથી શી રીતે બચાવાય? અમારા પરિણામ વિશુદ્ધ કેમ રહે? આ બધાની વિધિ તો બતાવો?

આવા ઉપદેશ તો અમે ઘણીવાર સાંભળ્યાં છે કે કષાય

ન કરો, શાંતિ રાખો, વિષયોથી બચો, પણ તેમાંથી કંઈ પણ ન ઉપજ્યું ઉપદેશોથી કષાયો રજમાત્ર પણ ઓછા ન થયાં. જ્યાં સુધી અમારા મનોવિકારોને જન્મ આપનારી કૌટુંબિક ઉપાધિઓનું સમુળગું-સમાધાન નથી થયું ત્યાં સુધી આ ક્રોધાદિ મનોવિકારોનો અભાવ કેમ થઈ શકે ? માટે જૈન દર્શનના પરિપ્રેક્ષ્યમાં અમને કોઈ એવું માર્ગદર્શન આપો. એવો ઉપાય બતાવો કે અમારે સૌ પ્રથમ શું કરવું જોઈયે જેથી અમે પોતાના જીવનમાં તે ઉપદેશોને સાર્થક કરી શકિયે?

મેં તેઓને જૈન દર્શનના પ્રમુખ સિદ્ધાંત વસ્તુસ્વાતંત્ર્ય અને કર્તા-કર્મના સ્વરૂપ માધ્યમથી મનોવિકારોની ઉત્પત્તિ ન થવાના ઉપાય સમજાવતા કહ્યું, કે "ત્રણ લોકમાં જેટલા પદાર્થો છે તે સૌ પોતપોતાના સ્વભાવથી સ્વતંત્ર રૂપથી મળતા-છૂટા પડતાં હોય છે પોતેજ આવે છે અને જાય છે. તેઓમાં કર્તા-કર્મ સંબંધ નથી હોતો માત્ર નિમિત્ત નૈમિત્તિક સંબંધ હોય છે. કહ્યું છે ને :

**होता स्वयं जगत परिणाम**
**मैं जगमें क्या करता काम ?**

જ્યારે સંજોગોને ભેગા કરવા કે જુદા પાડવા, કોઈનું ભલું કરવામાં કે બુરૂં કરવામાં, સુખ-દુઃખ પામવામાં બીજા કોઈનો હસ્તક્ષેપ નથી, તો કોઈ કોઈ પર પણ કારણ વગર ક્રોધાદિ શા માટે કરે ? દુઃખી કે ઉદાસ શા માટે થાય ? હરખ-શોક શા માટે કરે ? સંકલેશિત પણ શા માટે થાય ?

વસ્તુ સ્વાતંત્ર્યના સિદ્ધાંતની શ્રદ્ધાવાળી વ્યક્તિઓ માત્ર જ્ઞાતા-દ્રષ્ટા રહી બધી પરિસ્થિતિઓમાં સામ્યભાવ ધારણ કરે, તેઓને સંજોગોમાં સુખબુદ્ધિ નથી રહેતી; કારણ તેઓ જાણે છે

કે સંજોગોમાં સુખ તો નથી જ.

પાપ-પુણ્યના સિદ્ધાંતાનુસાર પણ કોઈ કોઈને સુખી દુ:ખી નથી કરી શકતું-માટે પાપ-પુણ્યની યથાર્થ સમજ હોવાથી પણ બીજાઓ પરત્વે રાગ દ્વેષની પરિણતિ ઓછી થઈ જાય છે.

આચાર્ય અમિતિગતિ એ સામાયિક પાઠમાં સ્પષ્ટ રૂપે કહ્યું છે કે:

**स्वयं किये जो कर्म शुभाशुभ, फल निश्चय ही वे देते ।**
**करे आप फल देय अन्य तो, स्वयं किये निष्फल होते ॥**
**अपने कर्म सिवाय जीव को, कोई न फल देता कुछ भी।**
**पर देता है यह विचार तज, थिर हो छोड़ प्रमाद बुद्धि ॥**

જ્યારે મેં તેઓને ટુંકામાં આ સમજાવ્યું ત્યારે પ્રસન્નતા સાથે તેઓએ ભારે સંતોષ વ્યક્ત કર્યો. એમ માનોને કે તેઓને કોઈ ખજાનો મળ્યો હોય અથવા તેઓના ઘા ઉપર ઠંડક આપે તેવો મલમ ચોપડ્યો હોય.

## ૧૦

મેં વાંચ્યુ હતું કે દેવગતિમાં સર્વાથસિદ્ધિના અહમિન્દ્રોનો તેત્રીસ-તેત્રીસ સાગરો જેવો લાંબો સમય તત્ત્વચર્ચામાં માત્ર તેત્રીસ વર્ષના ટુંકા સમયની જેમ વીતી જતો હતો. તેઓને ખબર નહોતી પડતી કે આટલું લાંબુ જીવન ક્યારે-કેવી રીતે વીત્યું ?

પણ મને એક વાત મનમાં બેસતી ન હતી કે ક્યાં ૩૩ સાગરોની કલ્પનાતીત-લાંબી અવધિ અને ક્યાં ૩૩ વર્ષોની નગણ્ય ટુંકી અવધિ-આટલો લાંબો સમય આટલા ટુંકા સમયની જેમ કેવી રીતે નિકળી ગયો?

પરન્તુ જ્યારે મારા તે પહાડી પર્યટન કેન્દ્ર પર ધાર્મિક ચર્ચામાં બે મહિના બે દિવસની જેમ વીતી ગયાં ત્યારે મારો વિશ્વાસ બેઠો કે તત્ત્વચર્ચા અને સુખદ વાતાવરણમાં એવી પ્રતિતિ થવી કોઈ અસંભવ વાત નથી.

આ બે મહિના દરમ્યાન ઘરેથી દિકરા-વહુઓના અને પૌત્ર-પૌત્રિઓ ઘરે પાછા ફરવા માટેના અનેક સંદેશો મળ્યા હતા; અને અમને પણ તેઓની થોડી થોડી યાદ સતાવવા લાગી હતી. એક દિવસ મનમાં વિચાર આવ્યો કે, ''જિજ્ઞાસુઓની જિજ્ઞાસા પેલી આગ જેવી છે જે ઘીની આહુતિથી કદિ તૃપ્ત થતી નથી. આખરે ક્યારેક તો ઘરે જવું પડશે જ ને? જ્યારે જઈશું ત્યારે આ

લોકો દુઃખી થશે અને તેમનો વધારે દિવસ સુધી રોકાવવાનો આગ્રહ કદિ ઓછો નહી થાય.

એમાં આ બિચારા લોકોનો દોષ પણ ક્યાં છે? રાગનું સ્વરૂપ તો આવું જ હોય. માટે એક ને એક દિવસ તો કઠણ થવું પડશે. કાલે જ કેમ ન જણાવવું કે હવે અમે જલદીથી ઘેર જવા માગીએ છીએ. બધા યાદ કરે છે. પાછા બોલાવવાના સંદેશા ઉપર સંદેશા આવી રહ્યાં છે. અને અમે પણ ક્યાં વીતરાગી થયા છીએ? અમને પણ એમની યાદ આવે છે. માટે અમે એક-બે દિવસમાં જ ઘરે જવાનો નિશ્ચય કર્યો છે.

મારા વડે આ વિચાર પ્રગટ થતાં તે લોકોમાં પણ તેવી જ પ્રતિક્રિયા થઈ, જેની મને ધારણા હતી. કોઈપણ મને ઘરે જવા દેવા રાજી ન હતું. મારા હૃદયમાં પણ તેમને માટે અતૂટ ધર્મ સ્નેહ હતો. માટે હું તેમનો સાથ છોડવાની કલ્પના માત્રથી ભાવુક બની ગયો હતો.

આ મોહની મહિમા પણ એવી વિચિત્ર છે કે તે બન્ને તરફથી મારે છે. આ કારણે સાધુ-સંતો ચાર્તુમાસ વ્યતિરિક્ત એક સ્થાન વધુ સમય રોકાતા નથી. નહિ તો આ મોહ તેમને પણ પોતાની મોહજાળમાં ફસાવ્યા વગર નથી રહેતો.

વાસ્તવમાં વહેતું પાણી અને ભમતો યોગી પવિત્ર રહે છે. ચોમાસામાં એક સાથે ચાર માસ એકજ સ્થાને રોકાવું તો સાધુ-સંતોની મજબુરી છે. પણ તેઓ આ ચોમાસા દરમ્યાન પણ મોહમાયાથી સાવચેત રહે છે. ગૃહસ્થોના સંપર્કમાં વધુ રહેતા નથી. તેમનાથી દૂર જ રહે છે, અને રહેવું જોઈયે, કારણ કે ગૃહસ્થોના વધુ સાનિધ્યમાં રહેવાથી તેમને દોષ લાગે, તેઓમાં મોહ ઉત્પન્ન થવાની શક્યતા રહે છે.

જ્યારે નિર્મોહિ સાધુ-સંતોના જીવનમાં આ શક્યતા રહે છે ત્યારે મારા તમારા જેવા સાધારણ શ્રાવકોની તો શી વિસાત? અમે તમે તો તેવીજ મોહમાયામાં ગળાડૂબ પડ્યા છીએ.

તે પહાડી પર્યટન-કેન્દ્ર પર બે મહિના રહેવાથી અને વખતો વખત સદાસુખી અને વિવેકીને ઘરે આવતાં-જતાં હોવાથી તેમજ તેઓના કુટુંબો સાથે નિકટતા સંપર્કથી બધા સાથે અમારો ગાઢ પરિચય થયો હતો. મારી વિચારધારા તેમજ ગૃહસ્થને શોભે એવા વહેવારનો તેમના કુટુંબો પર સારો પ્રભાવ પડ્યો હતો. પરિણામ એ આવ્યું કે પેલા પિતા-પુત્ર ને સાસુ-વહુઓમાં અત્યાર સુધી જે મનદુઃખ રહ્યા કરતું હતું, તેનો પણ અંત આવ્યો. તેમજ તેઓમાં એકબીજા પ્રત્યે પ્રેમ ભાવના અને ધર્મ આસ્થા પણ જાગી હતી.

તેઓના જીવનમાં અનાયાસે થયેલ આ અસંભવિત પરિવર્તનથી તેઓ રાજી અને પ્રભાવિત તો હતા જ પણ તેઓના આડોસી-પાડોસી તેમજ તેમની સાથે સંકળાયેલા બીજા ઘણા કુટુંબો પણ મારી ચર્ચા અને વ્યવહારથી કોઈ ને કોઈ રીતે પ્રભાવિત થયા હતા. તેથી બધાની ઈચ્છા હતી કે મારે ત્યાં વધારેથી વધારે રોકાવું.

પણ મારી કેટલી પોતાની મુશ્કેલીઓ હતી જેથી ઘરે પાછા ફરવું આવશ્યક હતું. એમ પણ ઘરેથી દૂર રહેવાની કંઈ ને કંઈ તો મર્યાદાઓ હોય છે. હું કોઈ સાધુ-સંત તો હતો જ નહી, વળી સાધુ-સંતો પણ એક ઠેકાણે વધારે સમય રોકાતા નથી.

દરમ્યાન ઘરે પાછા ફરવા માટે મને અનેક સંદેશા આવી ચુક્યા હતા. આ કારણથી મારે ઘરે જવું આવશ્યક બન્યું હતું.

પત્ની સાથે મારા ઘરે પાછા ફરતા તેઓનો મારા પ્રત્યેનો સ્નેહ વધવા પામ્યો હતો. પત્ર-વહેવારથી પરોક્ષ સમ્પર્ક તો તેઓએ

જાળવી રાખ્યો હતો જ થોડા સમયબાદ તે બન્ને પ્રબુદ્ધ પરિવારો પડોશિઓ સાથે ધર્મલાભની ભાવનાથી મારી પાસે આવ્યા.

પોતાની લાંબી મુસાફરીની કથા-વ્યથા સંભળાવ્યા વગર અને આગતા-સ્વાગતાની અપેક્ષા વગર મને માત્ર એટલું જ નિવેદન કર્યું કે, "ભાઈશ્રી અમે લોકો આપના સાન્નિધ્યનો વધારે ને વધારે લાભ લેવા આવ્યા છીએ. આપ એવો કાર્યક્રમ બનાવો કે આપને વિશેષ કષ્ટ ન થાય અને અમને આપનો પૂરેપુરો લાભ મળી શકે અને અમે જીવન જીવવાની કલામાં પૂર્ણ પારંગત થઈ શકિએ. અમે અમારા શેષ જીવનને સાર્થક કરવા માગીએ છીએ.

મેં માર્ગદર્શન કરતા કહ્યું, "તમારે સૂર્યોદય પહેલાં બ્રાહ્મમુહૂર્તમાં ઉઠી સૌ પ્રથમ પંચપરમેષ્ઠીના સ્વરૂપનું સ્મરણ કરવું જોઈયે. ત્યાર બાદ 'હું કોણ છું? મારૂં સ્વરૂપ શું છે? મારા માટે શું હેય છે અને શું ઉપાદેય છે? તેનો વિચાર કરવો જોઈયે જુઓને શ્રીમદ્ રાજચંદ્ર આ વિષય પર શું કહે છે? તેઓ અતીંદ્રિય આનંદના રસપાનની વિધિ જાણાવતા કહે છે-

**"હું કોણ છું ? ક્યાંથી થયો ? શું સ્વરૂપ છે મારૂ ખરું ?**
**કોના સંબંધે વળગણા છે ? રાખું કે એ પરિહરું ?**
**એના વિચાર વિવેકપૂર્વક શાંત ભાવે જો કર્યા;**
**તો સર્વ આત્મિકજ્ઞાનનાં સિદ્ધાંત-તત્ત્વ અનુભવ્યા."**

અનાદિકાળથી અજ્ઞાની જીવને દેહ અને રાગાદિ ભાવોમાં એકત્ત્વબુદ્ધિ છે, તે આત્માના શુદ્ધ સ્વરૂપને જાણતો નથી, આ કારણે તેને આત્માનુભૂતિ નથી થતી, સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત થતું નથી.

દેહની ઉત્પત્તિમાં તે પોતાની ઉત્પત્તિ માને છે. દેહના વિનાશમાં તે પોતાનો વિનાશ માને છે. આ પ્રકારે દેહ જો ગોરો-

કાળો, રોગી-નિરોગી, અને જાડો-પાતળો માને છે. આમ વિકારી પર્યાયમાં એકત્વ હોવાથી પોતાને જ ક્રોધી, માની, માયાવી અને લોભી માની લે છે, માટે તેને કહિયે કે ભાઈ! તું આવો વિચાર કર કેઃ "હું તો જ્ઞાનાનંદ સ્વભાવી પોતાનામાં જ સ્વયં પરિપૂર્ણ વસ્તુ છું. મારે પૂર્ણતા પ્રાપ્ત કરવા તેમજ સુખી થવા કોઈ પણ પર વસ્તુના સંયોગની કિંચીત્ પણ આવશ્યકતા નથી."

કાળો-ગોરો વિગેરે તો પુદ્દગલના પરિણામ છે. જ્યારે મારામાં જડ પુદ્દગલ જેવાં રૂપ, રસ, ગંધ, સ્પર્શાદિ છે જ નહી, તો મારા કાળા ગોરા થવાની વાત કયાંથી આવી?

હું તો અરસ, અરૂપ, તેમજ અસ્પર્શ સ્વરૂપી ચૈતન્ય તત્વ છું. મારો પર પદાર્થો સાથે કંઈજ સંબંધ નથી. હું તો શુદ્ધ, બુદ્ધ નિરંજન-નિરાકાર એક પરમ પદાર્થ છું તથા પરની પરિણતિથી સદા અપ્રભાવી છું.

હું જ્ઞાનનો ઘનપિંડ, આનંદનો રસકન્દ, ચૈતન્ય સૂર્ય છું. હું પોતેજ ધ્યેય છું, શ્રદ્ધેય છું, જ્ઞેય છું, જ્ઞાન છું તેમજ પોતે જ જ્ઞાયક સ્વભાવી ભગવાન છું.

આચાર્યકલ્પ પંડિત ટોડરમલજીએ પણ શ્રોતાના સ્વરૂપનું નિરૂપણ કરતા જણાવ્યું છે કે "સૌ પહેલાં વિચાર તો કરો કે હું કોણ છું? મારૂં સ્વરૂપ શું છે? આ જે ભાવ થાય છે તેનું શું ફળ મળશે?

માટે દરરોજ પ્રાતઃ કાળ સમયે પથારીમાંથી ઉઠી હાથ-પગ ધોઈ અને મોઢું સાફ કરી, આળસ ત્યજી પૂર્ણ સચેત થઈ શાંત અને એકાંત સ્થાનમાં બેસી ણમોકાર મંત્રના માધ્યમથી પંચપરમેષ્ઠીના સ્વરૂપનો વિચાર કરો. તેમાં વિચાર કરો કે, હે પ્રભૂ,

મારામાં અને આપમાં કોઈ ફરક નથી. જેવા અનંત જ્ઞાન-દર્શન ઘનપિંડ તમે છો તેવોજ હું પણ છું. સ્વભાવથી જેવો હું છું તેવાજ આપ છો. એક સમયના પર્યાયમાં કેવળ એટલું જ અંતર છે કે આપ વીતરાગી થયા છો અને હું હજુ રાગી-દ્વેષી છું. આ ફરક-અંતરને હું પોતાના સમ્યક્ પુરૂષાર્થથી જ્યારે ધારૂં ત્યારે બદલી શકું છું. કહ્યું પણ છે કેઃ

**मम स्वरूप है सिद्ध समान । अमित शक्ति सुख ज्ञान निधान**
**किंतु आश वश खोया ज्ञान । बना भिखारी निपट अजान।।**
**हुं स्वतंत्र निश्चल निष्काम् । ज्ञाता दृष्टा आतम राम ।।**

ત્યાર બાદ ભેદજ્ઞાનની વિધિથી પોતાના આત્માના સ્વરૂપનો વિચાર કરોઃ

**'मै राग रंग से भिन्न, भेद से भी मै भिन्न निराला हूँ ।**
**मै हूं, अखंड चैतन्य पिन्ड, निज रस मे रमने वाला हूँ ।।'**
**'अनुज-अग्रज सुत-सुता प्रिय-सहृद जन सब भिन्न है ।**
**ये शुभ-अशुभ संयोगजा चिद्‌वृत्तियाँ भी अन्य है ।**
**स्वोन्मुख चिद्‌वृत्तियाँ भी आत्मा से अन्य है ।**
**चैतन्य ध्रुव आत्मा गुण भेद से भी भिन्न है ।**

આ પ્રકારે ભેદજ્ઞાનથી એવો વિચાર કરો કે -'હું રાગથી દેહથી, ગુણભેદથી અને પર્યાયથી સર્વથા ભિન્ન છું. હું અનુજ-અગ્રજ, પુત્ર-પુત્રી, મિત્રોથી ભિન્ન તો છું જ, શુભ-અશુભરૂપે ચૈતન્યની વૃત્તિઓથી પણ ભિન્ન છું.''

સ્વાધ્યાયની પ્રેરણા આપતા મેં આગળ કહ્યું. ''સંસાર શરીર અને ભોગોથી વિરક્તિ માટે બાર ભાવનાઓના માધ્યમથી તેની

ક્ષણભંગુરતા તેમ જ અસારતાનો પણ વિચાર કરો -જેવું કે બધે કહ્યું છે કે વસ્તુસ્વરૂપની યથાર્થ સમજણ માટે આધ્યાત્મિક ગ્રંથોનું અધ્યયન કરવું જ આવશ્યક છે.

ત્યારે જ વિશુદ્ધ પરિણામ થશે અને રાગ-દ્વેષ ઓછા થશે. કષાયો મંદ પડશે, સમતાને સમાધિની પ્રાપ્તિ થશે. મારા આ કથનથી તેઓ પ્રસન્ન થયા અને તેઓએ તે દિશામાં સક્રિય થવાનો સંકલ્પ કર્યો.

૧૧

વિવેકી અને સદાસુખી વડે નિરંતર ગહન અધ્યયન, મનન અને ચિંતન કરવાથી દિવસે દિવસે તેઓના જ્ઞાનની વૃદ્ધિ તેમજ પ્રતિભાનો વિકાસ થઈ રહ્યો હતો. તેઓએ ઘરની કે બહારની બધી ચિંતાઓ છોડી પોતાના જીવનને આત્મહિત ખાતર સમર્પિત કરવાનો સંકલ્પ કરી લીધો હતો.

તેઓની આત્મોન્નતિથી હું ઘણો જ ખુશ હતો. પણ સંન્યાસ અને સમાધિ વિષે તેઓ હજુ ભ્રમણામાં હતા.ખરી રીતે તેઓ હજુ વસ્તુસ્વરૂપના ખરા અર્થ સુધી પહોંચ્યા ન હતા.

તેઓએ સાંભળ્યું હતું કે -જેવી રીતે આખું વરસ ભણ્યા પછી પણ વિદ્યાર્થી પરીક્ષામાં સફળ ન થાય તો તેનો શ્રમ સાર્થક નથી મનાતો. તેવી રીતે જેમનું મરણ સમાધિપૂર્વક થાય છે, તેમનું જ માનવ જીવન સાર્થક મનાય છે, અને તેમની સાધના-આરાધના સફળ થઈ ગણાય છે.

આ કારણથી તેઓ પોતાના સમાધિમરણ વિષે ઘણા સજાગ હતા. સમાધિ સંબંધે વિષયોનું અધ્યયન-મનન પણ ઘણુંજ કરતાં હતાં, પણ હજુસુધી તેઓએ મૃત્યુને મહોત્સવ સ્વરૂપે સ્વીકાર્યું ન હતું. આ બાબતમાં વિવેકીનું કહેવું હતું જેઓ જીંદગીભર મૃત્યુથી ભયભીત રહ્યાં હોય, જેઓને હરઘડીએ મૃત્યુ આતંક કરાવતો હોય,

મોતની કલ્પના માત્રથી જેઓનું હૃદય કંપી ઉઠતું હોય, તેઓ મૃત્યુ જેવી દુઃખદ ઘટનાને મહોત્સવ રૂપે શી રીતે ઉજવી શકે? તેઓને માટે તે ગોઝારી પળ મહોત્સવ જેવી સુખદ કેમ થઈ શકે?

મહોત્સવ કોઈ પણ પ્રકારનો કેમ ન હોય, તે તો હર્ષના વાતાવરણમાં જ ઉજવાય છે; એક સુખદ પ્રસંગ જ મનાય છે. ભલે પછી તે કોઈનો જન્મોત્સવ હોય, લગ્નોત્સવ હોય અથવા ધાર્મિક, સામાજિક અને રાષ્ટ્રીય ઉત્સવ હોય - બધા મહોત્સવ આનંદના પ્રતીક સમાન હોય છે.

પોતાની વાતનું સ્પષ્ટીકરણ કરતાં તેઓનું કહેવું હતું કે 'જો મરવાવાળો મોટો માણસ હોય તો તેની સ્મશાન યાત્રા બહુ વિશાલ હોઈ શકે, તેની ચીતા સુખડના લાકડાથી રચાય, તેનો અંતિમ સંસ્કાર રાષ્ટ્રીય સન્માનથી થઈ શકે છે. પણ તે દુઃખદ પ્રસંગને મહોત્સવ તો ન જ કહી શકાય.

જે કુટુંબ-પરિવારની, સમાજ કે રાષ્ટ્રની આવી અપૂરણીય ક્ષતિ થઈ હોય, જેની ખોટ પુરાવી શકાય નહી, ભલા આવી અપૂરણીય ક્ષતીપર પ્રસન્નતાસૂચક મહોત્સવ કેમ કરી મનાવાય?

જેને દિવંગત વ્યક્તિ પ્રત્યે અગાધ સ્નેહ હોય, અતૂટપ્રેમ હોય, ખરા હૃદયની લાગણી હોય, તેની ચિરવિદાયથી તેઓ શી રીતે પ્રસન્ન રહી શકે? મોહી વ્યક્તિઓ માટે મૃત્યુ ઈષ્ટ વિયોગનું કારણ દુઃખદ મૃત્યુને મહોત્સવનું સ્વરૂપ ભલા શી રીતે અપાય?

કલ્પના કરો, ''કદાચ કોઈએ કોઈના મરણ-પ્રસંગે હર્ષસૂચક વાજાં વગાડ્યા હોય તો લોકો તેને માટે શું વિચાર કરશે?

તો પણ અમારા આચાર્યોએ કે મનિષિયોએ મૃત્યુને મહોત્સવનું નામ આપી આવી અસંભવ કલ્પના કેમ કરી હશે?

વિવેકીની આ એક જ્વલંત સમસ્યા હતી જેનો ઉકેલ તેને મળતો ન હતો. કારણ ભૌતિક જગત અને આપણે બધાજ રોજ જોઈએ છીએ કે મરવાવાળો પોતાના પ્રિયજનોને રડતા-કકળતા છોડી સદાને માટે ચાલ્યો જાય છે. પછી કદી મળતો નથી. આવી સ્થિતિ કોઈ પણ મૃત્યુને મહોત્સવ કેમ માની શકે?

પણ વિવેકીની ભૂલ એ હતી કે તે આવા આધ્યાત્મિક કે લોકોત્તર કોયડાનો ઉકેલ આ ભૌતિક કે લૌકિક દુનિયામાં શોધતો હતો. આ કારણથી તેને સંપૂર્ણ સમાધાન મળતું ન હતું.

મારી સામે પણ તેણે તે શંકા ઉપસ્થિત કરી પણ તે દિવસે ઉપયુક્ત અવસર ન મળતા હું તેની શંકાનું સમાધાન કરી ન શક્યો. પણ એક દિવસ જ્યારે હું સપ્તભયોથી ભયભીત વ્યક્તિઓને સમ્યક્દષ્ટિની જેમ નિર્ભય રહેવાની પ્રેરણા આપતો હતો, નિડર થઈને જીવવાની કલા પર પ્રકાશ પાડતો હતો ત્યારે વિવેકીને સામે બેઠેલો જોઈને તેનો તે પ્રશ્ન યાદ આવ્યો, જેમાં તેણે મૃત્યુને મહોત્સવ માનવા વિષે શંકા વ્યક્ત કરી હતી.

તે પ્રશ્નના સંદર્ભમાં મે તેને સંબોધિને કહ્યું, "જુઓ ભાઈ વિવેકી! એ તો હું પણ માનું છું કે મનીષિયો દ્વારા મૃત્યુને મહોત્સવ કહેવા માત્રથી મૃત્યુભયથી ભયભીત આ દુનિયા મૃત્યુને મહોત્સવ માની નહી લે. અને જ્યાં સુધી અન્તઃકરણથી એ વાત સ્વીકારાય નહી ત્યાં સુધી કોઈ પણ પ્રકારના દબાણ હેઠળ આવી તાત્વિક વાતને શિરોમાન્ય રાખવાથી પણ કોઈ ફાયદો નથી.

તેથી તેના યોગ્ય સમાધાન માટે હું આગમ, યુક્તિ તેમજ સ્વાનુભવથી આ વાત કરૂં છું, તમારે અહી આટલું તો ચોક્કસ માની લેવું જોઈયે કે મૃત્યુ જેવા ગંભીર પ્રસંગને હોળી-દિવાળી જેવા

હર્ષોલ્લાસ સાથે ઉજવાતા ઉત્સવોની જેમ ઉજવી શકાતા નથી. આ કારણથી આગમમાં મૃત્યુને મહોત્સવ કહ્યો પણ નથી.

મૃત્યુ મહોત્સવની તુલના આપણે એક દિકરીની વિદાય સાથે કરીએ છીએ કે જે યોગ્ય વર સાથે પરણી મોટે ઘરે પરણાવી હોય.

દાખલાને વધુ સ્પષ્ટ કરવા મેં વિવેકીને પુછ્યું. "બોલો વિવેકી, યોગ્ય વર સાથે મોટે ઘરે પરણાવેલ દિકરીની વિદાય સુખદાયી હોય કે દુઃખદાયી?

વિવેકી મારો પ્રશ્ન સાંભળી કંઈ પણ કહ્યા વગર મારી સામે આંખો પહોળી કરી જોતો રહ્યો.

થોડીવાર સુધી કંઈજ જવાબ ન મળતાં મેં વાતને આગળ ધપાવતાં કહ્યું "જો તે વિદાય દુઃખદ હોય તો કોઈ લગ્ન જ શા માટે કરે?"

આ સાંભળી વિવેકીએ જવાબમાં કહ્યું, "હાં, આ વાત તો છે જ, કારણ વગર કોઈ દુઃખમાં શા માટે પડે? એવી સ્થિતિતો દિકરી એના માં-બાપ બધાને માટે સુખદ છે. સંપન્ન ઘર અને યોગ્ય વર સાથે દિકરીના લગ્ન થાય એ કંઈ સહેલી વાત તો નથી. આવું સદ્‌ભાગ્ય બધાનું કયાં હોય? અને તે પણ આ જમાનામાં, જ્યારે કે બધાને માથે દહેજનું ભૂત બેઠું હોય?

તેનો આ જવાબ સાંભળી મેં કહ્યું તમારા મતે જો દહેજ વગર મોટે ઘરે દિકરીની વિદાય સુખકર હોય તો દિકરીની વિદાય વેળાએ દિકરી તેમજ તેના માતા પિતા શા માટે રડે છે?

માતા પિતા દિકરીના લગ્ન તેના સુખ માટે અને પોતાના સંતોષ ખાતર જ કરતા હોય છે, તેને સાસરે સુખી જોઈ ખુશ પણ

થતાં હોય છે. તથા સુખનો અનુભવ પણ કરતા હોય છે. પછી ભલે તેમને દિકરી વળાવતા, તેની જુદાઈને કારણે મોહવશ થઈ રડવું આવતું હોય. પણ તેમનું તે મોહજનિત તાત્કાલિક દુઃખ ખરા અર્થમાં દુઃખસ્વરૂપ નથી હોતું. તે કારણથી તેમના આંસુ પર કોઈ આંસુ વહાવતા નથી.

વસ્તુતઃ તે વિદાય દુઃખદાયી નથી. સુખદાયી જ છે. આવી વિદાયમાં આમજ થાય છે. હસવું-રડવું એક સાથે હોય છે. ઉપરથી રડતા દેખાય છે પણ રડતા નથી. પણ તેમનું તે રૂદન નકલી પણ નથી હોતું, આ વિદાયનું સ્વરૂપ તે પ્રકારનું જ હોય છે. આને જ સુખદાયી વિદાય કહેવાય છે.

હાં, એક વાત તો જુદીજ છે કે દિકરી અને મા-બાપના પૂર્વ પાપોદયથી દુઃખદ સંજોગો ઉભા થાય તો માતા પિતા અને દિકરી, બધા વિદાયને સમયે અંતઃકરણથી દુઃખી થાય છે અને વળગી-વળગીને રડતા પણ હોય છે. એવી વિદાય સાચા અર્થમાં દુઃખદ વિદાય બને છે.

ઠીક આજ પ્રમાણે ચિરવિદાય (મૃત્યુ) પણ બે પ્રકારના હોય છે. ૧) સુખદાયી ૨) દુઃખદાયી.

જો વ્યક્તિએ જીવનભર સત્કર્મો કર્યા હોય, સદાચારી જીવન ગાળ્યું હોય, પોતાના આત્મા અને પરમાત્માને ઓળખી તેના આશ્રય અને અવલંબ કર્યા હોય, પરમાત્માના બતાવેલા માર્ગ પર ચાલવાનો પુરૂષાર્થ કર્યો હોય તો ખાતરીપૂર્વક તેની ચિરવિદાયની ઘડી સુખદાયી હશે; કારણ તેના સત્કર્મોના ફળ સ્વરૂપે વર્તમાન વૃદ્ધ, રોગી તેમજ જીર્ણ શરીરને બદલે સુંદર, સુગતિ અને અનેક પ્રકારના સુખદ સંજોગો મળવાના છે.

જેમ કોઈને પહેરવાના નવા સુંદર વસ્ત્રો તૈયાર હોય તો જુના જળી ગયેલા-ફાટેલા, મેલાં-ઘેલાં વસ્ત્રો ઉતારી ફેંકવામાં તેને કોઈજ કષ્ટ નથી થતું. તે પ્રમાણે જેણે નવા પુણ્યોની કમાણી કરી હોય, સત્કર્મો કર્યા હોય તેને તો નવો દિવ્ય દેહની પ્રાપ્તિ થવાની છે, તેને જુનું શરીર છોડવામાં કેવું કષ્ટ? આ પ્રકારના મૃત્યુને જ મૃત્યુ મહોત્સવ કે સુખદ વિદાય કહે છે.

એવી ચિરવિદાયની વેળાએ સગા-સંબંધી રાગને વશ થઈ બહારથી રડતા દેખાય છે પરંતુ અંદરથી તો તેમને સંતોષ અને હરખ થાય છે કે દિવંગત આત્માને સદ્‌ગતિ મળી. જેમ કે સારા ઘરમાં પરણાવેલ દિકરીને વિદાય કરતી વખતે મા-બાપ રાગ વશ થઈ રડે તો છે, પણ એમને અંદરથી સંતોષ અને હર્ષ થાય છે કે મારી દિકરી સુખદ સંજોગોમાં ગઈ છે.

આનાથી વિપરીત જેમણે જીવનભર દુષ્કર્મો કર્યાં હોય, પાપી આચરણ કર્યું હોય, દુર્વ્યસનોનું સેવન કર્યું હોય, બીજા પર રાગદ્વેષ કરી સંકલેશ ભાવ કર્યા હોય, જે દિવસ-રાત કમાવામાં જ પડ્યો હોય, વિષય-કષાયોના કંટક ભરેલ વનમાં જ રખડ્યો હોય. જેણે જીવનભર અરણ્ય રૂદન કુગતિ જ મળવાની છે. દુઃખદાયી સંજોગોમા જ જવાનું છે. તેની પરિણતિ પણ સંકલેશમય થાય છે. તે સંકેલશ ભાવોથી જ મરે છે. તેની એ ચિરવિદાયની વેળાને જ દુઃખદાયી વિદાય કહેવાય છે. આવી વ્યક્તિનું મૃત્યુ કદિ મહોત્સવ નથી બની શકતું. જેમ કે દુઃખદ સંજોગોમાં પરણાવેલ દિકરીની વિદાય મા-બાપને જીવનભર દુઃખી બનાવી દે છે.

મૃત્યુને મહોત્સવ બનાવવાવાળી મરણોન્મુખ વ્યક્તિ તો જીવનભરના તત્ત્વાભ્યાસના જોરે માનસિક રીતે અંદરથી તૈયાર થાય

છે અને વિદાય આપવાવાળી વ્યક્તિ પણ બહારથી તેવુંજ વૈરાગ્ય પ્રદ વાતાવરણ ઉભું કરે છે, ત્યારે જ તે મૃત્યુ મહોત્સવ બનવા પામે છે.

એ વાતાવરણમાં કુટુંબની મોહી વ્યક્તિઓ પણ ક્ષણભર વિયોગજનિત દુઃખ ભૂલી જાય છે તથા બધાંજ શુદ્ધી અને સંતોષનો અનુભવ કરે છે.

વાસ્તવમાં મૃત્યુ સમયે મરણાસન્ન વ્યક્તિની મનઃ સ્થિતિને મોહ-રાગ દ્વેષ વિગેરે મનોવિકારોથી બચવા, પાંચે ઈંદ્રિયોના વિષયોથી તથા પરદ્રવ્યમાં અટવાતા બચવા તથા આત્મસન્મુખ થવા માટે સંસાર, શરીર અને ભોગોની અસારતા દર્શાવવાવાળા વૈરાગ્યવર્ધક અને સંજોગોની ક્ષણભંગુરતા બતાવવાવાળા અને આત્માના અજર-અમર તથા અવિનાશી સ્વરૂપનું જ્ઞાન કરવાવાળા આધ્યાત્મિક વાતાવરણની આવશ્યકતા હોય છે. તે વગર મૃત્યુ મહોત્સવ નથી બની શકતું.

કોઈ કોઈ વાર સગાવહાલાં અને કુટુંબીજનો મોહ અને અજ્ઞાનવશ થઈ પોતાના પ્રિયજનોને મરણાસન્ન દેખી કે મરણની સંભાવના પિછાની રડવા લાગે છે. તેથી મૃત્યુ સમીપ આવેલી વ્યક્તિના પરિણામોમાં સંકલેશ થવાની શકયતા વધી જાય છે. જ્યારે કે તેને સમતાપૂર્વક નિષ્કષાય ભાવથી દેહ ત્યાગવામાં સહયોગ આપવો જોઈયે, ત્યારેજ મૃત્યુ મહોત્સવ બની રહે છે.

વચમાં એક ફૂટકળ શ્રોતા બોલ્યો, "મૃત્યુ સમયે માત્ર કાનમાં ણમોકાર મંત્ર બોલવાથી મૃત્યુ મહોત્સવ બની શકે છે તો જીવનભર જિનવાણીના અધ્યયનની શી આવશ્યકતા છે?"

મેં તેને શાંત પાડતાં કહ્યું, "અરે ભાઈ! જો આંધળાના હાથમાં તેતર આવી જાય તો તેનો અર્થ એ નથી થતો કે તેતર પકડવા આંખોની જરૂર નથી. જેમ યુદ્ધના મેદાનમાં સફળતા મેળવવા જીવનભર શસ્ત્ર વિદ્યાના અભ્યાસની જરૂર છે તેમ મૃત્યુને મહોત્સવ બનાવવા જીવનભર તત્ત્વાભ્યાસ કરવાની પણ જરૂર છે.

જાણે કે લોકોની દ્રષ્ટિએ લોક વિરૂદ્ધ થવાથી બીજા ઉત્સવો જેમ મૃત્યુનો મહોત્સવ આનંદથી નથી ઉજવાતો પણ તત્ત્વજ્ઞાનિઓ માર્ફત મૃત્યુને મહોત્સવ જેવું અનુભવી શકાય તો છે જ.

જ્યારે આ જીવને ભેદજ્ઞાનના જોરે નિજ-પરનો વિવેક જાગે છે. પોતાના અમરત્વની શ્રદ્ધા થઈ જાય છે ત્યારે તે તત્ત્વાભ્યાસથી એવું અનુભવવા લાગે છે કે, "હું તો આ વિનાશી શરીરથી ભિન્ન, અજર-અમર અવિનાશી છું- મારૂં તો કદિજ મૃત્યુ થતું નથી. મૃત્યુ તો કેવળ એક દેહમાંથી બીજા દેહમાં ગમન ક્રિયાનું નામ છે, જે આયુષ્ય પૂર્ણ થતાં થાય છે, જ્યારે દેહ જીર્ણ અને ક્ષીણ થાય છે ત્યારે જીવને અનિચ્છાથી પણ બીજા દેહમાં જવું પડે છે. દેહને છોડવું જ પડે છે, તથા દેહે પણ છુટવું જ જોઈયે; નહિ તો તે જુના-પુરાણા શરીરને ક્યાં સુધી ઢસડતો રહે ?

લોકાલોકમાં જેમ વ્યક્તિ જુનું વસ્ત્ર ત્યાગી નવું વસ્ત્ર ધારણ કરે છે તો ખુશ થાય છે તેમજ લોકોત્તર માર્ગમાં જ્યારે સમાધિમરણથી જીવ વૃદ્ધ અને રોગી શરીરને ત્યાગી નવું શરીર ધારણ કરે તો તેને તે સમયે પ્રસન્ન થવું જ જોઈએ.

દેહસાથે એકત્વ-મમત્વ રાખવાવાળા મિથ્યાદષ્ટિ અજ્ઞાની જીવો માટે મૃત્યુ દુઃખદ જ હોઈ શકે છે. કારણ તેઓ પર્યાય મૂઢ હોવાને કારણે મૃત્યુને સર્વનાશનો હેતુ માને છે, પણ પેલા

ભેદવિજ્ઞાનિઓને તો મૃત્યુથી ભયભીત ન થવું જોઈયે, જેઓએ તત્ત્વાભ્યાસ અને વૈરાગ્યજનની બાર ભાવનાના સતત ચિંતન મનનથી સંસાર, શરીર અને ભોગોની અસારતા-ક્ષણભંગુરતા તેમજ આત્માના અમરત્વનો સારી રીતે ઉંડો અનુભવ કર્યો છે.

જેમની સગાવહાલા પ્રત્યે મોહ મમત રહી નથી અને દેહ પ્રત્યેનું પોતાપણું છુટી ગયું હોય તેઓને મૃત્યુના ભયથી ભયભીત ન થવું જોઈયે.

મારા આ સમાધાનથી વિવેકીએ ભારે પ્રસન્નતા પ્રગટ કરી.

## ૧૨

સામાન્ય રીતે ચોમાસામાં વાહન વહેવાર ખોરવાતા ધંધા-પાણી સહેજે ધીમા પડી જાય છે. એ દિવસોમાં લગ્નાદિ સામાજીક કાર્યો ઉજવાતા ન હોવાથી લેવડ-દેવડ તેમજ વેચાણ-ખરીદિ પણ ઘટી જાય છે; અને ખેતરોમાં પાક ઉભો હોવાથી ખેડૂત વર્ગ, મજૂર વર્ગ તેમજ વેપારી વર્ગ, એ ત્રણે વર્ગોમાં ધર્મ કાર્ય કરવાની વિશેષ પ્રવૃત્તી જોવા મળે છે. બધા ધર્મોના ધાર્મિક પર્વો સામાન્ય રીતે એજ દિવસોમાં ઉજવાય છે.

ચાતુર્માસને કારણે સાધુ-સંતોને પણ ચાર મહિના એકજ સ્થાન પર રોકાવું પડે છે. આ કારણથી પણ આ દિવસોમાં ધાર્મિક વાતાવરણ નિર્માણ થવાના યોગો ઉભા થાય છે. ગમે તે કારણ હોય પણ ગૃહસ્થોને ધર્મ-કર્મ કરવાનો સારો અવસર મળે છે તો ખરો આને પણ ગૃહસ્થોનું સદ્ભાગ્ય સમજવું જોઈયે; નહી તો વેપારી એવી તો વ્યસ્ત વ્યક્તિ છે કે તે ન તો કોઈ દિવસ શાંતિથી પેટભરી જમી શકે કે ન તો પૂરતી ઉંઘ લઈ શકે છે.

જ્યારે પણ કોઈ તેને ધર્મ-કર્મ, પઠન-પાઠન કે ચિંતન મનનની વાત કરે તો તેનો એકજ જવાબ હોય છે, ''અરે ભાઈ! હમણાં તો મને મરવાની પણ ફુરસદ નથી.'' પણ મારી સમજમાં તેમની આ વાત આજ સુધી નથી આવી કે શું મોત પણ ફુરસદવાળાઓ પાસે જાય છે ?

એ લોકોની આ વાત યથાર્થ હોત તો સારૂં થાત. દેશના કામો પણ વધુ અને વધુ પૂરા થાત અને કોઈ મરત પણ નહી. કારણ બધા પોતપોતાને કામમાં વ્યસ્ત રાખતાં જ્યારે કોઈને મરવાની ફુરસદ પણ મળતી નથી તો ભલા કોઈ શા માટે મરે?

સદાસુખી અને વિવેકીનું પણ સદ્ભાગ્ય હતું કે તે પહાડી ક્ષેત્રમાં જ્યાં તેઓ રહેતા હતાં ત્યા બે-ત્રણ મહિના સુધી વરસાદ કંઈક વધારે જ વરસતો હતો. તે દિવસોમાં ત્યાં પર્યટકોની અવરજવર સદંતર બંધ રહેવાથી વેપારીઓને વેપારથી ફુરસદને ફુરસદ જ રહ્યાં કરતી. તે કારણે તેઓએ બે માસનો સમય સહકુટુંબ ધર્મ લાભ માટે ફાળવ્યો હતો.

કુટુંબ સાથે આવવાને કારણે તેઓએ માત્ર બે મહિના થોભવાનો સંકલ્પ કર્યો હતો પણ તે દરમ્યાન તેમને લાગ્યું કે આવો આશાતીત ધર્મ લાભ છોડી, સતત વહેતી જ્ઞાનગંગાની અમૃતમય મધુર ધારા છોડી ફરી પાછાં રાગની આગમાં બળવા ઘેર જવું ઠીક ન કહેવાય. આવો દુર્લભ સંયોગ પણ પુણ્યના યોગે મળે છે. આ ધર્મલાભને હવે તો કોઈપણ રીતે જતો કરવો નથી. ભવિષ્યમાં પણ વર્ષ દરમ્યાન ઓછામાં ઓછા બે-ત્રણ માસનો સમય તો અવશ્ય કાઢવો જ પડશે.

ત્યારથી તેઓ પોતાના કરેલ સંકલ્પ અનુસાર દર વર્ષે મારી પાસે આવે છે અને ચાર-ચાર મહિના રહી તત્ત્વાભ્યાસ કરે છે.

આ સમય દરમ્યાન તેઓએ મોક્ષમાર્ગ પ્રકાશક અતથી ઈતિસુધી ઘણીવાર વાંચ્યું, સમયસાર, નિયમસાર, પ્રવચનસાર, પુરૂષાર્થ સિદ્ધયુપાય વિગેરે નાના-મોટા ગ્રંથોનું અધ્યયન કર્યું.

તદુપરાંત વિવિધ કવિઓની બારભાવના, વૈરાગ્ય ભાવના છઃ ઢાળા, કુંદકુંદ શતક, શુદ્ધાત્મશતક, જૈન શતક અને નાટક સમયસારનું નિયમિતરૂપે પારાયણ કર્યું અને તેમને તે મોઢે થયા હતાં.

જૈન દર્શનના પ્રમુખ સિદ્ધાંત વસ્તુસ્વાતંત્ર્ય ભેદવિજ્ઞાન ક્રમબદ્ધ પર્યાય, સર્વજ્ઞતા, પુણ્ય-પાપ, નિમિત્તોપાદાન, નિશ્ચય વ્યવહાર, અનેકાંત સ્યાદ્વાદ વિગેરે વિષયો પર ગંભીર ચર્ચા કરી પોતાની સમ્યક્ શ્રદ્ધાને દૃઢ કરી કર્તવ્યના ભારથી નિર્ભર થઈ નિરાકુલ રહેતા અને આત્મસન્મુખ થવાનો અપૂર્વ પુરૂષાર્થ પણ કર્યા કરતાં.

તેઓનું માનવું અને કહેવું હતું કે, ''તે જ સુખી થવાનો સાચો ઉપાય છે અને આ જીવન જીવવાની ખરી કળા છે. તેમણે આ પ્રમાણે જીવન જીવવાનું શીખી લીધું હોય, તેમનું જ મરણ સમાધિપૂર્વક થઈ શકે છે.

સમ્યકદર્શન પ્રાપ્ત કરવાની પૃષ્ટ ભૂમિ કેવી હોય છે તે વિષયપર તેઓએ માત્ર ચર્ચા જ ન કરી બલકે પોતાના જીવનને તેવી જ રીતે જીવવાનો પ્રયત્ન પણ કર્યો. ચર્ચાને ચર્ચામાં બદલવાનો પુરૂષાર્થ પણ કર્યો. આમ કરી તેઓએ અનુભવ્યું કે વાસ્તવમાં જૈન દર્શન બીજું કંઈ નથી પણ માત્ર સુખદ જીવન જીવવાની અદ્ભુત્ કળા છે. જે જૈન દર્શન અનુસાર જીવન જીવવાનું શીખી લે છે તે વર્તમાનમાં પૂર્ણ નિરાકુલ, અત્યંત શાંત અને પૂર્ણ સુખી રહે છે, તેનું અનંત ભવિષ્ય પણ પૂર્ણ સુખમય, અતીન્દ્રિય આનંદમય થઈ જાય છે.

ચાર મહિના સુધી સતત લાભ મળવા છતાં પણ વિવેકી અને સદાસુખીનું મન હજું ધરાયું ન હતું તત્ત્વજ્ઞાનની તરસ કંઈક

એવી જ હોય છે. જે જલદી નથી બુઝાતી પણ ગૃહસ્થાવસ્થામાં રહેતા પોતાના ઘર-પરિવારની પણ ઉપેક્ષા કરી શકાતી નથી. ઉપરાંત તેઓ પોતાના સગાવહાલા અને આજુબાજુવાળાને પણ ધાર્મિક સંસ્કાર આપવા માગતાં હતાં. અને તે ઉચીત હતું કારણ જેને જે વસ્તુ અધિક પ્રિય હોય છે, હિતકર લાગતી હોય તે પોતાના પ્રિયજનોને પણ તે વસ્તુ વહેંચી દેવા માગે છે. માટે તેઓ ઘરેથી પૂર્ણ નિવૃત્ત હોવાથી પણ થોડો સમય પોતાના સગાવહાલા સાથે રહી તેઓને પણ તત્વજ્ઞાનનો લાભ આપ્યા કરતા હતા.

આ વખતે જ્યારે તેમણે ઘરે જવાનો કાર્યક્રમ બનાવ્યો તો મને વિચાર આવ્યો કે આ લોકોને જતાં જતાં એક વાર પાછું જૈન દર્શનના નિચોડ સ્વરૂપે સમ્યગ્દર્શન, સંન્યાસ તેમજ સમાધિનો સંક્ષિપ્ત સારાંશ કેમ ન આપું?

તે માટે મેં એક ભાષણ સંક્ષેપમાં તૈયાર કર્યું ભાષણ તૈયાર કરતી વખતે મને વિચાર આવ્યો કોણ જાણે આ લોકો પાછા આવે કે ન આવે, હું એમને મળું કે ન મળું, આ ક્ષણભંગુર શરીરનો શો ભરોસો? હું પણ એમને કંઈ કહેવા લાયક રહું ને ન રહું જેથી પુનર્મિલન થઈ શકે માટે ભવિષ્યની આશામાં વર્તમાન ખોવો કોઈ સમજદારીની વાત નથી.

એમ વિચારી મેં તેઓની 'વિદાયની વેળા' એ એક દીક્ષાંત ભાષણ આપવાની ઘોષણા કરી.

ઘોષણ કરતા તો કરી દીધી પણ ભાષણનો વિષય શું હોવો જોઈયે? એ શા પ્રકારે પ્રસ્તુત કરાય- મારે માટે એક સમસ્યા બની ગઈ.

ચાર જણ બેસીને એક બીજા સાથે ચર્ચા કરે એ જુદી

વાત છે અને ભાષણ આપવું તે વાત જુદી છે. ભાષણ આપવું દરેકના ગજાની વાત નથી. ભાષણ તો પોતાના વિચારોની, પોતાના ચિંતનની એક કલાત્મક અભિવ્યક્ત છે. મંચ પર ઉભા થઈ વગર વિચારે જુસ્સાથી કંઈપણ કહેવાને ભાષણ ન કહેવાય.

સારા ભાષણ માટે કોઈ નિધરિલ વિષય પર પૂર્વગ્રહ રહિત, ગંભીરતાથી વ્યવસ્થિત વિચારોને અનુરૂપ શબ્દોની ભાષા ઘણી આવશ્યક હોય છે.

વિષયના યોગ્ય વહેણ માટે ભાષાનું સરલ, સુબોધ, પરિમાર્જિત અને દેશ-કાળને અનુરૂપ હોવું આવશ્યક છે.

મેં વિચાર્યું, ભલે ગમે તેટલી મહેનત કરવી પડે પણ શ્રોતાઓને પુરેપુરો લાભ મળવો જોઈએ. આમ વિચારી હું લેખિત ભાષણ બોલવાની તૈયારીમાં લાગી ગયો.

મે સાંભળ્યું હતું કે લેખકોને જ્યાં સુધી પાનાં ફાડવાનો રોગ નથી લાગતો ત્યાં સુધી તે સફળ લેખક નથી બની શકતાં -તેથી મેં પણ એજ માર્ગ અપનાવ્યો જ્યાં સુધી એક એક લીટી પર પુરો સંતોષ ન થાય, ત્યાં સુધી પરિશ્રમની પરવા કર્યા વગર પૂરા પાનાંને પાનાં ફાડી કાઢતો; અને પાછાં લખી કાઢતો રાત ઘણી વીતી ગઈ હતી પણ પ્રયત્ન કરતા-કરતા ભાષણની એક સુંદર રૂપરેખા તૈયાર થઈ ગઈ અને હું સુખેથી સુઈ ગયો.

## ૧૩

મેં સાંભળ્યું હતું કે સાહિત્યકારોને એક એક રચનામાં પુત્ર પ્રાપ્તિ જેવી અનુભૂતિ થાય છે. પણ તેનો પ્રત્યક્ષ અનુભવ મને તે રાત્રે થયો, જ્યારે મારી દીક્ષાંત ભાષણની એક સુંદર રૂપરેખા તૈયાર થઈ હતી.

જોકે તે રાત્રિ હું ઘણો મોડો સુતો પણ અતિ ઉત્સાહને કારણ બીજે દિવસે વખત સર ઉઠી ગયો અને જલદી જલદી તૈયાર થઈ સમય પહેલા ત્યાં પહોંચી ગયો, જ્યાં દીક્ષાંત ભાષણનો કાર્યક્રમ ગોઠવ્યો હતો.

સભાની પ્રાથમિક ઔપચારિકતા બાદ પોતાના ભાષણનો પ્રારંભ કરતાં મેં કહ્યું, ‘‘વિદાયની ક્ષણ પણ બહુ વિચિત્ર હોય છે. ભલે પછી તે દિકરીની વિદાયની ક્ષણો હોય, કે ધર્માત્માઓની ચિર-વિદાયની, બન્ને સ્થિતિમાં બધાને હર્ષ-વિષાદ તેમજ સુખ-દુ:ખથી મિશ્રીત એવી વિચિત્ર અનુભૂતિ હોય છે; જે શબ્દોમાં વ્યક્ત કરાતી નથી.

એક તરફ જ્યાં વિદાય પછી ચિરપ્રતીક્ષિત દુર્લભ મનોરથોના સાકાર થવાનો હર્ષ, ત્યાંજ બીજી તરફ પોતાના સંબંધિઓથી સદાયને માટે જુદા પડવાનું અસીમ દુ:ખ પણ થાય છે.

એ સ્થિતિ તો ભારે વિચિત્ર થઈ જાય છે, જ્યારે ચિરવિદાયને સમયે એક તરફ મૃત્યુને મહોત્સવ જેવું ઉજવવાની વાત થાય છે ત્યારે બીજી તરફ અનંતકાળને માટે પોતાના ઈષ્ટ જનોના વિયોગની અસહ્ય માનસિક વેદનાનો ડુંગર સામે ઉભો દેખાય છે.

જો કે આ પરિસ્થિતિમાં મરણાસન્ન સાધકોના મનમાં અન્તર્દ્વન્દ પણ જાગે છે, પણ તે એ અન્તર્દ્વન્દને જૈન દર્શનના પરિપ્રેક્ષ્યમાં કરેલ તત્ત્વાભ્યાસ ને આધારે શાંત કરી લે છે. તે દ્વંદ પર વિજય પ્રાપ્ત કરી લે છે. તે વિજયના હર્ષ આનંદમાં તેનું મૃત્યુ મહોત્સવ બની જાય છે.

તે જાણતો હોય છે કે મૃત્યુ તો એક ને એક દિવસ બધાનું થવાનું જ છે. આ ધ્રુવસત્ય તો કોઈ કદાપિ નકારી શકતું નથી. જેણે જન્મ લીધો છે તેને આજે કાંતો કાલે મરવાનું તો છે જ અને જેઓનું મિલન થયું હોય તેઓનો વિયોગ પણ અવશ્ય થવાનો છે. આ સ્થિતિ કોઈ ટાળી શકતું નથી. માટે તે ક્ષણ આવે તે પહેલા આપણે શા માટે એક બીજા પ્રત્યે આપણા કર્તવ્યની તેમજ એકબીજા ઉપર પોતાના અધિકારોની સમીક્ષા ન કરી લઈએ? કર્તવ્યો તેમજ અધિકારોની યથાર્થતા સારી રીતે સમજી લઈયે કે જેથી પાછળથી પસ્તાવો ન થાય.

આજ સુધી આપણે ખાસ કરીને આ બે બાબતોથી સૌથી વધુ પ્રભાવિત રહ્યાં છીએ. આપણે પોતાના અજ્ઞાનથી આજ સુધી એમ માની બેઠાં હતાં કે કુટુંબનું પાલન પોષણ કરવું, તેઓને ભણાવી-ગણાવી હોશિયાર બનાવવું અને બધાને માટે જેમ બને તેમ પૈસા ભેગા કરવા વિગેરે અમારા પ્રમુખ કર્તવ્યો છે. તેને બદલે કુટુંબ પરિવારના લોકો આપણી ભરપૂર સેવા કરે; આપણી

આજ્ઞામાં રહે, જેમ આપણે કહીએ તેમ કરે -એજ આપણો તેમના પર અધિકાર છે.

આ કર્તવ્યો અને અધિકારોના અનધિકારી ભોગવટાથી આપણે આજ સુધી હેરાન થતા રહ્યાં છીએ. પણ જિનાગમના અધ્યયન-મનન તેમજ અભ્યાસથી આજ સુધી આપણને એ જાણવા મળ્યું છે કે વાસ્તવમાં બધાં પોતપોતાનાં કર્તા-ભોક્તા છે, બધા માત્ર પોતાના જ ભાગ્ય વિધાતા છે.

કોઈ પણ કોઈના સુખ દુઃખના જીવન-મરણના, ઉન્નતિ-અવનતિના કર્તા હર્તા નથી; કોઈ કોઈનું ભલું કે બુરૂં કંઈ પણ કરી શકતાં નથી. આપણા કર્તૃત્વના આ બધા વિચારો નિરર્થક છે. માટે હવે આપણે ઘર-ગૃહસ્થીના કર્તાપણાના ભારથી સંપૂર્ણ નિર્ભાર થઈ હંમેશા બીજાઓનું ભલું બુરૂં કરવાની ચિંતાથી મુક્ત થઈ, નિશ્ચિંત થઈ કેમ પોતાના સ્વરૂપમાં રમમાણ થવાનો પ્રયત્ન ન કરિયે?

સંયોગો ન તો સુખદ હોય છે કે ન તો દુઃખદ. સુખદ દુઃખદ તો માત્ર સંયોગી ભાવો હોય છે. માટે સંયોગો પરથી દ્રષ્ટિ હટાવી સ્વભાવ સન્મુખ દ્રષ્ટિ કરવી એજ શ્રેષ્ઠ છે.

સમ્યક્‌દૃષ્ટિની દૃષ્ટિમાં મૃત્યુ કોઈ ગંભીર સમસ્યા નથી. મૃત્યુથી પોતાનું સર્વસ્વ નાશ પામે એવું તેને નથી લાગતું. તે સારી પેઠે જાણે છે કે મૃત્યુ એટલે જુની ઝુંપડી છોડી નવા ઘરમાં રહેવા જવા જેવું કેવળ સ્થાનાંતર માત્ર છે. જુનું મેલું ઘેલું કપડું ઉતારી નવું કપડું પહેરવા સમાન છે.

આ કારણથી જો તે નુતન ગૃહ પ્રવેશના ઉત્સવની જેમ મૃત્યુને મહોત્સવસ્વરૂપે માને તો તેમાં કોઈ આશ્ચર્ય નથી. અને લાંબા

સમય સુધી જે ઝુંપડીમાં રહ્યો હોય તે ઝુંપડી પ્રત્યે સહજ લાગણીવશ થઈ તે થોડો ખીન્ન થાય તો તે અસંભવ નથી. આમ બનવું પણ સ્વાભાવિક જ છે.

મિથ્યાદષ્ટિની દ્રષ્ટિ તેનાથી વિપરીત હોય છે. એક તો તેની સ્થિતિ એવા દરિદ્રિની માફક હોય છે કે જે જીંદગીમાં કંઈજ કમાયો ન હોય. સ્વજનો માટે રહેવા ઘર તો ઠીક પણ એક ઝુંપડી પણ બનાવી શક્યો ન હોય. જો મકાન-માલિક તેને કાઢી મુકે તો ઠેર ઠેર ઠોકરો ખાવા સિવાય તેને બીજા કોઈ રસ્તો પણ ન રહે. એવી સ્થિતિમાં તેનું દુઃખી થવું સ્વાભાવિક છે.

જેણે જીવનભર પાપાચરણ જ કર્યું હોય, નરક-નિગોદ જવાની તૈયારી કરી હોય તેનું તો રહ્યું સહ્યું પુણ્ય પણ હવે ક્ષીણ થઈ રહ્યું હોય તો તેના દુઃખને કોણ દૂર કરી શકે? હવે મરણ સુધારવાનો તો પ્રશ્ન જ ઉદ્દ્ભવતો નથી. તેની આગામી ગતી અનુસાર મતિ બગડી જાય છે.

આ પ્રકારે મૃત્યુ પર આંસુ વહાવતા મિથ્યાદ્રષ્ટિ તેમજ મૃત્યુને મહોત્સવમાં ફેરવનારા સમ્યક્દ્રષ્ટિની સ્થિતિને તથા તેમની વર્તમાન ભૂમિકાને સ્પષ્ટ કરતાં મેં દીક્ષાંત ભાષણમાં આગળ કહ્યું, ‘‘સમ્યક્દ્રષ્ટિ ભગવાન આત્માને જ્ઞાન જ્યોતિરૂપે ચૈતન્ય દેવના સ્વરૂપમાં જુએ છે. તે પોતાના સ્વરૂપને પર દ્રવ્યોથી પૃથક રાગાદિથી રહિત, શાશ્વત જ્ઞાતા દ્રષ્ટા જાણે છે. તથા મૃત્યુને કેવળ દેહથી દેહાંતર થવાની ક્રિયા માને છે. તે કારણે તે મૃત્યુથી ડરતો નથી. જ્યારે મિથ્યાદ્રષ્ટિને અનાદિ કાળથી દેહથી આત્મિયતા હોવાથી મૃત્યુથી પોતાનું સર્વસ્વ લુટાયેલું લાગે છે. સર્વસ્વ સમાપ્ત થયું હોય તેમ પ્રતીત થાય છે. તેથી તેનું દુઃખી અને ભયભીત થવું સ્વાભાવિક છે.

સમ્યક્દ્રષ્ટિ વખતો વખત શરીર વિષે એવો વિચાર કરી વિરકત રહે છે કે આજ સુધી આટલા વર્ષોથી મારા સંયોગમાં રહી આ શરીરના અનંત પુદ્‌ગલ પરમાણુઓનું મને અનુકૂળ હોય એવું પરિણમન શી રીતે થઈ રહ્યું છે?

આમ જો કોઈને આશ્ચર્ય થાય તો શી નવાઈ!

**नौ दरवाजों का पिंजरा तामे सुआ समाय ।**
**उडवे को अचरज नही, अचरज रहवे मांहि ॥**

આમ તેને મૃત્યુભય નથી રહેતો.

જ્ઞાની વિચાર કરે છે કે, "જેમ જે માટીના સાંચામાં શુદ્ધ ચાંદીની મૂર્તિ બને છે, ઢાળે છે, તે સાંચો તૂટતાં ચાંદીની મૂર્તિ નથી તૂટતી તે પ્રમાણે શરીરરૂપી સાંચામાં આત્માની મૂર્તિ વિરાજે છે તે મૂર્તિ કદિ તૂટતી કે ફૂટતી નથી.

સમ્યક્દ્રષ્ટિને દેહમાં આત્મબુદ્ધિ રહેતી નથી. તે દેહની નશ્વરતા, ક્ષણભંગુરતાથી તો સારી રીતે પરિચિત હોય છે જ. પણ તેની જડતા, અચેતનતાથી પણ પરિચિત થઈ જાય છે.

પર અને પર્યાયનું ભેદજ્ઞાન હોવાથી તેને તેના આત્માથી જ પોતાપણું- આત્મિયતા રહે છે. માટે શ્રદ્ધા અને વિવેકના સ્તરે તેને મૃત્યુભય હોતો નથી.

શકય છે કે કોઈ સમ્યક્દ્રષ્ટિ પણ આચરણના સ્તરે મૃત્યુને મહોત્સવ તરીકે ન ઉજવી શકે. તેને પણ બહારથી મિથ્યાદ્રષ્ટિની જેમ આંસુ વહાવતો જોઈ શકાય છે. પુરાણોમાં પણ આવા અનેક દાખલા ઉપલબ્ધ છે. રામચંદ્રજી ક્ષાયિક સમ્યક્દ્રષ્ટિ હતાં. તો પણ લક્ષ્મણના શબને પોતાના ખભા ઉપર લઈને ફરતા રહ્યાં.

કવિવર બનારસીદાસની મરણાસન્ન વિપન્ન કફોડી સ્થિતિ જોઈને તો લોકોએ એટલે સુધી કહેવાનો પ્રારંભ કર્યો હતો કે "ખબર નથી આમનો જીવ કઈ મોહ-માયામાં ખોરવાયો હશે?" લોકોની આવી ટીકા સાંભળી તેમણે સંકેત કરી સ્લેટ પાટી મંગાવી અને તેના પર લખ્યું:

**ज्ञान कुतक्का हाथ, मारि अरि मोहना ।**
**प्रगट्यो रूप स्वरूप अनंत सु सोहना ॥**
**जा परजे को अन्त सत्यकरि जानना ।**
**चले बनारसीदास, फेर नहिं आवना ॥**

મૃત્યુ સમયે જ્ઞાનીની આંખોમાં આંસુ જોઈ તેમને અજ્ઞાની ન માનવા જોઈએ, કારણ તેમને કેવળ અનંતાનુબંધી ક્રોધાદિ કષાયોનો જ અભાવ થયો છે. અપ્રત્યાખ્યાનાદિ ત્રણ કષાયોની ચોકડી તો હજી તેમનામાં હાજર વિદ્યમાન છે. અહીં શ્રદ્ધા તો જ્ઞાનીની સિદ્ધ સમાન નિર્મળ થઈ ગઈ છે, પણ ચારિત્ર ગુણમાં હજી કમજોરી છે આને કારણે વિયોગથી ઉદ્દભવેલ ક્ષણિક દુઃખનો ઉભરો આવવો અસ્વાભાવિક નથી. પોતાની શ્રદ્ધાને મજબૂત કરવા તેઓ વારંવાર પોતાના મનને સમજાવતા કહે છે.

**हमको कछु भय ना रे !**
**जाकरि जैसे जाहि समय में जो होतब जा द्वार**
**सो बनि है टरि है कछु नाहीं; कर लीनो निरधार ।**
**हमको कछु भय ना रे ! जान लिया संसार ॥**

જે કાર્ય જેની વડે, જે વિધિથી, જે સમયે, જે કારણોના માધ્યમથી થવાનું હોય તે કાર્ય તેની વડે, તે વિધિથી, તે સમયે,

તે જ કારણોના માધ્યમથી થાય છે, તેને કોઈ પણ રીતે ટાળી શકાતું નથી.

આચાર્યોના કથનોને સ્મરણ કરતા તે પોતાના મનને સમજાવે છે, 'હે મન! તું બીજા વિચારો છોડ અને ગુરૂઓના તે કથનો પર વિચાર કર જેમાં વસ્તુના સ્વતંત્ર પરિણમનની સ્પષ્ટ ઉદ્‌ઘોષણા કરાઈ છે.

સ્વામી કાર્તિકેય - કાર્તિકેયાનુપ્રેક્ષામાં કહે છેઃ

**जं जस्स जम्मि देशे, जेण विहाणेण जम्मि कालम्मि ।**

**णादं जिणेण णियदं, जम्मं वा अहव मरणं वा ॥**

**तं तस्स ताम्मि देशे तेण विहाणेण तम्मि कालक्ति ।**

**को सक्कदि वारेदुं इन्दो वा तह जिणिन्दो वा ॥**

જે જીવના, જે દેશમાં, જે કાળમાં, જે રીતે જન્મ મરણ જિનદેવે નિયતરૂપથી જાણ્યાં છે, તે જીવના, તે દેશમાં, તે કાળમાં, તેજ નિયતરૂપે અવશ્ય થાય છે, તેને ઈન્દ્ર અથવા જિનેન્દ્ર પણ ટાળવામાં સમર્થ નથી, ત્યાં બીજાની તો વાત જ કેમ થાય?

જ્ઞાની વિચાર કરે છે કે ત્રણ લોકમાં જેટલા પદાર્થ છે તે બધા પોતપોતાના સ્વભાવથી પરિણમન પામે છે, કોઈ કોઈનો કર્તા ભોક્તા નથી. જ્યારે આ શરીર પોતે જ ઉત્પન્ન થાય અને પોતેજ નાશ પામે, પોતેજ સુકાય છે કે પોતેજ વધે છે તો પછી હું આ શરીરનો કર્તા-ભોક્તા શી રીતે કહેવાઉં ?

આ સ્થિતિમાં મારા રાખવાથી તો શરીર કેવી રીતે રહે ? હું આમા કંઈજ ફેર બદલ કે પરિવર્તન નથી કરી શકતો.

હું તો માત્ર મારા જ્ઞાયક સ્વભાવનો જ કર્તા-ભોક્તા છું

તેનું જ વેદન અને અનુભવન કરૂં છું આ શરીર નષ્ટ થવાથી મારૂં કંઈ પણ બગડતું નથી કે તેના રહેવાથી મને કોઈ જ લાભ પણ નથી.

એમ પણ આ દેહ અત્યંત અપવિત્ર છે, અસ્થિર છે, ઘૃણા પેદા કરે તેવો છે, તેમાં રંચમાત્ર પણ સાર નથી, ચામડીથી મઢેલો, સુંદર દેખાતો આ દેહ સાત કુધાતુઓથી ભરેલો, મલમૂત્રની મૂર્તિ જ છે. તેના નવ દ્વારોમાંથી રાત દિવસ એવો મેલ વહ્યાં કરે છે કે જેનાં નામો લેવાથી પણ સૂગ આવે, જેને અનેક બિમારિઓ નિરંતર લાગેલી હોય તે દેહને રાખી આજ સુધી કોણ સુખી થયું છે ?

આનું સ્વરૂપ રમમાણ યોગ્ય નથી, પણ છોડવા યોગ્ય છે. માટે હે ભવ્યો! આ માનવ તન મેળવીને મહાતપ કરો કેમ કે આ દેહ મેળવવાનો સાર આત્મહિત કરી લેવાનો છે.

આ પ્રમાણે સંસાર, શરીર અને આત્માના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થવાથી ભેદ વિજ્ઞાની સમ્યક્દ્રષ્ટિ મૃત્યુથી ડરતો નથી.

દુનિયા જેને હાઉ સમજી બેઠી છે તે મૃત્યુ જ્ઞાનીને મિત્ર સમાન હિતકારી લાગે છે. કેમ ન હોય? હોવું જ જોઈએ. કારણ તે જાણતો હોય છે કે આ મૃત્યુ જ મને આ ગંદા અને જીર્ણ શીર્ણ અને દુઃખદ દેહરૂપી કારાગારમાંથી મુક્ત કરશે.

જે શરીરને અજ્ઞાની પોતાનું માની તેમાં રમમાણ થતો હોય છે તે દેહ સંબધે જો જરાય ઉંડાણથી વિચાર કરે તો જાણવા મળશે કે તેમા કઈ કઈ ગંદગી ભરેલી છે. તેનું ખરૂં રૂપ શું છે? તેની અસલિયત શું છે? આ કાયા કેટલી ક્ષણભંગુર અને નાશવંત છે?

નીચે લખેલ પંક્તિઓથી આ વાત વધુ સ્પષ્ટ થશે.

**जिस देहको निज जानकर, नित रम रहा जिस देह मे।**
**जिस देहको निज मानकर, रच-पच रहा जिस देह मे ॥**
**जिस देहमे अनुराग है, एकत्व है जिस देह मे ।**
**क्षण एक भी सोचा कभी क्या, क्या भरा उस देह मे ॥**

બીજું પણ જુઓ કે શું શું કહ્યું છે આ દેહ વિષે અમારા ચિંતકોએ :

**देह अपावन अथिर थिनावनी, यामें सार न कोई ।**
**स्पगर के जल सो सुचि कीजै, तो भी शुद्धन होई ॥**
**सात कुधात मदी मल मुरत चाम लपेटी सोहै ।**
**अन्तर देखते या सम जग मे और अपावन की है ।**
**नवमल द्वारा वहे निश-वासर, नाम लिए धित आवे ॥**
**व्याधि-उपाधि अनेक जहाँ तहँ कौन सुधी सुख पावे ॥**
**राचन योग स्वरूप न याको, विचरत जोग नही है ॥**
**यह तन पाय महातय की जै, यामे सार यही है ।**

આ પ્રમાણે વસ્તુસ્વરૂપનું વારંવાર ચિંતન-મનન કરતા રહેવાથી જ્ઞાનીની શ્રદ્ધા તો દૃઢ થાય છે જ, ધીમે ધીમે, આચરણ પણ શ્રદ્ધાને અનુરૂપ થવા લાગે છે. પરિણામે તેનું મરણ પણ સહજ સમાધિમય થાય છે.

સદાસુખીએ જીજ્ઞાસા પ્રકટ કરી -શું આ બધું સહેલાઈથી થાય છે? શું મરણાસન્ન વ્યક્તિને સલ્લેખના ધારણ કરવાની જરૂર નથી? શાસ્ત્રોમાં સલ્લેખના લેવાની બહુ વિસ્તારથી ચર્ચા કરવામાં આવી છે. શું સલ્લેખના અને સમાધિ મરણ જુદા જુદા છે?

સદાસુખીના એકી સાથે ઘણા પ્રશ્નો સાંભળી મને મનમાં ને મનમાં આનંદ થયો. પણ તે પ્રશ્નોના યોગ્ય સમાધાન માટે વિસ્તૃત ચર્ચાની જરૂર હતી. માટે મેં કહ્યું ભાઈ! તમારે આ પ્રશ્નોને સમજવા ઓછામાં ઓછો એક દિવસ રોકાવું પડશે.

સદાસુખી અને વિવેકીએ હસતે મોંએ જવાનો કાર્યક્રમ રદ કર્યો અને એક દિવસ રોકાવાનો નિશ્ચય કર્યો. એ ઠીક થયું, અને સત્યને જાણવાની લગની લાગી હોય તેમને માટે એક દિવસની શી વિસાત્ છે. તે તો સર્વસ્વ સમર્પણ કરવા સદૈવ તૈયાર રહે છે.

## ૧૪

નિર્ભય અને નિર્લોભી બન્યા વગર સત્ય કહી શકાતું નથી. અને સંપૂર્ણ સમર્પણ વિના સત્ય સમજી કે સાંભળી શકાતું નથી. આ તથ્યથી સુપરિચિત સદાસુખી અને વિવેકી બીજે દિવસે સમય કરતાં પાંચ મિનિટ વહેલાં મારી પાસે આવી ગયાં અને અત્યંત વિસ્મયભાવથી પૂછેલાં પ્રશ્નોના જવાબની ચાતકની જેમ વાટ જોવા લાગ્યાં.

સમાધિનું સ્વરૂપ તેમજ તેનાં ઉપાયોને વિષે તો પૂરતા પ્રમાણમાં ચર્ચા થઈ ચુકી હતી, પણ આગમમાં આવેલ સલ્લેખના વિષે ચર્ચા હજુ બાકી હતી. તેથી એ સંબંધે તેમની જીજ્ઞાસા સ્વાભાવિક હતી.

મેં સલ્લેખના વિષે આગમને આધારે તેમને સમજાવવાનો પ્રયત્ન કર્યો.

મેં કહ્યું, "સલ્લેખના જૈન દર્શનનો પારિભાષિક શબ્દ છે. જે બે શબ્દો ભેગા કરી બન્યો છે સત્ + લેખના - સલ્લેખના જેનો અર્થ સમ્યક્ પ્રકારથી કાયા અને કષાયો ને કૃષ કરવા એવો થાય છે.

જ્યારે ઉપસર્ગ, દુર્ભિક્ષ, ઘડપણ કે અસાધ્ય રોગ વિગેરે

કોઈ એવી અનિવાર્ય પરિસ્થિતિ ઉત્પન્ન થાય, જેને કારણે ધર્મની સાધના કરવાનું શક્ય ન રહે, તો વસ્તુ સ્વરૂપ સમજી તેમજ આત્માને આશ્રયેથી કષાયોને કૃષ કરતાં ઉપવાસાદિ તપ વડે કાયાને કૃષ કરી ધર્મની રક્ષા અર્થે મરણ સ્વીકારી લેવાનું નામ સલ્લેખના છે. તેને મૃત્યુ મહોત્સવ પણ કહે છે.

ઉપર જણાવેલ ધર્મ આરાધક પરિસ્થિતિમાં પ્રીતિપૂર્વક ચિત્તને પ્રસન્ન રાખી બહારથી શરીરાદિ સંયોગો તેમજ અંદરથી રાગદ્વેષ વિગેરે કષાય ભાવોને ક્રમશઃ ઓછા કરતાં કરતાં પરિણામોમાં શુદ્ધિની વૃદ્ધિ સાથે શરીરનો પરિત્યાગ કરાય છે તે ટુંકમાં સલ્લેખનાનું સ્વરૂપ છે.

સમાધિની વ્યાખ્યા શાસ્ત્રોમાં "**समरसी भावः समाधिः** એટલે કે સમરસી ભાવનું નામ સમાધિ છે" એમ થાય છે. ઉત્તમ પરિણામોમાં ચિત્તને સ્થિર રાખવું કે પંચપરમેષ્ટિનું સ્મરણ કરવાને સમાધિ કહે છે.

સમાધિમાં ત્રિગુપ્તિનું પ્રાધાન્ય હોવાથી સમસ્ત વિકલ્પોનો નાશ મુખ્ય છે. મુનિરાજોના સમસ્ત વિકલ્પો છૂટી જાય છે, માટે તેઓ પરમસમાધિના ધારક હોય છે.

મૌન પાળી સંયમ, નિયમ તેમજ તપપૂર્વક પોતાના શુદ્ધાત્મ સ્વરૂપનું ધ્યાન ધરવું પ્રમુખ છે.

એમ તો સલ્લેખના અને સમાધિ શબ્દ પર્યાયવાચક શબ્દોના રૂપે પણ પ્રચલીત છે, તો પણ સૂક્ષ્મ દૃષ્ટિથી જોવાય તો ઉપર કરેલ વિવેચનથી સ્પષ્ટ થાય છે કે સમાધિવડે જ સલ્લેખના સફળ થાય છે. જ્યાં સુધી જીવનમાં બીજાઓ પ્રત્યે સમરસી ભાવ કે સામ્યભાવ નહી થાય ત્યાં સુધી કષાયોને કૃશ કરવા શક્ય નથી,

અને કષાયો કૃષ કર્યા વિના શરીરને કૃશ કરવાને જ સલ્લેખના કહેવાય છે. માત્ર કાયાને કૃશ કરવાથી તો આત્મઘાત (આત્મહત્યા) થશે, સંલ્લેખના નહી.

આ પ્રકારે સલ્લેખના અને સમાધિનો ફરક ટુંકમાં સ્પષ્ટ કરતાં મે તેમની સાથે સલ્લેખનાના ભેદ-પ્રભેદની પણ ટુંકમાં ચર્ચા કરી, જે આ પ્રકારની છે -સલ્લેખના અનેક પ્રકારના ભેદ બતાવ્યા છે. જેવાં કે નિત્યમરણ અને તદ્ભવ મરણની સરખામણીમાં નિત્યમરણ સલ્લેખના તેમજ તદ્ભવ મરણ સલ્લેખના એવા બે પ્રકાર છે.

૧) નિત્યમરણ - હરઘડી આયુષ્યકર્મના ક્ષય સાથે દ્રવ્ય સલ્લેખનાપૂર્વક વિકારી પરિણામવિહીન શુધ્ધ પરિણમન નિત્ય સલ્લેખના મરણ છે.

૨) તદ્ભવ મારણ - ભુજ્યમાન્ (વર્તમાન) આયુષ્યને અંતે શરીર અને આહાર વિગેરે તરફ મમત્વ ન રહે અને સામ્ય ભાવથી શરીર ત્યાગવું તે તદ્ભવ સલ્લેખના મરણ છે.

વિવેકીએ પૂછ્યૂં, "એ તો ઠીક છે, પણ શાસ્ત્રોમાં કાય સલ્લેખના, કષાય સલ્લેખના, ભક્ત પ્રત્યાખ્યાન વિગરે નામો તો સલ્લેખનાના પ્રકરણમાં આવે છે. તો શું છે? તેમનું સ્વરૂપ શું છે, તથા તેમને ધારણ કરવાની શી વિધિ છે? તે પણ અમે જાણવા માગીએ છીએ. કૃપા કરી તેનું પણ સ્પષ્ટિકરણ કરો.

મેં કહ્યું, "કાયાને કૃશ કરવી, સહનશીલ બનાવવી તે કાય સલ્લેખના છે. જો કાયને પુષ્ટ કરો, આરામની ટેવ પાડો તો ઈંદ્રિયોના વિષયમાં વધારે પ્રવૃત્તિ થાય છે. આત્મા મલિન થાય છે, કામવાસના વધે છે, નિંદ્રા પ્રમાદ આળસ આવે છે. વાત પિત્ત કફ વિગેરે રોગો

થાય છે, માટે સમાધિકારક ને તપશ્ચર્યાવડે કાયાને કૃશ બનાવવી આવશ્યક છે.

જેવી ઉંમર હોય, તે અનુસાર દેહથી મમત્વ ઓછું કરી આહારમાં સ્વાદની વિરક્તિ લાવવી, રસોનો ચટાકો છોડી નીરસ આહાર લેવાનો પ્રારંભ કરવો. તે માટે કોઈવાર ઉપવાસ, કોઈવાર એકાસણું, કોઈવાર નીરસ આહાર તો કોઈ વખત અલ્પ આહાર (ઉણોદર) આવી રીતે ક્રમે ક્રમે પોતાની શક્તિ પ્રમાણે આહાર ઓછો કરી દૂધ પર આવવું, દૂધ પરથી છાસ અને છાસ પરથી ગરમ પાણી, ત્યાર બાદ પાણીનો પણ ત્યાગ કરી દેહનો ત્યાગ કરવો. આને કાય સહ્લેખના કહે છે. ભક્ત પ્રત્યાખ્યાન સહ્લેખનામાં પણ આવી રીતે જ ભોજનનો ત્યાગ કરાય છે. ભોજન ત્યાગની મુખ્યતાને કારણે જ તેને ભક્ત પ્રત્યાખ્યાન સહ્લેખના કહેવાય છે. તેનો ઉત્કૃષ્ટ કાળ ૧૨ વર્ષ અને જઘન્ય કાળ અન્તર્મુહૂર્ત સુધીનો છે. રાગદ્વેષ મોહ આદિ ભાવોને કૃશ કરવા તે કષાય સહ્લેખના છે. કષાય સહ્લેખના વિના કાય સહ્લેખના નિરર્થક છે. જે રાગ-દ્વેષ અને વિષય-કષાયને જીતી શકશે તેનું જ સમાધિમરણ શક્ય છે.

આગમમાં મરણ કે સમાધિમરણના ઉહ્લેખ અનેક અપેક્ષાઓથી થયા છે. પાંચ પ્રકારના મરણની પોતાની એક આગવી અપેક્ષા છે જેનું સ્વરૂપ સંક્ષેપમાં નીચે મુજબ છે.

૧) પંડિત પંડિત મરણઃ કેવળી ભગવાનના દેહ વિસર્જનને પંડિત-પંડિત મરણ કહેવાય છે. આ મરણ બાદ જીવ પુનર્જન્મ ધારણ કરતો નથી.

૨) પંડિત મરણઃ આ મરણ છઠ્ઠાં ગુણસ્થાનવર્તી મુનીઓનું થાય છે. એક વાર આવું મરણ આવ્યા પછી, બે-ત્રણ ભવોમાં

જ તેમને મુક્તિ મળે છે.

૩) બાલ પંડિત મરણઃ આવું મરણ દેશ સંયમીને જ આવે છે. આ મરણ પછી સોળમાં સ્વર્ગની પ્રાપ્તિ થાય છે.

૪) બાલ બાલ મરણઃ આવું મરણ મિથ્યાદષ્ટિનું થાય છે. આવા મરણ વાળાઓ પોતાની લેશ્યા અને કષાયાનુસાર ચારે ગતિને પાત્ર થાય છે.

જો કે પાંચમા પ્રકારના બાલબાલ મરણને બાદ કરતાં ઉપર જણાવેલ ચારે પ્રકારના મરણો સમાધિપૂર્વક જ હોય છે. પણ સ્વરૂપની સ્થિરતા અને પરિણામોની વિશુદ્ધી પોતપોતાની યોગ્યતાનુસાર જુદી જુદી હોય છે.

સદાસુખી અને વિવેકી મારી પાસેથી આટલી વિસ્તૃત માહિતી મેળવી ઘણાજ ખુશ થયાં. પ્રસન્નતા પ્રકટ કરતાં તેમણે છેલ્લો પ્રશ્ન પૂછ્યો, "સમાધિ ધારણ વ્યક્તિને કયા પ્રકારે સંબોધિત કરાય ? જેથી તેમનું પરિણામ સમાધિમય બની શકે? અને જેથી વેદનાથી તેમનું ચિત્ત વિભકત ન થાય તેમજ તેમનું ધ્યાન-ઉપયોગ વેદનામાં ન જાય ?"

તેમની આવી પરોપકારી મંગલમય ભાવનાનો આદર કરતાં મેં કહ્યું, "બીજાઓને સમજાવાની તમારી ભાવના જાણે કે ઉત્તમ છે જ પણ બીજાઓને સમજાવાનું કાર્ય સરલ નથી; કારણ સમજણ બહારથી નહી પણ અંદરથી આવે છે. છતાં કરૂણાવશાત્ અથવા ધર્મપ્રેમવશાત્ કોઈવાર એવો વિચાર પણ આવે તો તેની સ્થિતિ જોઈને જેવી તેની પરિસ્થિતિ હોય, જેને કારણે તે સ્વરૂપથી વિચલિત થયો હોય તેમની સાર્થકતા અને નિરર્થકતાનું ભાન કરાવવું જોઈયે.

દાખલાતરીકે -કોઈ વ્યક્તિ અસાધ્ય રોગ અને તેને કારણે

ઉત્પન્ન થતી વેદનાથી પીડાતી હોય. પિડાચિંતનથી આર્તધ્યાન કરી રહી હોય અથવા ભૂખ-તરસ તથા ઈંદ્રિયોના વિષયોની ઈચ્છાથી ખેદખીન્ન થઈ રહી હોય, સંકલેશ કરી રહી હોય અથવા સ્ત્રી-પુત્રાદિ પ્રત્યેની લાગણીથી સ્વજનોના વિયોગની કલ્પનાથી આર્તધ્યાન કરી રહી હોય તો તેને કહેવું કે હે ભવ્ય આત્મન્ ! અત્યારે તમને જે દુઃખો છે તેથી અનેક ગણાં દુઃખો તમે આ જગતમાં અનંતવાર જન્મ મરણ પામી ભોગવી લીધાં છે. છતાં તમારા આત્માનું શું બગડ્યું ? કંઈજ બગડ્યું નથી માટે આ થોડાં અમથાં દુઃખથી શું ગભરાવાનું ?

જુઓ તમારૂં આ પીડા-ચિંતન-આર્તધ્યાન ફરીથી નવાં દુઃખના બી વાવી રહ્યાં છે. માટે આ પીડા પરથી તમારૂં ધ્યાન હટાવી આત્માપર કેંદ્રિત કરો કે જેથી પૂર્વે બાંધેલા કર્મોની નિર્જરા તો થશે જ અને નવા કર્મોનો બંધ પણ નહી થાય.

જે અસાતા કર્મનો ઉદય થયો છે તેને સહન તો કરવું જ પડશે. જો સમતાપૂર્વક સામ્યભાવોથી સહન કરશો અને તત્વજ્ઞાનના બળે સંકલેશ પરિણામોથી બચતા રહેશો અને આત્માની આરાધનામાં લાગી રહેશો તો દુઃખના કારણભૂત બધા સંચિતકર્મો ક્ષીણ થઈ જશે.

તમે ભલે નિર્ભય રહો કે ભયભીત, રોગોનો ઈલાજ કરો કે ન કરો, જે પ્રબળ કર્મ ઉદયમાં આવ્યું છે તે તો ફળ આપ્યા વગર જશે જ નહી. રોગનો ઉપચાર પણ કર્મના મંદ ઉદયમાં જ પોતાનું કાર્ય કરશે. જ્યાં સુધી અસાતા કર્મનો પ્રબળ ઉદય રહે છે ત્યાં સુધી કોઈ પણ દવા નિમિત્ત રૂપે પણ કામમાં નથી આવતી. નહી તો મોટા મોટા રાજા મહારાજા ડોકટ્રો, વૈદ્યો, વિગેરે કદી માંદા પડ્યા જ નહોત. કારણ તેમની પાસે ઉપચારના સાધનોની

અછત ક્યાં છે? માટે વાત સ્પષ્ટ છે કે ભાવી (હોનહાર) આગળ કોઈનુંજ કાંઈ પણ ચાલતું નથી.

એમ માની સમતાભાવથી તે દુઃખના પણ જ્ઞાતા-દૃષ્ટા બની રહેવું તે જ યોગ્ય છે. અને તેમ કરવાથી તે પોતાના મરણનું સમાધિમરણના રૂપમાં પરિણમન કરી શકે છે.

જો અસહ્ય વેદના થતી હોય અને આત્મામાં ધ્યાન (ઉપયોગ) લાગતું ન હોય તો તે સમયે 'જગત્ શરીર અને ભોગોથી વિરક્ત થઈ સ્વરૂપસાધક ઉપસર્ગોવડે પીડાયેલા (ઉપસર્ગજથી) ગજકુમાર, સુકૌશલ તેમજ સુકુમાલ જેવા કોમળ મુનિરાજોને કઠોર સાધના અને અસહ્ય વેદના સહનકરવાનું સામર્થ્ય ક્યાંથી અને કેવી રીતે આવી ગયું, આ વાતનો વિચાર કરો, અને વિચારો કે તેમની સરખામણીમાં આપણને તો કંઈ જ દુઃખો નથી પડ્યાં. આમ વિચારવાથી આપણામાં ભેદ વિજ્ઞાનના જોરે તેવું જ (તેમના જેવું જ) સાહસ અને સામર્થ્ય પ્રકટ થવા માંડશે, જેનાથી પ્રતિકુળ પરિસ્થિતિઓનો સામનો (પ્રતિકાર) કરવાની શક્તિ આપણામાં ચોકકસ પ્રગટ થશે.

મારા આ વિચારોથી સદાસુખી તેમજ વિવેકીને આશ્વાસન તો મળ્યું જ પણ હવે તેઓના મનમાં તે ઉપસર્ગ પામેલા સંતોના જીવનદર્શન ને જાણવાની ઉત્કટ અભિલાષા જાગૃત થઈ. તે અર્થે તેઓએ પોતાને ઘરે જવાનો કાયક્રમ એક અઠવાડિયું સ્થગિત કર્યો.

મેં પણ તેઓને ઉપસર્ગ પામેલા સમાધિ ધારણ મહાન આત્માઓના પ્રેરણાદાયક જીવન દર્શન કરાવવાનો નિશ્ચય કરી લીધો.

## ૧૫

કોઈ ગમે તેટલાં પ્રયત્નો કેમ ન કરે? પણ જે થવાનું હોય તેને કોઈ ટાળી શકતું નથી. જે થવાનું છે તે થઈને જ રહે છે.

દ્વારકા દ્વિપાયન મુનિના નિમિત્તે બળીને ભસ્મ થશે એવી ભવિષ્યવાણી સાંભળી દ્વિપાયન બાર વર્ષને માટે દ્વારકા છોડી ચાલ્યાં ગયાં હતાં. તેમણે વિચાર્યું 'ન રહે વાંસ કે ન વાગે વાંસળી' તો પણ શું તે તેને બળવાથી રોકી શક્યાં? નથી રોકી શક્યા. દ્વારકા બળી ગઈ અને દ્વિપાયન મુનિના નિમિત્તે જ બળી.

સુકુમાલને વૈરાગ્ય ઉત્પન્નન ન થાય તે માટે તેની માતા સુભદ્રાએ શું ઓછાં પ્રયત્નો કર્યાં? લાખો પ્રયત્નો કર્યાં તેને માત્ર વૈરાગ્યના વાતાવરણથી જ ન બચાવ્યો પણ સાધુ-સમાગમથી પણ દૂર રાખ્યો સાથે સાથે તેને સંસારમાં પરોવી રાખવાં રાગરંગ તેમજ ભોગમય વાતાવરણ બનાવવા પુષ્કળ પ્રયત્નો કર્યાં. બધી જાતના સુખદ સંજોગો ઉભા કર્યાં.

તે માટે સુભદ્રાએ તેના પુત્રના બત્રીસ-બત્રીસ લગ્નો કરાવ્યા અને એકથી એક ચડિયાતી અતિસુંદર, સર્વગુણ સંપન્ન, પતિસેવાપરાયણ બત્રીસ પત્નિઓ સુકુમાલની સેવામાં ઉભી કરી દીધી; જે પોતાના પતિની સેવા-સુશ્રુષામાં સતત તત્પર રહેતી. આ પ્રમાણે સંસારના જેટલાં પણ સુખો સંભવ હતાં, સુભદ્રાએ સુકુમાલ

માટે તેટલા સુખો ભેગાં કર્યાં. બધી સુખોપભોગની સામગ્રી ભેગી કરી તેને ભોગોમાં ગળાં સુધી ડુબાડી રાખ્યો. પણ શું આનાથી સુભદ્રાએ ઈચ્છ્યું તે થયું? નહી, પહેલેથી છેલ્લે સુધી જે થવાનું હતું તે જ થયું?

ભવિષ્યવાણી મુજબ સુભદ્રાના પતિ શેઠ સુરેન્દ્રદત્ત પોતાના પુત્ર સુકુમાલનું મોઢું જોતાજ સન્યાસી થઈ ગયાં, તો સુભદ્રાને શંકા આવી કે પિતાની જેમ તેનો પુત્ર પણ સાધુ ન થઈ જાય. તે નહોતી ધારતી કે તેનો પ્રિય પુત્ર પણ સાધુ બને જ્યારે કે તે જ ભવિષ્યવાણીનુસાર મુનિ યશોભદ્રની વાણી સાંભળતાજ સુકુમાલનું સાધુ બની જવું નિશ્ચિત હતું. પણ પુત્રના મોહમાં તેની માતા સુભદ્રાને તે ભવિષ્યવાણી પર વિશ્વાસ બેસતો ન હતો. તે શંકાના હિલ્લોળમાં ઝુલી રહી હતી. તેને કારણે તેણી પોતાના એકના એક પુત્ર સુકુમાલ પ્રત્યે વધુ શંકિત બની હતી. તેને બીક હતી કે ક્યાંક પિતાનો પડછાયો પુત્ર પર પણ પડે અને તે પણ સાધુ બની તેમના માર્ગે ચાલ્યો ન જાય? તેને વિષયે થયેલી ભવિષ્યવાણી પણ ક્યાં સાચી ન પડી ?

સુભદ્રાનું વિચારવું યોગ્ય હતું. તેની ચિંતા પણ સ્વાભાવિક જ હતી, કારણ દૂધનો દાઝ્યો છાસ પણ ફૂંકી ફૂકીને પિએ છે. માટે તેણે સુકુમાલને સાધુ-સંતોના પ્રભાવથી બચાવી રાખવા ઘણાં ઉપાયો કર્યાં.

પોતાના બધાં પહેરેદારોને પૂર્ણ સચેત કરવાં કડક આદેશો આપ્યાં, "ધ્યાન રાખજો કોઈ પણ સાધુનુ આ મહેલની આસપાસ આવાગમન ન થાય." પોતે પણ સાધુઓને વહોરવા, આમંત્રિત કરવાનું પૂર્ણપણે બંધ કર્યું. દૂર દૂર સુધી મહેલની ચારે બાજુ પણ

કડક પહેરો ગોઠવી દીધો જેથી કોઈ સાધુ તે મહોલ્લામાં આવી ન શકે.

પણ ભવિતવ્ય તો કંઈ જુદું જ હતું, તે અનુસાર બધાં સંજોગો મળતાં આવ્યાં. સુભદ્રાવડે કરેલી ગોઠવણ પહેલાં જ તેના સગા ભાઈ મુનિરાજ યશોભદ્ર મહેલની હદથી થોડે દૂર એક ઉપવનમાં ઉતર્યાં હતાં તથા તેમણે ત્યાં જ પોતાનો ચાતુર્માસ પણ ગાળવાનું નક્કી કર્યું હતું. સુભદ્રાની અનિચ્છાએ આ બધું તેનાથી અજાણતાં સહેલાઈથી બની ગયું હતું.

જ્યારે સુભદ્રાને તેની જાણ થઈ કે અરે ! મુનિરાજ યશોભદ્રનો ચાતુર્માસ આ નગરમાં જ છે અને તે પણ મહેલની પાછલા ઉપવનમાં જ, તેથી તે ગભરાઈ ગઈ, ચિંતીત થઈ દોડી દોડી તેમની પાસે પહોંચી ગઈ. મુનિરાજને વંદના કરી નારીની મર્યાદાનુસાર તેમનાથી દસ હાથ દૂર જઈ બેઠી. જ્યારે મુનિરાજની પ્રશ્નસૂચક દ્રષ્ટિ તેની તરફ વળી તો તેણે (સુભદ્રાએ) કહ્યું, ''સ્વામિન્ ! આપ તો પોતે નિમિત્ત જ્ઞાની છો, ભવિષ્ય દષ્ટા છો અને માતાની મમતાને પણ આપ સારી રીતે જાણો છો. ક્યાં એમ ન બને કે, હું પતિની જેમ પુત્રને પણ ખોઈ બેસું?

મારા પતિદેવ સુરેંદ્રદત્ત તો સન્યાસી થઈ વનવાસી બની ગયાં છે. તેમના વિયોગનું મને અપાર દુઃખ છે, પણ પુત્ર પ્રેમને આસરે પતિદેવના વિયોગથી થયેલ અસહ્ય દુઃખને તો મેં જેમ તેમ કરી સહન કરી લીધું. પરંતુ પુત્રના વિયોગનું દુઃખ હું સહન નહી કરી શકું. માટે આપ મારા જેવી દુખિયારી પર આટલી કૃપા અવશ્ય કરો કે આપના ઉપદેશ કે શ્લોક પાઠ વિગેરેનો અવાજ મારા મહેલ સુધી ન પહોંચે.

નિમિત્તજ્ઞાનિયોના કથન અનુસાર જે દિવસે મારા પુત્રના કાને કોઈ પણ સાધુના વચનો પડશે તે જ દિવસે તે વિરાગી થઈ વનવાસી બની જશે.

હે સ્વામી! આપ પણ આપના દિવ્યજ્ઞાનથી, એ સારી રીતે જાણો છો કે મારો પુત્ર અત્યંત કોમળ છે. તે રત્નોની જ્યોતિમાં રહે છે, કમળ પુષ્પોથી સુગંધિત ચોખાનું ભોજન કરે છે, મખમલ પર ચાલે-ફરે છે, તેને સુર્યનો પ્રકાશ સહન થતો નથી. સુકું ભોજન ભાવતું નથી. રાઈ જેવાં સૂક્ષ્મ રજકણો પણ તેનાં પગમાં ખૂંચે છે. તો પછી તેના જેવો સુકોમલ બાળક વનવાસી થઈ સાધુ-જીવનની કઠોર સાધના કેવી રીતે કરી શકશે? ઉઘાડા પગે કાંટા-કાંકરા વાળા ઉંચા નીચા ખરબચડા માર્ગો પર કેવી રીતે ચાલી શકશે? ઠંડી-ગરમી તેમજ ભૂખ તરસની અસહ્ય વેદના શી રીતે સહન કરી શકશે? ભયંકર ઉપસર્ગોને શી રીતે ઝીલી શકશે? લોહી તરસ્યાં મચ્છરો અને માંસભક્ષી હિંસક પશુઓનાં પ્રાણઘાતક ઉપદ્રવોનો સામનો કેવી રીતે કરી શકશે? અને હું પણ તેના વિયોગથી થતાં દુઃખને સહન કરવાની શક્તિ ક્યાંથી લાવી શકીશ?

હે સ્વામિન્ ! હું એના મોહમાં પાગલ થઈ જઈશ. મારામાં તેનો વિયોગ સહન કરવાની શક્તિ નથી. હવે મારી એકજ વિનમ્ર પ્રાર્થના છે કે કૃપા કરી આપ અત્યંત મંદસ્વરોથી પઠન પાઠન તેમજ ઉપદેશ કરો જેથી આપનો અવાજ તેના કાન સુધી ન પહોંચે.

મુનિરાજ યશોભદ્રને સુભદ્રાના વિચિત્ર પુત્રમોહ પર અને સંસારી પ્રાણિઓની કરૂણામય દશા ઉપર મનમાં ને મનમાં હસવું આવ્યું અને કરૂણાભાવને કારણે દુઃખ પણ થયું.

તેઓ તેને કંઈ આશ્વાસન આપે કે સમજાવે એવી સ્થિતિમાં

ન હતાં. કારણ તેમને પોતાના નિમિત્તજ્ઞાનમાં સ્પષ્ટ દેખાઈ આવતું હતું કે હવે સુકુમારનું આયુષ્ય બહુ થોડું રહ્યું છે અને તેને થોડા જ સમયમાં મારા નિમિત્તે વૈરાગ્ય પ્રાપ્ત થવાનું છે, તથા તેને (સુકુમારને) અપૂર્વ પુરૂષાર્થ કરવાનો છે. સાથે સાથે તેને પોતાના બીજા વ્યક્તિત્વનો પરિચય આપી ઈતિહાસમાં પોતાનું નામ પણ અમર કરવાનું છે. પુરાણ પુરૂષ બનવાનું છે. માટે તેઓ ચુપ રહ્યાં.

મહાન આત્માઓને વિષે આ કહેવત પ્રસિધ્ધ છે કેઃ

**वज्रादपि कठोरानि, मृदूनि कुसुमादपि ।**

તેઓ જેવાં પુષ્પ સમાં કોમલ હોય છે તેવાજ વજ્ર જેવાં કઠણ પણ હોય છે.

સુકુમાલની પણ એવી જ સ્થિતિ હતી. તેઓ બહારથી જેટલાં કોમળ હતાં, અંદરથી તેટલાં જ કઠણ પણ હતાં, જેવું કે તેમનાં અંતીમ જીવનથી સ્પષ્ટ થયું છે. પણ મોહી પ્રાણીઓની સમજણમાં આ વાત નથી આવી શકતી. તેથી યશોભદ્ર મુનિરાજે સુભદ્રાને કંઈ જ ન કહ્યું.

પોતાની પ્રાર્થના (વિનંતી)ના જવાબની પ્રતિક્ષા કરતાં કરતાં જ્યારે સુભદ્રનિરાશ થઈ ત્યારે તેનું શંકાશીલ મન દુઃખથી ખિન્ન થઈ ગયું. મહેલમાં પાછા ફરતાં જ તેણે પહેરો વધુ સખત બનાવી દીધો.

પણ જે થવાનું છે તેને (હોનહારને) કોણ ટાળી શકે છે? જે જ્યારે થવાનું છે તે થઈને જ રહે છે. બધાં સમવાયો અને કારણો તેવાં જ મળતા આવે છે.

સાધારણ મનુષ્ય તો શું, અસીમ શક્તિસંપન્ન ઈંદ્ર તેમજ અનંત શક્તિના ધણી જીનેન્દ્ર પણ કંઈ જ ફેરફાર કરી શકતાં નથી.

શારીરિક દ્રષ્ટિથી અત્યંત સુકોમળ હોવા છતાં શેઠ પુત્ર સુકુમાલમાં મનોબળ તેમજ આત્મબળ અદ્દ્ભુત હતું. જ્યાં તેમને બાલ્યાવસ્થામાં સુર્ય પ્રકાશ પણ સહન થતો ન હતો, જેઓ રત્નોની જ્યોતિમાં રહેતાં હતાં જેમના પગમાં રાઈના દાણાં પણ ખૂંચતાં હતાં, તે જ મુની અવસ્થામાં તેઓના જેવી કઠોર સાધના કરી તેનું ઉદાહરણ ઈતિહાસ અને પુરાણોમાં ક્યાય નહી મળે.

પોતાના પૂર્વભવ વાયુભૂતની પર્યાયમાં નાનકડાં વટબીજની જેમ વેરભાવનું એવું બીજ વાવ્યું હતું, જે જોવામાં ભલે નાનું હતું પણ તેનું ફળ સુકુમાલને પોતાની મુનિ દશામાં વટવૃક્ષની જેમ ઘણાં મોટા ઉપસર્ગને સ્વરૂપે ભોગવવું પડ્યું.

પુરાણોમાંથી જાણવા મળે છે કે મહામુનિ સુકુમાલ પોતાની ભૂતપૂર્વ વાયુભૂતની પર્યાયમાં જુવાન અવસ્થા સુધી અભણ રહ્યાં. માત્ર, અભણ જ નહી પરંતુ કૃતઘ્ની પણ હતા. તેમનાં એક ભાઈ હતાં, તેમનું નામ હતું અગ્નિભૂત, અગ્નિભૂત મોટા હતાં અને વાયુભૂત નાના. સંજોગવશાત્ બાળપણથી બેઉ અભણ રહ્યાં હતાં.

જોકે તેમના પિતા રાજપુરોહિત હતાં અને રાજ્યમાં તેમનું સારૂં માન હતું તથા વારસાગત રાજ પુરોહિતનું પદ તેમનાં એ દીકરાઓને મળે પણ લાડ કોડમાં બેઉ બાળકો અભણ રહી જવાથી તે પદ તેમને ન મળી શક્યું. તે કારણે તેઓ બન્ને આજીવિકાથી વંચીત રહી ઠેર ઠેર રખડતાં રહ્યાં.

તેઓની આવી સ્થિતિ જોઈ તેમની માએ તેમને પોતાના ભાઈ પાસે ભણવા મોકલ્યાં. મામા પાસે પહોચી બન્ને ભાઈઓએ તેમને માનો સંદેશો સંભળાવ્યો અને પોતાના આવવાનો ઉદ્દેશ જણાવ્યો.

મામા યશોભદ્રએ એક ક્ષણ વિચાર કરી કહ્યું, "તમારી માએ જે કહીને તમને મોકલ્યાં તે તો જાણે ઠીક છે, પણ મારી કોઈ સગી બહેન હતી જ નહી. તો તમે મારા ભાણેજો શી રીતે હોઈ શકો? તો પણ જ્યારે તમે આવ્યા જ છો અને ભણવા માગો છો તો હું તમને ભણાવીશ પણ તમારી ખાવાપીવાની ગોઠવણ તમારી જાતે જ ભિક્ષાવૃત્તિથી કરવાની રહેશે; તથા મારી આજ્ઞાનું અક્ષરશઃ પાલન કરવું પડશે.

જો કે મામાને કોઈ પણ વિદ્યાપ્રેમી શિષ્યને પોતાની પાસે રાખવામાં કોઈ જ અગવડ ન હતી, અને સગા ભાણેજોને પોતાની પાસે ન રાખવાનો તો પ્રશ્ન જ હતો. અને તે પણ ભણાવવા માટે જેવા પોતાના દિકરા તેવા જ બહેનના દિકરા, પણ મામાને બરાબર ખબર હતી કે આ બન્ને માતા પિતાના લાડપ્યારથી બગડી ગયા હતાં. તેમણે વિચાર કર્યો. "મા-બાપના બુમ-બરાડા દિકરા એક વખત સહન પણ કરી લે, પણ મામાનો સંબંધ તો નાજુક હોય છે. મા કરતાં મામાના સ્નેહની માત્રા તો બમણી હોય છે. જુઓને ! "મામા" શબ્દમાં જ બે 'મા' છે ને? માટે તેમને ભણાવવા થોડા દિવસ સુધી મામાનું મમત્વ તો ત્યાગવું જ પડશે.

એમ વિચારી તેમણે નિર્મમ થઈને કહ્યું, "વિચાર કરી લો ભાઈ તમારે જોઈયે તો હું ભણાવવાની વ્યવસ્થા કરી શકું છું."

અગ્નિભૂત અને વાયુભૂત ઘણાં હેરાન થયાં હતાં, માટે તેઓએ ગુરૂજીની બધી શરતો સ્વીકારી લીધી અને અધ્યયન કરવા લાગ્યાં.

જ્યારે તેઓ ભણી ગણી પોતાની પુરોહિત વિદ્યામાં નિપુણ થયાં અને ગુરૂની રજા લઈ પાછાં જવા નિકળ્યાં ત્યારે ગુરૂજીએ

પોતાના દીક્ષાંત ભાષણમાં તેઓના સંબંધના રહસ્યનો ફોડ પાડતાં તેઓને જણાવ્યું કે, "સંભવ છે કે હવે તમે સમજી ગયાં હશો કે તે સમયે તમને પોતાના ભાણેજો માનવાથી મેં શા માટે નકાર કર્યો હતો? ઘણું બધું શક્ય હતું કે જે કારણથી તમે માતા પિતાપાસે રહીને ભણી ન શક્યાં તે કારણથી અહીં પણ ભણવાથી વંચિત રહ્યાં હોત."

આ વાત સાંભળી મોટા ભાઈ અગ્નિભૂતએ તો ગુરૂમામાનો ઘણો ઉપકાર માન્યો અને કૃતજ્ઞતાનો ભાવ પ્રકટ કર્યો. પણ વાયુભૂત, જે સ્વભાવે જ અહંકારી દુષ્ટ અને કૃતઘ્ની હતો, તેણે ઉપકાર ન માનતા ઉલટો ક્રોધ પ્રકટ કર્યો અને નારાજ થઈ ત્યાંથી પાછો ઘરે જતો રહ્યો.

વાયુભૂતએ પોતાના દુરાચારને કારણે અલ્પાયુથી થોડાજ સમયમાં કુકરી, ભૂંડણ અને ચાંડાલણી આદિ અનેક યોનિઓમાં જન્મ-મરણના દુઃખ ઉપાડી નાગશર્મા નામના બ્રામ્હણને ત્યાં નાગશ્રી નામે કન્યાના રૂપમાં જન્મ લીધો, અને ત્યાં જૈન સાધુના સંપર્કમાં આવતાં તેનું જીવન સુધરવાનો પ્રારંભ થયો.

વાયુભૂતની પર્યાયમાં નાગશ્રીના જીવે જિન મામા (ગુરૂ) યશોભદ્ર પાસેથી વિદ્યા મેળવી હતી, સંજોગવશાત્ નાગશ્રીનો દિગંબર સાધુના રૂપમાં, તેમની સાથે ફરીથી ભેટો થઈ ગયો. નાગશ્રીને જોતાની સાથે જ યશોભદ્ર મુનિએ પોતાના નિમિત્ત જ્ઞાન વડે તેના પૂર્વ ભવો જાણી લીધા અને કરૂણા કરી તેને ભેદજ્ઞાન કરાવવાની સાથે પંચાણુવ્રત પણ આપી દીધા. જે તેણે દ્રઢતા પૂર્વક પાલન કરી, પાપ કર્મોનો ક્ષય કર્યો અને એ જ નાગશ્રી આગળ જતાં સુકુમાલ બની.

આ પ્રકારે આપણે જોઈએ છીએ કે યશોભદ્ર મુનિએ વાયુભૂતની પર્યાયથી માંડી સુકુમાલની પર્યાય સુધી એ જીવને ત્રણ ત્રણ વાર જ્ઞાનદાન આપી સન્માર્ગે વાળ્યો. આના પરથી એટલું કહી શકાય કે જેનું ભવિતવ્ય સારૂં હોય છે તેને નિમિત્ત તો મળી જ રહે છે.

અગ્નિભૂત ભરજુવાનીમાં મુનિ બની ગયાં તો તેમની પત્નીનું તેમના વિયોગમાં દુઃખી થવું સ્વાભાવિક હતું. મોહની મહિમા પણ કૈંક એવી જ છે, જેને કારણે અજ્ઞાની જીવોને પોતાના હિત-અહિતનો કંઈ પણ વિવેક નથી જળવાતો.

મોહી જીવોને કોઈ કાર્યના ખરા કારણની જાણ હોતી નથી. તેઓ તો નિમિત્તોપર જ દોષારોપણ કરતાં હોય છે; અને વિના કારણે તેના ઉપર રાગ-દ્વેષ કરતાં હોય છે.

તેવી જ સ્થિતિ અગ્નિભૂતની પત્નિની હતી. તે પોતાના પતિના સન્યાસી બનવાનું કારણ પોતાના દિયર વાયુભૂતને માનતી હતી. માટે તે વાયુભૂત પર દોષારોપણ કરી તેને કોસતી. વાયુભૂત પણ ક્રોધી સ્વભાવનો તો હતો જ; અભિમાની પણ ઘણો હતો. તેનામાં નામ માત્ર પણ વિવેક ન હતો. તો પછી તે ભાભીના ખોટા દોષારોપણને શી રીતે સહન કરે? તેને પણ જેવા સાથે તેવા થવાનો નિશ્ચય કર્યો, અને એક દિવસે ક્રોધથી ભડકી ઉઠ્યો અને ભાભીને ખરાબ રીતે અપમાનિત કરી તેના મોઢા પર લાત મારી.

અબલા હોવાથી ભાભી તે સમયે કોઈ પ્રતિકાર કરી ન શકી પરંતુ તેને પણ ઘણો ક્રોધ આવ્યો. તેણે મનમાં ને મનમાં સંકલ્પ કર્યો કે હું આ અપમાનનો બદલો ચોક્કસ લઈશ.

તેનો આ ક્રોધ અંદર ને અંદર અંતરમનમાં પડ્યો પડ્યો

ધીમે ધીમે વેરમાં ફેરવાઈ ગયો. સંકલેશ પરિણામો સાથે કુમરણ થવાને કારણે તે પણ અનેક નિકૃષ્ટ યોનિમાં જન્મ મરણ કરતી રહી. સારાં ભવિતવ્યનાં પરિણામે વાયુભૂતનો જીવ શેઠપુત્ર સુકુમાલ ને રૂપે મનુષ્ય પર્યાયમાં આવ્યો. તે સમયે જ વાયુભૂતની ભાભી એ જંગલમાં શિયાળણની પર્યાયમાં જઈ પહોંચી. શિયાળણ માસાંહારી પશુ હોવાથી માસાંહારી સ્વભાવ તો હતો જ, પાછું માણસનું માંસ તો પશુઓને ઘણું પ્રિય હોય છે. જ્યારે શેઠ પુત્ર સુકુમાલ મુનિ બની જંગલના કાંટા-કાંકરાવાળા રસ્તે જઈ રહ્યાં હતાં ત્યારે તેમના કોમલ પગોમાં કાંકરા ખૂંચવા લાગ્યા અને લોહી વહેવા માંડ્યું-રસ્તે પડેલું તે લોહી ચાટતાં-ચાટતાં તે શિયાળણ પોતાનાં બચ્ચાં સાથે ત્યાં જઈ પહોંચી, જ્યાં મહામુનિ સુકુમાલ ધ્યાનસ્થ થયાં હતાં. તેમને જોતાંજ પૂર્વભવનાં વેરના દઢ સંસ્કાર વશ તેમનાં પ્રત્યે શિયાળણને દ્વેષ આવ્યો અને તેણે નિર્દયતાપૂર્વક ધીમે ધીમે ત્રણ દિવસ સુધી તેમનાં લચકાં તોડી ખાધાં છતાં મુનિ સુકુમાલ સુમેરૂ પર્વતની જેમ અડિખમ ઉભા રહ્યાં અને આત્માનું ધ્યાન કરતાં કરતાં સમાધિપૂર્વક દેહવિસર્જિત કરી સર્વાર્થ સિદ્ધિમાં અહમિંદ્ર થયા.

ક્યાં તે મહાન તપસ્વી, મહાન ઉપસર્ગ પામેલા, ધૈર્યના ધણી ધીર વીર મહાનમુનિ સુકુમાલનું પવિત્ર જીવન અને ક્યાં મહાક્રોધી, મહાકૃતઘ્ની, મહામાની, અભણ વાયુદ્દતનું મહાનિકૃષ્ટ જીવન. એક જ જીવની બે ભિન્ન-ભિન્ન દશાઓમાં જમીન-આસમાન જેવું કેટલું અને કેવું મહાન અંતર!

પણ આ કઈ અશક્ય વાત નથી. આવા બીજા દાખલા પણ પુરાણોમાં જોવા મળે છે. મહાવીર અને મારીચિનો જ દાખલો

જુઓને ! જે મારીચિની પર્યાયમાં મિથ્યાદષ્ટિ હતો. તીર્થંકરત્વનો ધીર વિરોધી હતો, તેજ મહાવીરની પર્યાયમાં આવી પોતે સાક્ષાત્ ધર્મતીર્થ પ્રવર્તક, તીર્થંકર બની ગયો. આ છે પરિણામોની વિચિત્રતા.

જીવોનાં પરિણામોની આ વિચિત્રતા વિષે કવિવર ભાગચંદજીએ બરાબર જ કહ્યું છે:

**"जीवन के परिणामन की अति विचित्रता देख हु प्राणी।**
**नित्य निगोद माँहे तें कढिकर, नर पर्याय पाय सुखदानी ॥**
**समकित लहि अन्तर्मुहूर्त में केवल पाय वरी शिवरानी ॥**

ક્યાં તે નિત્યનિગોદની અત્યંત મૂર્છિત દયનીય દશા અને ક્યાં મનુષ્ય પર્યાયની ઉત્કૃષ્ટતા? તેમાં પણ સમ્યક્દર્શનની જાગૃત દશા, ન કેવળ સમ્યક્દર્શન, પરંતુ કેવળજ્ઞાન અને મુક્તિ દશાની પ્રાપ્તિ પણ!"

આવી સ્થિતિમાં જો વાયુભૂતના જીવે પોતાની આત્મોન્નતિ કરી મહામુનિ સુકુમાલ જેવી પરમ પવિત્ર પર્યાય પ્રાપ્ત કરી લીધી તો તેમાં પણ કોઈ આશ્ચર્ય નથી.

માટે જ કહેવાય છે કે -જ્યારે સમય આવે છે ત્યારે સુલટાતા વાર નથી લાગતી. માટે વર્તમાન પર્યાયના પરિણામોને કારણે કોઈને પણ ભલો કે બુરો માની લેવું યોગ્ય નથી. તથા પોતે પોતાની વર્તમાન દશાને ઉન્નત કે અવનત જોઈ અભિમાન કે નિરાશ થવું પણ યોગ્ય નથી. પરિસ્થિતિઓને બનતાં કે બગડતાં વાર નથી લાગતી. આજનો પશુ કાલે પરમાત્મા બની શકે છે. માટે કોઈનો અનાદર કે કોઈની ઉપેક્ષા કરવી યોગ્ય નથી.

તે સમયે ભલા કોણ જાણતું હતું કે એજ વાયુભૂત આગળ

જતાં મહામુનિ સુકુમાલ બનશે અને સાધુ પરમેષ્ઠિમાં જોડાઈ થઈ જગત પૂજ્ય બની જશે?

સાચી રીતે સંસારમાં સંસરણ કરવાવાળા ભવમાં ભ્રમણ કરવાવાળા બધા જીવો ભૂલા પડેલાં ભગવાન છે. પોતાના તે ભગવત સ્વભાવને ન જાણવાથી મૂળ રૂપમાં ભૂલ થઈ રહી છે. આ ભૂલનું જ બીજું નામ સંસાર છે. જ્યાં સુધી તે જીવ પોતાની ભગવત્તાને નહી જાણે, કે નહી ઓળખે ત્યાં સુધી જન્મ મરણોનો અભાવ નહી થઈ શકે. આ દૃષ્ટિએ પોતાના આત્મસ્વરૂપને ન જાણવું ન પિછાણવું કોઈ સાધારણભૂલ નથી; કારણ સાધારણ ભૂલની આટલી મોટી સજા ન હોઈ શકે.

જગતમાં આપણે જે જન્મ-મરણના ફેરાં કરી રહ્યાં છીએ, દુઃખ ભોગવી રહ્યાં છીએ તે બધાં આ જ મૂળમાં થઈ રહેલ ભૂલને કારણે ભોગવી રહ્યાં છીએ. બધાં જ પોતાનાં સ્વભાવને ભૂલેલાં છે, પણ આ વાત હજુ સુધી સંસારી પ્રાણીઓની સમજમાં આવી નથી. આપણે આજ સુધી આ દુઃખોના કારણોની શોધ બહારના જગતમાં કરી રહ્યાં છીએ, જ્યારે કે ભૂલ પોતાની અંદરની છે.

જો આપણે પોતાની આ ભૂલનો સ્વીકાર કરી લઈયે તો પછી આપણે સંસારમાં સંસરણ શા માટે કરીએ?

જેમ પાગલખાનામાં રહેવાવાળો પોતાને પાગલ નથી માનતો, તેમ કોઈપણ સંસારી પ્રાણી પોતાને ભૂલેલો માનતો નથી. એ જ તો આપણી સૌથી મોટી ભૂલ છે. સૌથી મોટું પાગલપણું છે.

પણ એ સદ્‌ભાગ્ય છે કે આવી ભૂલ માત્ર પોતાની એક સમયની પર્યાયમાં જ થઈ છે. ત્રિકાલી આત્મદ્રવ્યમાં નહી. ભગવાન

આત્મતત્વ તો સદા નિર્ભૂલસ્વભાવી જ છે અને તે નિર્ભૂલ-સ્વભાવી આત્મા કે કારણ પરમાત્માનો આશ્રય લેતાજ, તેના પર દૃષ્ટિ પડતાંજ તે અનાદિકાલિન ભૂલ મટી જાય છે. માટે તે દિશામાં આપણે સદૈવ સક્રિય રહેવું જોઈયે.

આ તો થઈ બહુ મોટી ભૂલની વાત, પણ આપણે તો એટલાં બેદરકાર છીએ કે નાની-મોટી ભૂલોની પરવા કરતાં જ નથી. ક્યારેક ક્યારેક સામાન્ય લાગતી ભૂલ પણ કે જરા અમથી અણસમજ પણ કેવી રાઈનો પર્વત બની જાય છે, એ વાત આપણે કદિ વિચારી પણ શકતાં નથી. માટે આપણે કોઈ પણ નાનું-મોટું કામ કરતાં પહેલાં તેના પૂર્વાપર પરિણામનો દીર્ઘદ્રષ્ટિથી વિચાર કરી લેવો જોઈએ.

કોઈ કવિએ બરાબર કહ્યું છે કે:

**'छोटा बडा कुछ काम कीजे, परंतु पूर्वापर सोच लीजे ।**
**बिना विचारे यदि काम होगा, अच्छा न उसका परिणाम होगा।**

જો, જોવું હોય કે - રાગદ્વેષને વશ થઈ કરેલી નાનકડી ભૂલનું કેટલું ભયંકર પરિણામ આવી શકે છે તો તે પણ આપણે ઉપસર્ગજયી તે મહામુનિ સુકુમાલના પૂર્વભવની નાનકડી ઘટનામાં જોઈ શકિયે, જેમાં તેમણે સામાન્ય અણસમજણમાં પોતાની ભાભીને લાત મારીને (ભૂલ) કરી હતી. જેનું ફળ તેમને આટલાં મોટાં પ્રાણઘાતક ઉપસર્ગના સ્વરૂપને ભોગવવું પડ્યું.

કવિ સૂરચંદકૃત બૃહત સમાધિ મરણ પાઠમાં પણ તેમનો (સુકુમાલ મુનિનો) તે પ્રકારે ઉલ્લેખ આવ્યો છે:

**धन्य धन्य सुकुमाल महामुनि कैसे धीरजधारी ।**
**एक श्यालनी जुग बच्चायुत, पांव भखयो दुःख भारी ॥**

**यह उपसर्ग सह्यचोघर थिरतां आराधन सुखकारी ।**
**तो तुमरे जिय कौन दुःख है, मृत्यु महोत्सव भारी ॥**

એક નહીં આવા અનેક ઉપસર્ગ પામેલા સાધુઓને આ સ્વરૂપે સ્મરણ કર્યા છે; કે જેમણે મોટા મોટા ભયંકર દુઃખો સહન કર્યાં છે. આપણને તો તેમની સરખામણીમાં કંઈજ દુઃખો પડ્યાં નથી, માટે આપણે પણ તેમનાથી પ્રેરણા લઈ આવી પડેલ દુઃખોને પોતાની ભૂલના ફળ સ્વરૂપે કે પોતાના ઉદયનું પરિણામ સમજી ધૈર્યથી સહન કરતાં શીખવું જોઈયે કે જેથી પહેલાં બાંધેલા કર્મો ખરી જાય અને નવા કર્મો ન બંધાય.

આ જ્ઞાનપરક ચર્ચા સાંભળી વિવેકી બહુ પ્રસન્ન થયા અને બીજાં જે પણ ઉપસર્ગ વિજેતા સમાધિમાં સફળ થયા હોય, તેમને વિષે પણ જાણવાની જીજ્ઞાસા પ્રકટ કરી. પણ તે સમયે ન તો મને ફુરસદ હતી કે ન સમય અને તે પણ ઘરે પાછા ફરવાની ઉતાવળમાં હતાં. માટે મેં તેમને બીજા એક પુરાણ પ્રસિદ્ધ સુકૌશલ રાજકુમાર, સનતકુમાર, પાંચે પાંડવો વિગેરે અનેક મહાન ઉપસર્ગજયી મુનિરાજોના નામોલ્લેખ કરતાં તેમના જીવન-ચરિત્રો તેમજ પુરાણો વાંચવાની પ્રેરણા આપી તે દિવસનાં અંતીમ વક્તવ્યથી વિરામ લીધો.

સદાસુખી અને વિવેકી પોતાની મિત્ર મંડળી સાથે પોતાને ઘરે પાછાં ગયાં તો ખરા પણ તેમનાં તરફથી આવતાં પત્રોથી જાણવાં મળ્યું કે તેમના જીવનમાં આશ્ચર્યજનક પરિવર્તન થઈ રહ્યું છે.

પહેલા પત્રમાં તેમણે લખ્યું હતું કે તેઓએ ઘરે પહોંચતાં જ તે બધાં સમાધિસાધક મહાન તપસ્વિયોના જીવન ચારિત્રો

અતથી ઈતિ સુધી વાંચી લીધા છે, જેની વાંચવાની પ્રેરણા મેં આપી હતી. એ જાણી હું ઘણો જ ખુશ થયો. મારા આનંદનો પાર ન હતો. મેં ભાવના ભાવી, બધા જીવો આ પ્રકારે જ સન્માર્ગે લાગી પોતાનું કલ્યાણ કરે.

**मै एक शाश्वत सत्य हुँ, ध्रुव-धाम हूँ चैतन्यमय ।**
**मै हूँ अनादि-अनंत जब, तब क्यों सताये मृत्यु भय ॥**
**बोधि समाधि-द्वारा है, निजरूप पाने की कला ।**
**सन्यास और समाधि है, जिना सिखाने की कला ॥**

-रतनचंद

## ૧૬

પત્નિ-પુત્ર-કુટુંબ પ્રત્યેનો પ્રેમ દુઃખદ તો હોય જ છે પણ ધર્મ પ્રત્યેનો અનુરાગ પણ કંઈ ઓછો દુઃખદાયક નથી હોતો.

સદાસુખી અને વિવેકી પરનો મારો ધર્મપ્રેમ સિવાય બીજો કોઈ સંબંધ પણ શો હતો? કંઈ જ નહી. પણ જ્યારથી સદાસુખીના પત્ર મારફત વિવેકીના મંદવાડના સમાચાર જાણ્યાં ત્યારથી, સમજ નથી પડતી કેમ મારૂં મન ભારે થઈ ગયું. હું બેચેન બની ગયો હતો; મારી જાતને સામાન્ય સ્થિતિમાં રાખી શક્યો ન હતો.

સાધર્મી વાત્સલ્યમાં આટલો ભારે આઘાત લાગી શકે છે એ વાતનો મને તે દિવસે પહેલી વાર અનુભવ થયો.

સદાસુખીનો પત્ર વાંચતા વાંચતા હું તેની યાદમાં એવો તો ખોવાઈ ગયો કે મને બીજી કોઈ સુધ જ ન રહી. ત્યાર બાદ તેને વિષે અંદરને અંદર કશુંક બબડતો, સમજ ન પડી ક્યારે, હું મોટે મોટેથી બોલવા લાગ્યો, મોટા અવાજે કહેવા માંડ્યો, 'સર્વજ્ઞ ભગવાન શિવાય કોઈ નથી જાણતું કે કોને, ક્યારે, શું થશે? બિચારો અહીંથી સાજો સારો ગયો હતો. હજુ તેને ગયે પૂરૂં અઠવાડિયું પણ નથી થયું કે આ અનર્થ થઈ ગયો.

અંદરથી મારી શ્રીમતીજીનો અવાજ આવ્યો, "અરે ત્યાં એકલા બેઠાં બેઠા કોને, શું કહી રહ્યાં છો? આટલે મોટે મોટેથી શું ભીંત સાથે વાતો કરો છો? અરે, કોને શું થયું? હું પણ સાંભળું કોના વિષે કહો છો? મારા ભાઈને તો કશું થયું નથી ને? એકનો એક જ ભાઈ છે મારો, અને તે પણ-ખેર! જેવો પણ છે...! મારો ભાઈ છે. કહેતાં કહેતાં તેને ગળે ડુમો ભરાઈ આવ્યો અને આંખે જળજળીયાં આવી ગયાં.

મેં કહ્યું, "ના, શ્રીમતિજી! દુઃખી ન થશો. તમારા વહાલા ભાઈને કંઈજ થયું નથી. અને તેને શું થઈ શકે છે, જેની મુઠ્ઠીમાં લોકોની મોત હોય? તે જ્યારે, જેને મૃત્યુલોક મોકલવા ધારે, તેને મોકલી શકે છે. તેને વળી શું થઈ શકે? તેની મોટી મોટી વાતો પરથી તો એવું લાગે છે કે સમજો એ અમર પટો લખાવી આવ્યો છે. પણ યાદ રાખો આ દુનિયામાં અમર પણ અમર નથી રહેતો. એક ને એક દિવસે તેમને પણ ભગવાનને ઘેર જવું પડે છે, મોતના પંજામાથી કોઈ છટકી શકતું નથી.

અરે, અહી આંસૂ પાડવા કરતાં એક વાર ત્યાં જઈ તે ભલા માણસને કહો કે કોઈ વાર ભૂલે ચૂકે ભગવાનનું નામ પણ લીધા કરો. તેને માટે તો આજ કાલ પૈસો જ પરમેશ્વર બની બેઠો છે. રાત-દિવસ પેટને નામે પેટી ભરવાના ચક્કર પડ્યો છે. નથી નીતિ-અનીતનો ખ્યાલ, નથી સાચાં જુઠાનું ઠેકાણું. નેતાગિરી ને નામે દાદાગિરી કરે છે તે અલગ- દયા નામની વસ્તુ તો તેની પાસે છે જ નહી.

કદાચ એ સમજતો હશે કે તેની દાદાગિરીથી યમરાજ પણ ડરી જશે, પણ એવું નહી બને. જે દિવસે મોતનો પૈગામ આવશે,

આ જે કંઈ છે તે બધુ જ, અહી છોડીને સદા સદાને માટે ચાલ્યા જવું પડશે. કેવળ, જે કંઈ ભલું-બુરૂં કર્યું હોય તે જ સાથે આવશે, જેના પરિણામો નરક-નિગોદમાં જઈ ભોગવવા પડશે. માટે હવે તેને સમજાવો કે તે આ બધા ધંધા છોડી, ધરમ-કરમમાં થોડું ધ્યાન આપે.

તેની પાસે પૈસાની શી અછત છે? પણ તે આદતથી મજબૂર છે. જેટલો તે ઉપરથી ગોરો છે અંદરથી તેટલો જ કાળો છે. તેને તો ગાંધી ટોપીને કલંકિત કરી નાખી. તેણે રાજનૈતિક નેતાગિરીને નામે દાદાગિરીની દુકાન ખોલી છે.

પત્નિએ કહ્યું, "તમે તેને માટે આટલાં હેરાન ન થશો. તે આ જન્મમાં તો સુધરી નહી શકે. શું તમને ખબર નથી કે પિતાજી તેને સમજાવી સમજાવીને થાકી ગયાં હતાં, પણ તેમનું તેણે કંઈજ સાંભળ્યું નથી?

તમે એક તરફ બધાને સમજાવો છો કે કોઈ કોઈનું ભલું બુરૂં કરી શકતું નથી અને બીજી બાજુ ભલું કરવાનો આટલો વિકલ્પ! અરે! છોડોને તે નાલાયકની માથાકુટ, મને તો તેની ચર્ચાથી પણ ખીજ આવે છે."

મેં કહ્યું, "અરે શ્રીમતિજી! તમારા તે એકના એક ભાઈની ચર્ચા તમે શરૂ કરી હતી કે મેં? તમે જ તો મારી ધુંધળી સ્મૃતિના ઘાને તાજો કરો છો અને જ્યારે મારૂં મન ભટકી ઉઠે છે ત્યારે તમેજ તેની ચર્ચા છોડવાની વાત કરો છો ઠીક છે! છોડી દઉ છું. પણ શું કરૂં? પોતિકું હોવાથી ક્યારે ક્યારે એવો વિકલ્પ આવે જ છે, કે ભલું થાત જો તે સન્માર્ગે લાગ્યો હોત તો તેનું માનવ જીવન સાર્થક તો થઈ જાત.

ભાવનાવશ બની પત્નિ બોલી, "તમે ઠીક કહો છો લાગણીનું સ્વરૂપ કૈંક એવું જ હોય છે; જે આપ જેવા જ્ઞાનીને પણ ક્યારેક ક્યારેક વિચલિત કરી દે છે તો અમારી શી વિશાત છે? બેન હોવાને નાતે મને પણ તેના પ્રત્યેની લાગણી હેરાન કરે છે. મારી તો કેટલીયે રાતો તેના વિચારમાં બગડે છે. આખી રાત ઉંઘ નથી આવતી. એમ કહેતા કહેતા પત્નિની આંખો ભરાઈ આવી.

આંસું લુછતાં લુછતાં, "એકવાર આપે એમ પણ કહ્યું હતું કે જે કુકર્મો કરવામાં જેટલો શૂરવીર અને દુઃસાહસી હોય છે, જો તે સુધરી જાય તો ધર્મનાં ક્ષેત્રમાં પણ એવીજ શૂરવીરતા બતાવી શકે છે. ધર્મના ક્ષેત્રમાં પણ તેટલો જ સફળ થઈ શકે છે.

શક્ય છે કે તમારો વિકલ્પ ક્યારેક સાર્થક થઇ શકે છે. એ પણ શક્ય છે કે તેનું ભવિષ્ય ઉજ્વલ થવાનું હોય, તેને કારણે આપને તેને માટે આવી કરૂણા થઈ આવી હોય. હું તો એજ ઈચ્છા રાખું છું આપનો વિકલ્પ સાર્થક થાય."

તેણે વાતને વળાંક આપતાં આગળ પુછ્યું, "કોનો પત્ર છે? અને તેમાં શું લખ્યું છે? જેની ચિંતામાં આપ આટલાં ભાવનાશીલ બની ઉઠ્યાં? સદ્ભાગ્યે હવે આપને ઘર પરિવારની કોઈ ચિંતા રહી નથી તો દુનિયાનું ભલું કરવાની ધુન લાગી અને તે પણ એટલી હદે કે ઉંઘ પણ હરામ થઈ જાય! મિયાંજી એમને એમ શહેરની ફીકરમાં દુબલાં પડતાં જાય છે. આ વાત મારી સમજમાં ન આવી. આ તે કોઈ વાત છે ભલા?"

મેં તેની પહેલી વાત સાંભળી ન સાંભળી તેના બીજા પ્રશ્નના ઉત્તરમાં કહ્યું, "વિવેકીને પક્ષઘાતનો હુમલો આવ્યો છે.

લકવો મારી ગયો છે, એવું સદાસુખીએ તેના પત્રમાં લખ્યું છે."

પત્નિએ દિલગીરી વ્યક્ત કરતાં કહ્યું, "અરે રે! એ તો બહુજ ખરાબ થયું!"

બિચારા જતાં જતાં કેટલું કહીને ગયાં હતા કે અમે તરત જ પાછાં આવશું.

મેં વચ્ચે જ કહ્યું, "તે બિચારાઓને ક્યાં ખબર હતી કે તેઓ સદાને માટે વિદાય લઈને જઈ રહ્યાં છે, કદિ પાછાં ફરવાં નહી.

પત્નિએ જીજ્ઞાસા પ્રકટ કરી, "હવે કેમ છે? પક્ષઘાતની અસર ક્યાં ક્યાં અને કેટલા પ્રમાણમાં થઈ છે? હરે-ફરે તો છે ને? પોતાના નિત્યકર્મો માટે પરાધિન તો નથી થયાં ને?"

મેં પત્ર વાંચી સંભળાવતાં જણાવ્યું, "પક્ષઘાતની અસર તો સંપૂર્ણ ડાબા શરીર પર છે. હરવું-ફરવું, ઉઠવું-બેસવું તો સદંતર થંભી ગયું છે.

બિમારીને કારણે વિવેકીની શારીરિક હાલત ઘણી જ ખરાબ થઈ છે. મલમૂત્ર વિસર્જિત કરવામાં પણ મુશ્કેલી થાય છે. ભોજન પણ પોતાને હાથે નથી કરી શકતાં પાણી પીવા સુધીની પરાધિનતા છે. બીજું તો ઠીક મોં પરની માંખી પણ તે ઉડાવી શકતાં નથી.

પણ, એટલું સદ્ભાગ્ય માનો કે મોં, આંખ, કાન અને મગજ પર વધુ અસર નથી થઈ. તેને કારણે વિચારવાની, બોલવાની તેમજ જોવાની-સાંભળવાની શકિત હજુ ક્ષીણ થઈ નથી.

આ સમાચાર સંભળાવતાં અને વિવેકીને જોવા જવાની ભૂમિકા બનાવતાં મેં મારા ધર્મ-પત્નિને કહ્યું, "ધર્મ પ્રેમિયોને

જેટલો પ્રેમ પોતાના વિષય-કષાયો અને સ્વાર્થનાં સાથી સ્ત્રી-પુત્ર અને કુટુંબ પર હોય છે તેથી પણ અનેકગણો સાધર્મીજનો પર હોય છે. તેથી પણ અનેક ગણો વધુ પ્રેમ ધર્માયતનો સાથે, દેવ-શાસ્ત્ર-ગુરૂ તથા જિનબિંબો જિનાલયો અને ધર્મતીર્થો પર અને ધર્મનાં સાધનો પર હોય છે તેથી પણ અનેકગણો વધુ પ્રેમ ધર્મપર-જ્ઞાયક સ્વરૂપ ભગવાન આત્માપર, શુદ્ધાત્મા કે કારણ પરમાત્મા પર હોય છે.

જો એમ હોય તો તેનો ધર્મપ્રેમ સાચો માનવો જોઈયે. અન્યથા તેનામાં સાચો પ્રેમ નથી. એમ જ મનાશે.''

આ વાત સાંભળી પત્નિ મારી ભાવના જાણી ગઈ. તે સમજી ગઈ કે આ લાંબી ચોડી પાર્શ્વભૂમિ હું શા માટે બનાવી રહ્યો છું. આખરે તે પત્નિ પણ કોની છે? તે ઘણાં જ વિનમ્રભાવથી સહાનુભૂતિ પ્રકટ કરતાં બોલી, ''આપ વિવેકીને સંબોધન કરવા તેને ઘરે ચોક્કસ જાઓ. આવા સમયે નહી જશો તો ક્યારે જશો? હું પણ આપની સાથે આવીશ; કારણ આવા સંકટ સમયે પોતાના રહેવાનો, ખાવા-પીવાનો અને અતિથ્યનો બોજો તેમનાં ઉપર નાખવો યોગ્ય નથી. હું આપને તો સાચવીશ જ અને જેમ બને તેમ વિવેકીની પણ સેવા ચાકરી કરવામાં મદદ કરીશ. શું ખબર તેમના કુટુંબીઓ કેટલો સમય કાઢી શકતાં હશે? આખર તે જ એક કામ તેમની સામે નથી. બીજી પણ કોણ જાણે કેટલી મુશ્કેલીઓ હશે.''

હું તેની આ સમજદારીપર નવાઈ પામ્યો. મારી ભાવપૂર્ણ નજર જોઈ તે પાછી બોલી, ''આમ શું જુઓ છો? હું બરાબર જ કહી રહી છું. આવા પ્રસંગે હું મશ્કરી નથી કરી રહી, ચાલો,

ઉઠો અને તૈયારી કરો!

કલ્પના કરો, કદાચ મારા ભાઈ વિષે જ આવાં કોઈ સમાચાર મળત, તો અમે દોડી ગયાં હોત કે નહીં?"

મેં કહ્યું, "અરે શ્રીમતિજી! જાત ચોકસ જાત. ત્યાં ન જાત તો પછી ક્યાં રહેત! મને આ ઘરમાં હજુ ઘણાં દિવસો સુધી રહેવું છે. માટે આવી ભૂલ તો હું કેમ કરી શકું?"

તે બોલી, "આપ તો મારી સાથે હંમેશ મશ્કરી જ કરતાં રહો છો. અરે! હું કહું છું કે ગૃહસ્થ અવસ્થામાં મારા ભાઈ જેવાં સાત વ્યસનિઓ, અધર્મિઓ અને પાપીઓની સાથે પણ વહેવાર નિભાવવો પડે છે, સાચવવો પડે છે, જેમને આપણા મળવાથી કંઈજ ખુશી થતી નથી; અને જેમના હૃદયમાં આપણા માટે કોઈ આદર-ભાવ કે સન્માન પણ નથી હોતો, તે લોકો પણ આપણાં સાધર્મી જ થયાં ને?

સાધર્મીજનોનાં ખબર-અંતર પૂછવાં તેમજ તેમની તન-મન-ધનથી મદદ કરવી તો આપણું પરમ કર્તવ્ય છે. પાછો તે આપણો શિષ્ય છે તેમજ પરમ મિત્ર પણ છે. જ્યારે આપણે વિવેકીને મળશું ત્યારે તેમને કેટલો આનંદ થશે. તેમનું અર્ધું દુઃખ તો એમને એમ જ ઓછું થશે. માટે આપણે આજે જ નિકળવાની તૈયારી કરી લેવી જોઈયે; જેથી તેમને આપના સાન્નિધ્યનો વધારેને વધારે લાભ મળી શકે.

બીજે દિવસે અમે જ્યારે ત્યાં પહોંચ્યા ત્યારે અમે જોયું કે વિવેકી એક ઘણીજ નાની અંધારી ઓરડીમાં એકલો પડ્યો હતો. કદાચ તે ઓરડીએ સૂર્ય પ્રકાશના દર્શન કદાપિ કર્યા જ ન હોય. દિવસે બાર વાગે પણ મીણબત્તી કે બલ્બના પ્રકાશમાં જ એક

બીજાના ચેહરા જોઈ શકતા. ખૂણામાં એક સ્ટૂલ પર જૂનો પંખો મુકેલો હતો, જે માત્ર ખડખડ અવાજથી જ પોતાના અસ્તિત્વનો બોધ કરાવતો હતો. દરવાજાની બહાર એક ઘરડો નોકર બેઠો બેઠો ઝોકાં ખાતો હતો, જે કદાચ તેમની સેવા સશ્રુષા માટે રાખેલો હોય. પણ કદાચ તે બહેરો હશે. અમે ઘણીવાર બોલાવ્યો પણ તેણે કંઈજ સાંભળ્યું નહી.

વિવેકી પાસે પાણીનો એક લોટો અને પ્યાલો મુકેલાં હતાં. મોટે ભાગે પાણીનો પ્યાલો ઉપાડવાની કોશીશ કરતાં પ્યાલો હાથમાંથી સરી પડ્યો અને ફૂટી ગયો હતો. પાણી અને કાચના ટુકડાં હજુ પણ જમીન પર વેરાયેલાં પડ્યાં હતાં. વિવેકી જાગૃત અવસ્થામાં પણ સુતેલા જણાતાં હતાં. તેમના મોંપર માખીઓ બણબણતી હતી. તે બિચારાં આંખના પલકારા અને મલકાવા સિવાય બીજું કંઈજ ન કરી શકવાની સ્થિતિમાં હતા. આવકાર આપ્યો. અમે પણ પાસે પડેલ એક બેંચ પર બેસી ગયાં. તેમને જોઈ અમારી આંખોમાંથી અશ્રૂ સરી પડ્યાં. અમારા આંસુ જોઈ તેમની આંખો પણ ભીની થઈ ગઈ, પણ તેમણે પુછ્યું, "અરે! ગુરૂજી આપની આંખોમાં પાણી!"

મેં મારી કમજોરી છુપાવતાં કહ્યું, "અરે પાગલ! આ તો પ્રેમના અશ્રુ છે."

"અશ્રુઓનું શું કામ છે?"

પછી મે પુછ્યું, "તમારા પરિવારના સભ્યો ક્યાં ગયાં? શું અહી કોઈ નથી?"

વિવેકીએ જવાબ આપ્યો, "અરે ભાઈ! એક દિવસની વાત થોડી જ છે, કે બધાં મારી પાસે અહી બેઠાં રહે. આખરે રોજી

રોટી પણ કમાવાની છે કે નહી. ધંધો પાણી નહી જુએ તો ઘર ખર્ચ કેમ ચાલશે? બહાર નોકર બેઠો છે ને, જરૂરી કામો તે કરી આપે છે.''

મેં કહ્યું, ''કદાચ તે બહેરો છે.''

વિવેકીએ જવાબ આપ્યો, ''હાં ભાઈ! નોકરો મળે છે ક્યાં?''

મારી પત્નિએ વચમાંથી જ વાતને કાપતાં પુછ્યું, ''અને વહુ-દિકરીઓ ક્યાં ગઈ છે!''

વિવેકીએ જવાબ આપતાં કહ્યું, ''છોકરાઓ તો સ્કૂલ-કૉલેજ ગયાં હશે અને વહુઓ આરામ કરતી હશે. તેઓ પણ બિચારી આખો દિવસ કામ કરી થાકી જાય છે. આખરે શરીર જ છે, થોડો ઘણો આરામ તો માગે જ ને?''

હું બેઠા બેઠા વિચાર કરતો હતો. તત્ત્વજ્ઞાનનો પૂરો લાભ તો આ ભલા આદમીએ લીધો છે. આને તો કોઈમાં કંઈ જ ઉણપ દેખાતી નથી. ખરો ઉપગૂહન અંગનો ધારક તો આને કહેવાય.

જાણે કે એ હકીકત છે કે વિવેકીના કુટુંબીજનો મનમાં તેની સેવા કરવાની ભાવના રાખતાં હોય, પણ કોરી સદ્‌ભાવના અને સહાનુભૂતિથી થોડાંજ કોઈના કષ્ટ દૂર થાય છે. કષ્ટો ઓછાં કરવાં ઘણીજ સેવા તેમજ મદદની જરૂર હોય છે; જે તેમને જરાય મળી રહી નથી. છતાંય તેના વિચારો કેટલા ઉચ્ચ છે, કેટલાં ઉદાર છે, કેટલું ગંભીર છે તેમનું ચિંતન !''

મેં જ્યારે તેમના કુટુંબીજનોએ તેના પ્રત્યે રાખેલ વહેવાર પર અસંતોષ વ્યક્ત કર્યો ત્યારે તેનું સ્પષ્ટીકરણ કરતાં તેમણે જે

મહાનતાનો પરિચય આપ્યો. તે વાસ્તવમાં દુનિયા માટે અનુકરણીય છે.

તેમણે કહ્યું, "તેઓ બિચારાં શું કરે? તેઓ મારી સેવા કરવામાં ગમે તેટલાં તત્પર અને જાગૃત કેમ ન રહે પણ મારી દરેક ઈચ્છા સમયસર પૂરી કરવાનું કામ સીધું અને સહેલું નથી. જો દસ વીસ દિવસનો સવાલ હોત તો ઘરનાં બીજા બધાં કામોને પણ ગૌણ ગણી શકાત અને ચોવીસ કલાક પણ ઉભે પગે મારી સેવા કરી શકાત. પણ આ મારી બીમારી એવી નથી, આ તો અનિશ્ચિત કાલ સુધી ચાલે તેવી છે. લાંબા સમય સુધી સાલવાવાળી બીમારી છે. આ કારણથી કુટુંબિઓની સેવા કરવાની હાર્દિક ભાવના હોવા છતાં પણ સેવા આપવામાં થોડી ઢીલાશ આવે તે અસ્વાભાવિક તો નથી જ.

બીજી મહત્વની વાત છે કે રોગીની સારવાર, સેવા સુશ્રુષાના યોગ્ય સાધનો, સગવડોની ઉપલબ્ધિ-અનુપલબ્ધિ પણ તેના પાપ-પુણ્યના ઉદય પર આધાર રાખે છે. તે કારણથી પણ કોઈને દોષી ગણવા યોગ્ય નથી.

હું પોતે જ આ બાબતમાં ઘણો ભાગ્યશાળી છું. જુઓ ને! મારી પત્નિ તો મને છોડી મારા પહેલા સ્વર્ગે પહોંચી ગઈ. જ્યાં સુધી મારા દિકરા-વહુ, પૌત્ર-પૌત્રિઓની વાત છે, તો ભાઈશ્રી! તે બિચારાઓ પર પહેલેથી જ કામનો એટલો બધો બોજો છે કે તેમાંથી ઉંચા આવતા જ નથી. મારી સેવામાં રોકી રાખવાં એટલે તેમનું ભાવિ અંધકારમય બનાવી દેવું. ભણતર અને આજીવિકાથી વંચિત રાખવા. મારી જરા જેટલી સુખ-સગવડ માટે તેમને આટલા મોટા સંકટમાં નાખવાં શું યોગ્ય કહેવાય ભલા!

દિકરાઓએ નવું કામ શરૂ કર્યું છે. એટલે તેના પર પૂરતું ધ્યાન આપવું જરૂરી છે. માટે તેઓ ધારે તો પણ હું પોતે ન ચાહું કે તેઓ મારી પાસે જ બેઠાં રહે.

તેઓ બેસીને કરશે પણ શું? મારૂં દુ:ખ તો મારે જ સહન કરવાનું છે; તેઓ મારૂ દુ:ખ થોડું જ વહેંચી લેશે? અને મને એવું તો ક્યું દુ:ખ છે? મારી ભૂલને કારણે આનાથી પણ અનંતગણા દુ:ખો મેં અનંત વાર સહન કર્યા છે.

જો તેઓ પોતાની વ્યાવસાયિક ઉન્નતિ માટે અથવા પોતાની મોજ-મજા ખાતર પણ મારી તરફ ધ્યાન ન આપે તો પણ મને કંઈજ દુ:ખ કે પશ્ચાતાપ ન થાત, કારણ હું એમ માનું છું કે આ લોકો તો નિમિત્ત માત્ર છે. મારૂં સુખ દુ:ખ તો મારી કરણીનું ફળ છે. તેનાથી તેઓનો શું સંબંધ? વળી તે લોકોએ પોતાની શક્તિ અનુસાર નોકર આદિની ગોઠવણ તો કરી રાખી છે ને? હવે મારા નસીબે નોકર પણ સારો નથી મળ્યો તો તેમાં તે બિચારાઓનો શો દોષ?

નોકર ઘણા જરૂરી નિત્યકર્મો તો પતાવી આપે છે. જોકે તે ક્યારેક કયારેક કલાકો સુધી આમતેમ જાય છે તે કારણથી હું ઘણીવાર પાણી પીવા તથા પેશાબ કરવા અસમર્થ બની જાઉં છું. જુઓ ને પેલો પ્યાલો હાથમાંથી સરી પડ્યો અને ફૂટી ગયો.

પણ કંઈ વાંધો નથી. આ તો ઘણું સારૂં છે. કલાક બે કલાકની ભૂખ તરસથી શો ફેર પડે છે? અનેક પર્યાયો તો એવી મળી, જેમાં નર્કમાં એવી તો ભૂખ અને તરસ છે કે દરિયો ભરી પાણી પીઓ તોય તરસ ન છીપાય અને પાણીનું એક ટીપું પણ ન મળે. ત્રણે લોકોનું સંપૂર્ણ અનાજ ખાવા છતાં ભૂખ મટી સકતી

નથી અને અન્નનો એક દાણો પણ ખાવા મળતો નથી.

અને આપ જે ઓરડીના અંધારા અને ગરમીની વાત કરો છો, મચ્છરોની વાત કરો છો; તો હે ભાઈ! આ મકાનની લગભગ બધી ઓરડીઓ આવીજ છે. જુના જમાનાની બનેલી છે ને? અમે તો એમ વિચારીને સંતોષ માનીએ છીએ કે આપણે અનેકવાર ઉંદર અને સાપ બની દરમાં પણ રહ્યાં છીએ. ત્યાં ક્યા વેંટીલેશન કે ઉઘાડી બારીઓ હતી? અને જ્યારે મચ્છર કરડે છે ત્યારે અમે સમાધિમરણના તે પાઠની પંક્તિઓને યાદ કરીએ છીએ જેમાં સુકુમાર-ગજકુમાર વિગેરે અનેક મુનિરાજોનો ઉલ્લેખ કર્યો છે.

સુખ-શાંતિ અને નિરાકુલતાથી રહેવાનો આ એકજ ઉપાય છે. આપે તો કહ્યું હતું કે નિરાકુલ રહેવા માટે પરિસ્થિતિઓ ને બદલવાનો અનધિકાર પ્રયત્ન કરવા કરતાં વસ્તુ સ્વરૂપનો વિચાર કરી પોતાના પરિણામોને બદલવા ઘણો સીધો અને સરલ ઉપાય જિનાગમમાં છે. આ મહામંત્ર અમે આપ પાસેથી જ શીખ્યા છીએ.

વિવેકીના આ વિચારો સાંભળી મને વિચાર આવ્યો કે, "ધન્ય છે આની ધાર્મિક શ્રદ્ધાને, સહનશીલતા અને સહિષ્ણુતાને; આટલી, પ્રતિકૂલ પરિસ્થિતિ હોવા છતાં મેં તેના કપાળ પર આંટી જોઈ નથી. મે તેમને વાતચીત દરમ્યાન સદા પ્રસન્ન, શાંત અને હસતે ચહેરે જોયાં છે.

જેમ જેમ મિત્રો, ઓળખિતાઓ અને સગાઓને તેમની બિમારીના સમાચાર મળતા ગયાં તેમ તેમ તેઓ સામાન્ય વહેવાર નિભાવવા ખાતર મળવા આવતા, પણ રોગીના દુ:ખદર્દમાં મદદ કરવા, તેને જિનવાણીના બે શબ્દો સંભળાવવા કે તેની પીડા

સાંભળવાનો કોઈની પાસે સમય ન હતો. આવતાની સાથે જ જવાનો વિચાર કરતાં. દસ મિનિટમાં તો બે-ચાર વખત તો ઘડિયાળ સામે જોઈ લેતા. હું વિવેકી પાસે બેઠો બેઠો ખબર કાઢવા આવનારાઓને જ જોતો હતો. તેમના આ પ્રકારના વર્તનથી એવું લાગતું હતું કે આજના મશીન યુગમાં માણસ પણ મશીન જેવો જ હૃદયહીન થઈ ગયો છે. સહાનુભૂતિ કેવળ શબ્દો સુધીજ સીમિત બની ચૂકી છે.

આવવાવાળો દરેક જણ ઘણાજ વિનમ્રભાવથી હાથ જોડી કહેતો, "અમારા લાયક કોઈ કામકાજ હોય તો ચોક્કસ કહેજો" પણ રોગી તેના લાયક કોઈ સેવા બતાવે, તે પહેલાજ તે સાંભળ્યું ન સાંભળ્યું કરતો અને "અચ્છા, તો હું રજા લઉ છું...." કહી આંધીની જેમ આવતો અને તુફાનની જેમ જ ચાલ્યો જતો. ન તો તેને કંઈ સાંભળવાની ફુરસદ હતી કે ન હતી કોઈ જરૂરત.

હું તો લોકોની અત્યંત ઔપચારિકતા અને વિવેકીની સહિષ્ણુતા જોઈ હેરાન થઈ રહ્યો હતો. હું વિચારતો હતો કે, જો વિવેકી પાસે આજે તત્ત્વજ્ઞાનનું બળ ન હોત, અને આ વિદાયની વેળાએ આ બધી પરિસ્થિતિના જ્ઞાતા દૃષ્ટા ભાવથી જાણવા-જોવાનું સામર્થ્ય ન હોત તો શું થાત? આ તો તત્ત્વાભ્યાસનો જ ચમત્કાર છે, જેને કારણે તે જીવે છે.

જે લોકો દુ:ખો ભોગવી ચુકયા છે, તેઓ વિવેકીની ધીરજના, સહનશીલતાના અને સહિષ્ણુતાના વખાણ પણ કરતા; આશ્ચર્ય પણ પ્રકટ કરતાં, પણ વિવેકી ન તો પ્રતિકુલતાથી હેરાન થતાં કે ન તો પ્રશંસાથી હર્ષિત થતાં. સામ્યભાવથી બધુજ સહન કરતા અને પહેલાં સાંભળેલા તત્ત્વજ્ઞાનના ચિંતન, મનનમાં પોતાના

ઉપયોગ (ધ્યાન)ને એકાગ્ર કરવાનો પ્રયત્ન કરતા રહેતા.

વિવેકીના શરીરની દયાજનક સ્થિતિ અને તેમના ચિંતનના અનુકરણશીલ આદર્શ જોઈ ભાવનાવશ મારી આંખો ઘણીવાર ભીની થતી. મારી પત્નિ પણ મારી સાથે પોતાના આંસૂ વહાવતી. મિત્ર પ્રેમથી જ્યાં હું પણ માર ખાઈ બેઠો ત્યાં નારી તો આખર નારી જ ને ! તે તો સ્વભાવથી જ નાજુક અને કોમલ હૃદયી હોય છે.

અમારા બેઉને પોતાની પાસે જોઈ વિવેકી બહુ ખુશ હતાં. તેમને આશા હતી જ કે સમાચાર સાંભળતાજ હું તેમની તે અંતિમ વિદાયના મંગલ પ્રસંગે તેમની પાસે ચોક્કસ પહોંચીશ અને તેમને અંતિમ સમયે સંબોધિત કરીશ.

પણ આ તેમની મહાનતા હતી. તેઓ પોતામાં એટલા સતર્ક અને સાવધાન હતાં કે હવે તેમને કોઈના સંબોધનની જરૂર પણ ન હતી.

વિવેકીએ નિવેદન કર્યું કે, "જાણે કે મેં પોતાનો રોગ અસાધ્ય માની ભક્ત પ્રત્યાખ્યાન નામનું વ્રત લેવાનો સંકલ્પ કરી લીધો છે, પણ જ્યારે આપ આવીજ ગયા છો તો કૃપા કરી તે વ્રતની વિસ્તૃત સમજણ આપી મારી ધારણાને દઢ કરવાનો પ્રયત્ન કરો."

મે ભક્ત પ્રત્યાખ્યાનનું સ્વરૂપ સમજાવતા કહ્યું, "ભક્ત પ્રત્યાખ્યાન સલ્લેખનામાં એવી પ્રતીજ્ઞા લેવી પડે છે કે "હું સમસ્ત પાપારંભ સાવદ્યથી વિરક્ત થઈ, પાંચે પાપોનો ત્યાગ કરી મન, વચન, કાય અને કૃત કારિત અનુમોદનાપૂર્વક વિષય-કષાયની રૂચિ,

શોક, ભય, અવસાદ, અરતિ આદિ કલુશ-પાપ પરિણામોનો પણ ત્યાગ કરી મારા આત્મામાં સ્થિર થાઉં છું."

સમાધિ ધારકનું મૂળ પ્રતિજ્ઞા વાક્ય આ મુજબ છે, **'अहं सर्व सावद्य विरतोऽस्मि भक्त प्रत्याख्यान समाधि मरणं अवधारयामि ।'**

ભક્તનો અર્થ છે આહાર અને 'પ્રત્યાખ્યાન' શબ્દનો અર્થ થાય છે 'ત્યાગ' તે પ્રમાણે ભક્ત પ્રત્યાખ્યાનનો અર્થ છે - 'આહારનો ક્રમે ક્રમે ત્યાગ કરી દેહને કૃશ કરવો તથા 'વ્રત-નિયમ-સંયમ' દ્વારા કષાયોને કૃશ કરી દેહ ત્યાગવો.'

બીજા શબ્દોમાં કહીયે તો પોતાની શારિરીક શકિત મુજબ અને ઉંમરની સ્થિતિ અનુસાર આહાર ઘટાડી દૂધ વિગેરે પેયો પીવા, પછી દૂધ વિગેરે પેય પદાર્થોનો પણ ત્યાગ કરી પોતાની શક્તિના પ્રમાણમાં ઉપવાસ કરી આત્મા અને પરમાત્માનું ધ્યાન ધરી વિષય કષાયોને કૃશ કરતાં દેહ ત્યાગવાને ભક્ત પ્રત્યાખ્યાન સમાધિ કહેવાય છે.

તેનો ઉત્તમ કાળ બાર વર્ષ અને જઘન્યકાળ અંતર્મુહૂર્ત પ્રમાણ છે, આ બેઉ વચ્ચેનો કાળ મધ્યમ છે.

સલ્લેખનાનો ધારક પુરૂષ પોતાના બાહ્યભ્યંતર બળ તેમજ પરિણામોને જાણી, વિષય કષાયોના ત્યાગપૂર્વક શરીરાદિ બાહ્ય સંજોગો તેમજ આહાર આદિનો ક્રમે ક્રમે ત્યાગ કરે છે. તથા જગતના બધા પ્રાણિઓ સાથે જાણ્યે -અજાણ્યે થયેલ અપરાધો પ્રત્યે હિત-મિત-પ્રિય વચનો દ્વારા ક્ષમા માગે છે અને પોતે પણ ક્ષમાભાવ ધારણ કરે છે.

આ સમાધિમરણમાં એવી પ્રતિજ્ઞા લેવાય છે કે, જો ઉપસર્ગ, દુર્ભિક્ષ કે રોગ વિગેરેનો સહજ ભાવે નિવારણ થઈ જશે તો જ આહાર ગ્રહણ કરશે. નહી તો મરણ સુધી અન્નાદિ આહારનો સર્વથા ત્યાગ છે જ !

ઉપર જણાવેલ કથન અનુસાર વિવેકીએ સંકલ્પ કર્યો હતો કે સર્વ પાપોનો ત્યાગ કરૂં છું. મારો બધા જીવોમાં સમતાભાવ છે. કોઈ સાથે વેર-ઝેર નથી, હું બધાં વિઘ્નો-બાધાઓને છોડી સમાધિ ગ્રહણ કરૂં છું. કષાય રહિત થવાનો પ્રયત્ન કરૂં છું, તથા સ્વરૂપમાં એકાગ્રતા કરી તેમાં રમવા-સ્થિર થવાનો સંકલ્પ કરૂં છું.

હું આહારના નામનો, સંપૂર્ણ આશાઓનો અને મમત્વભાવનો ત્યાગ કરવા, ક્રમે ક્રમે અન્નાહારનો પણ ત્યાગ કરી, ક્રમે ક્રમે દુગ્ધાહાર પર રહીશ, પછી દુગ્ધાહારનો પણ ત્યાગ કરીને તત્ત્વજ્ઞાનના બળથી કષાયોને કૃષ કરતા કરતા દેહનો ત્યાગ કરીશ, આવો સંકલ્પ કરી વિવેકી સમાધિની સાધના કરવાની તૈયારી કરવા લાગ્યો.

"કોઈ ગમે તેટલો રાગી દ્વેષી કે વૈરાગી કેમ ન હોય પણ જીવનની છેલ્લી પળોમાં, ચિર વિદાયની મંગળ વેળાએ તો સામાન્ય રીતે બધાને અંદરથી તો પોતાના સગા સંબંધીઓને મળવાની, તેઓને સંબોધવાં, સમજાવવા તથા તેમના તરફ થયેલ પોતાના અપરાધોની ક્ષમા યાચના કરવા-કરાવવાની ભાવના જાગૃત તો થઈ જ જાય છે.

જો સલ્લેખના ધારકે તત્ત્વાભ્યાસ કરી જિનાગમના પરિપ્રેક્ષ્યમાં સમાધિપૂર્વક જીવવું શીખી લીધું હોય, વેર-ઝેરના દુષ્પરિણામોને જાણી લીધા હોય તથા પોતાના અભાવમાં સ્નેહી અને મોહી

માતા-પિતા તેમજ સ્ત્રી-પુત્રાદિને થનાર અને કલ્પના ન કરી શકાય એવા દુઃખોની જાણ કરી લીધી હોય, ત્યારે તો તેને તેઓને સંબોધવાનો ભાવ વધારે ને વધારે જાગૃત થાય છે; કે જેથી અંતિમ વિદાય વેળાએ કોઈ આંસુ ન વહાવે, રડે નહી, દુઃખી ન થાય.

વાસ્તવમાં જ્ઞાની પૂર્ણ નિર્વિકલ્પ થઈને જ, બધાના મોહ મમત્વનો ત્યાગ કરી પોતાનો પ્રાણ ત્યાગવા માગતો હોય છે, માટે તે બધાને સમજાવે છે.

આ તથ્યોથી સુપરિચિત વિવેકીએ પોતાના કુટુંબિઓ તેમજ સંબંધિઓને સંબોધિત કરી લૌકિક સંબંધોથી ભેદજ્ઞાન કરાવતાં કહ્યું; "બધા જ સંબંધો શરીરના સંબંધો છે. જ્યાં સુધી આ શરીર છે ત્યાં સુધી તમે બધા સગા-સંબંધી છો. શરીર બદલાતાની સાથે જ બધા સંબંધો બદલાઈ જશે. શરીરથી જ આ સંબંધોની પહેચાન છે. કહો આત્માને કોણ ઓળખે છે? જ્યારે કોઈએ કોઈના આત્માને ક્યારેય જોયો ન હોય તો તેને ઓળખે પણ કેવી રીતે?

વિવેકી આગળ બોલ્યો, "હે આ શરીરના ભાઈ બંધુઓ! દિકરા-દિકરીઓ! અને કુટુંબીજનો! મારો આપ સૌ સાથે કોઈ સંબંધ નથી. બધા સંબંધો જેની સાથે હતાં તેનાથી જ (શરીરથી) મેં સંબંધ વિચ્છેદ કરી લીધો છે.

તો હવે તમારી સાથે પણ મારો શો સંબંધ? જ્યારે દેહ પણ મારો નથી તો દેહના સંબંધીઓ પોતાના શી રીતે થઈ શકે? માટે મારી સાથેની મોહ-મમતા છોડો. હું આ દુઃખદાયી મોહથી મોં ફેરવી લઈ બધા સાથેનો સંબંધ છોડવા માગું છું. આમ કર્યા વગર સુખી થવાનો અન્ય કોઈજ ઉપાય નથી.

માટે બધાં એવો વિચાર કરો -'હું શરીર નથી. હું તો એક અખંડ જ્ઞાનાનંદ સ્વભાવી અનાદિ અનંત તેમજ અમૂર્તિક આત્મા છું, તથા આ શરીર મારાથી સર્વથા ભિન્ન જડ સ્વભાવી, સાદિ-શાંત, મૂર્તિક પુદ્ગલ છે. એની સાથે મારો કોઈ સંબંધ નથી.

જેને આપે કદિ જોયો નથી, નથી ઓળખ્યો તેનો મોહ કેવો? માટે મારી સાથેના રાગ-દ્વેષનો ભાવ છોડો. હું પણ આપ સર્વ પ્રત્યેના મોહ તેમજ રાગ-દ્વેષ છોડવા માગું છું. આપ લોકો મારા મહાપ્રયાણ બાદ, દુઃખી-કષ્ટી ન થશો; તથા આત્મા-પરમાત્માની સાધના-આરાધનામાં સદા તત્પર રહેશો.

બસ, મારો આપને આ જ સંદેશ છે, ઉપદેશ છે, આદેશ છે અને આશીર્વાદ છે. તેને જે સ્વરૂપે ચાહો ગ્રહણ કરો. પણ આ કલ્યાણને માર્ગે અવશ્ય લાગી જાઓ. આ સુવર્ણ-અવસરને એમ ને એમ ન જવા દો.''

વિવેકીની આ આદર્શ સમાધિ અને ઉત્કૃષ્ટ ભાવના જ્યાં એક તરફ મને આનંદ આપતાં હતાં ત્યાં બીજી તરફ કાંઈક ઈર્ષા પણ.....હું ભાવનાશીલ થઈ ગયો. મારી આંખોમાં આંસુઓની ધાર લાગી ગઈ, જેને લુંછવાનું કામ અઘરૂં થઈ ગયું હતું. હું અજાણ હતો, વિચાર કરતો હતો કે લોકો શું કહેશે? આ, તે કેવાં ગુરૂજી છે? જો કે, કોઈએ કહી દીધું હતું - કે 'શું આ બધું જ્ઞાન બીજાઓને સમજાવા ખાતર જ હોય છે કે?.... તો હું શું મોઢું બતાવીશ?

મે મારા મનને ઠપકારતાં કહ્યું, ''કેમ, ગુરૂ બનવું કેવું રહ્યું? મોટા ગુરૂ બનવા નિકળ્યાં હતાં તે! જ્ઞાની હોવાનો દંભ કરો છો, આ શું થયું? સ્ત્રીઓની જેમ ભાવનાશીલ/લાગણીવશ થઈ આંસુ શા માટે વહાવો છો? ક્યાં ગયું તે તમારૂં તત્ત્વજ્ઞાન? તમારા આ

આંસુ જોઈ જ્યારે કોઈ કહેશે કે વાહ ભાઈ વાહ! ગુરૂ તો ગુરૂ જ રહી ગયા અને ચેલો મહાગુરૂ બની ગયો ?''

મારા મનને બીજે ખૂણેથી અવાજ આવ્યો. કહેવા દો કહેવા દો, કાંઈ વાત નથી, હું પણ કહી દઈશ, આખરે ચેલો કોનો છે?''

આવી રીતે હું પોતાના મનમાં ચાલી રહેલ અંતર્દ્વન્દને શાંત કરી વિવેકીને વિદાય આપવાનું સાહસ ભેગું કરી રહ્યો હતો કે જોતજોતામાં વિવેકીએ આંખો ઢાળી દીધી. સમજો તે અતીંદ્રિય આનંદમાં નિમગ્ન થઈ નિર્વિકલ્પ થવાનો પુરૂષાર્થ કરી રહ્યો હતો!

હું તેની આંખો ખુલવાની વાટ જોતો રહ્યો, પણ તે ખુલી જ નહી! મોં પર હાથ ફેરવી જોયો તો જાણ્યું કે તે મોહ-માયા સાથે સંઘર્ષ કરતાં કરતાં સ્વરૂપને સહારે મૃત્યુંજયી બની ગયો છે. અમર થઈ ગયો છે. એમ મેં વિદાય તો ઘણાને ઘણીવાર આપી છે, પણ ધન્ય હતો એ વિવેકી, જેણે પોતાની અંતીમ વિદાયની વેળા સાર્થક અને સફળ બનાવી લીધી હતી.

ૐ શાંતિ...... શાંતિ...... શાંતિ.......!